સીટી માટે

પાનાં : ૧૨ + ૧૬ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૯ નવેમ્બર ૨૦૨૬ સોમવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૦)) વર્ષ : ૯૪, અંક : ૩૦૫ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

વાંચન વિશેષ

બિઝનેસ + સહિયર

સાત દિવસની રોકેટ તેજી બાદ ઈન્વેસ્ટરોની મીડકેપ અને સ્મોલ શેરોમાં ધૂમ ખરીદી

સંવત ૨૦૮૩ના મૂહુર્તમાં પ્રોફિટ બુકિંગથી રોકાણકારોને કમાણી

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, તા.૮

સંવત ૨૦૮૨ના અંતિમ દિવસોમાં શેરોમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ, એઆઈઆઈઝ)ની અણધારી તોફાની તેજીને પરિણામે બજાર રોકેટ બન્યા બાદ આજે સંવત ૨૦૮૩ના આરંભના મૂહુર્ત ટ્રેડિંગ સત્રમાં ભારતીય શેર બજારોમાં ફંડો, મહારથીઓએ ઈન્ડેક્સ બેઝડ ઓવરબોટ પોઝિશન હળવી કરવારૂપી વેચવાલી કરીને પ્રોફિટ બુકિંગ કર્યું હતું. જો કે, બી ગ્રુપ, સ્મોલ, મિડ કેપ શેરોમાં આજે મૂહુર્ત ટ્રેડિંગ સત્રમાં શેરોમાં વ્યાપક ખરીદીનું આકર્ષણ જોવાયું હતું.

મૂહુર્ત ટ્રેડિંગમાં વ્યાપક ખરીદીથી બીએસઈની કુલ માર્કેટ કેપ રૂ. બે લાખ કરોડ વધીને રૂ. ૫૦૫ લાખ કરોડ થઈ

કોર્પોરેટ પરિણામોનું આજે પસંદગીના શેરોમાં આકર્ષણ રહ્યું હતું. ઈન્ડેક્સ બેઝડ આરંભિક તેજીમાં ફાર્મા જાયન્ટ સન ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ સાથે મેટલ જાયન્ટ ટાટા સ્ટીલ સહિતના પરિણામોના આકર્ષણે સેન્સેક્સે ૪૧૪.૦૯ પોઈન્ટ ઉછળીને ઉપરમાં ૮૧૪૪૨.૧૧ સુધી જઈ પાછો ફરીને નીચામાં ૮૦૮૩૨.૪૨ સુધી આવી અંતે ૨૮.૬૨ પોઈન્ટ ઘટીને ૮૦૯૯૯.૪૦ બંધ રહ્યો હતો.

જ્યારે નિફ્ટી સ્પોટ આરંભમાં ૧૦૧.૫૦ પોઈન્ટ ઉછળીને ઉપરમાં ૨૫૧૩૧.૮૫ સુધી જઈ પાછો ફરીને નીચામાં ૨૪૯૮૫.૩૦ સુધી આવી અંતે ૪૩.૯૫ પોઈન્ટ ઘટીને ૨૪૯૮૬.૪૦ બંધ રહ્યો હતો. સેક્ટરલ ટ્રેન્ડમાં આજે સન ફાર્મા પાછળ હેલ્થકેર શેરોમાં તેજી રહી હતી.

આ સાથે કેપિટલ ગુડઝ-પાવર શેરોમાં ઓવરસોલ્ડ પોઝિશન હળવી થતી જોવાઈ હતી. ઓટો, મેટલ શેરોમાં સિલેક્ટિવ ખરીદી રહી હતી. જ્યારે બેંકિંગ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, આઈટી શેરોમાં ફંડો વેચવાલ રહ્યા હતા.

સન ફાર્મા, ટાટા સ્ટીલ, મારૂતીમાં મજબૂતી

સેન્સેક્સના ૩૦ શેરો પૈકી ૧૬ શેરો પોઝિટીવ રહ્યા સામે ૧૪ શેરો નેગેટીવ બંધ રહ્યા હતા.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૩૦.૩૦ ઘટીને રૂ.૩૨૬૪.૭૦, ઈન્ડિગો રૂ.૪૭.૮૫ તૂટીને રૂ.૫૪૧૨.૦૫, ટ્રેન્ટ રૂ.૨૪.૯૦ તૂટીને રૂ.૩૦૫૦.૧૦, ઈન્ફોસીસ રૂ.૮.૬૫ ઘટીને રૂ.૧૧૭૨,

(અનુસંધાન ૯મે પાને)

હેલ્થકેર, કેપિટલ ગુડઝ શેરોમાં ફંડોની તેજી

બી ગ્રુપના ૧૪૩૫ શેરોમાં તેજી

સેન્સેક્સ, નિફ્ટી બેઝડ ઉછાળે પ્રોફિટ બુકિંગ સામે રિટેલ ઈન્વેસ્ટરો, લોકલ ફંડોએ બી ગ્રુપ, સ્મોલ, મિડ કેપ શેરોમાં નોંધપાત્ર ખરીદી કરી હતી. બીએસઈમાં આજે ટ્રેડ થયેલી ૪૪૬૫ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૩૨૫૩ રહી હતી. જ્યારે ઘટનાર ૯૪૭ રહ્યા હતા. આ વધનાર શેરો પૈકી બી ગ્રુપના ૧૪૩૫ શેરોમાં તેજી સાથે એ ગ્રુપના ૫૩૦ શેરોમાં તેજી જોવાઈ હતી.

બોધડક -મંજુલ



છેલ્લા દશકામાં આપણે નફરતના ખરાબ પ્રદૂષણથી એટલા બધા ટેવાઈ ગયા છીએ કે હવે કંઈ પણ કરવાથી કોઈ ફરક નહીં પડે !

કરીના, પ્રિયંકા સહિતના સ્ટાર્સની હેપ્પી દિવાળી



દિવાળીના તહેવાર નિમિત્તે બોલિવૂડના સ્ટાર્સે સોશિયલ મીડિયા પર ખાસ તસવીરો અને મેસેજ શેર કરીને ફેન્સને શુભેચ્છાઓ પાઠવી હતી. કોઈએ પરિવાર સાથેની યાદગાર પળો શેર કરી હતી તો કોઈએ મીઠાઈ, દીવા અને ટ્રેડિશનલ આઉટફિટ સાથે તહેવારની ઉજવણીની ઝલક બતાવી હતી. કરીના કપૂરે દિવાળીની ઉજવણી દરમિયાન બહેન કરિશ્મા કપૂર અને માતા-પિતા રણધીર કપૂર તથા બબીતા કપૂર સાથેની તસવીર શેર કરી હતી. તેણે પોસ્ટમાં લખ્યું હતું કે, દિવાળી હોય કે અન્ય કોઈ પ્રસંગ, માતા-પિતાને પ્રેમ કરવો અને તેમની સાથે સમય વિતાવવો સૌથી મહત્ત્વનું છે. પ્રિયંકા ચોપરા જોનાસે પતિ નિક અને દીકરી માલતી મેરી સાથે દિવાળીની ઉજવણીની કેટલીક તસવીરો શેર કરી હતી. અમેરિકામાં રહેતી હોવા છતાં પ્રિયંકાએ ભારતીય તહેવારની પરંપરા જાળવી રાખી છે. સારા અલી ખાને ભાઈ ઈબ્રાહિમ અલી ખાન અને ફેમિલીના અન્ય મેમ્બર્સ સાથેની તસવીરો શેર કરી હતી. સિદ્ધાર્થ મલ્હોત્રાએ હાથમાં મીઠાઈનું બોક્સ લઈને તસવીર શેર કરી હતી. ભૂમિ પેડણેકરે દીવાઓની થાળી સાથેની તસવીરો શેર કરી હતી. કેબીસીમાં બ્રેક વચ્ચે અમિતાભ બચ્ચનની તબિયત ખરાબ હોવાની અટકળો ચાલી રહી હતી. આ વચ્ચે તેઓ દિવાળીની શુભેચ્છા પાઠવવા ફેન્સને મળ્યા હતા અને અટકળોનો સુખદ અંત આવ્યો હતો.

પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈરાન યુદ્ધ વકરવાની આશંકા

હોર્મુઝમાં નાકાબંધી યથાવત્ : અમેરિકા અને ઈરાનનો કાર્ગો જહાજો પર ભીષણ હુમલો

(પીટીઆઈ) જેરુસલેમ/દુબઈ, તા.૮

પશ્ચિમ એશિયામાં ઈરાનના કેશમ ટાપુ પર સતત બે દિવસ સુધી હુમલા કર્યા પછી અમેરિકાએ મુસ્લિમ દેશ પર તેનો સકંજો વધારે મજબૂત બનાવ્યો છે ત્યારે હોર્મુઝની ખાડીમાં કોમર્શિયલ જહાજો માટે અમેરિકા અને ઈરાનની નાકાબંધી યથાવત રહી છે. ઓમાનની ખાડીમાં ઈરાને ત્રણ કોમર્શિયલ જહાજો પર હુમલા ચાલુ રાખ્યા છે. બીજીબાજુ ઈરાનની સેનાએ પણ ઓમાનની ખાડીમાં એક કાર્ગો જહાજ પર હુમલો કર્યો હતો. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે કોમર્શિયલ જહાજ પર તેની નાકાબંધી તોડવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ કર્યો હતો. બીજીબાજુ હુથી બળવાખોરોએ સાઉદી અરબની રાજધાની રિયાધ અને ઓઈલ રિફાઈનરી અરામકોની ઈમારત પર હુમલા કર્યા હતા.

હુથી બળવાખોરોએ મિસાઈલથી સાઉદીમાં રિયાધ એરપોર્ટ, અરામકો રિફાઈનરી સહિતના સ્થળોનો કચ્ચરઘાણ કાઢ્યો

અમેરિકન સેનાએ કહ્યું કે, ઓમાનની ખાડીમાંથી પસાર થઈ રહેલા એક કોમર્શિયલ જહાજના ક્રૂને વારંવાર ચેતવણી અપાઈ હતી, પરંતુ તેમણે તેની અવગણના કરી હતી. આ જહાજ ઈરાનના એક પોર્ટ પર રોકાયા પછી અમેરિકન નાકાબંધી તોડીને હોર્મુઝની ખાડીમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો હતો. અમેરિકન સૈન્ય વિમાને સેન્ટ કિટ્સના ઝંડાવાળા માલવાહક જહાજ એમવી હુડાના પાછળના ભાગને નિશાન બનાવતા સચોટ હુમલો કર્યો હતો. જહાજના ક્રૂને અગાઉથી જ ચેતવણી આપી દેવાઈ હોવાથી આ હુમલામાં કોઈ જાનહાની થઈ નહોતી.

અમેરિકન સેનાએ ક્ષેત્રમાં બધા જ કોમર્શિયલ જહાજોના સંચાલકોને ચેતવણી આપી છે કે તેઓ ઈરાનના દરિયાકાંઠાના વિસ્તાર અને આજુબાજુના સમુદ્રી માર્ગો પરથી પસાર થતી વખતે અમેરિકન સેનાના નિર્દેશોનું પાલન કરે. અમેરિકન સેના મુજબ જુલાઈથી તેની નાકાબંધી લાગુ થયા પછી અત્યાર સુધીમાં ૧૪૭ કોમર્શિયલ જહાજોને રોકીને તેમનો રસ્તો બદલવા

(અનુસંધાન ૯મે પાને)

ઈરાનના દરિયાકાંઠા અને આજુબાજુના સમુદ્રી માર્ગોમાંથી પસાર થતા કાર્ગો જહાજોને નિર્દેશોનું પાલન કરવા અમેરિકાની ચેતવણી

રશિયા-અમેરિકાએ ભારત-ભારતીયોને દિવાળીની શુભેચ્છા પાઠવી

સિએટલમાં દિવાળીની ઊજવણીમાં હિન્દુ વિરોધી દેખાવોથી હોબાળો

સિએટલ/નવી દિલ્હી, તા.૮

ભારતમાં દિવાળીના તહેવારની ધામધૂમથી ઊજવણી થઈ રહી છે ત્યારે વિદેશમાંથી પણ શુભેચ્છાઓ અપાઈ રહી છે. રશિયા અને અમેરિકાએ ભારત અને ભારતીય સમુદાયને દિવાળીના તહેવારની શુભેચ્છા પાઠવી છે. બીજીબાજુ અમેરિકાના સિએટલમાં દિવાળીની ઊજવણીમાં કટ્ટરવાદી જેક લેંગે હિન્દુ વિરોધી દેખાવો કરતા હોબાળો મચી ગયો હતો. અમેરિકન સાંસદ પ્રમિલા જયપાલે આ દેખાવોની આકરી ટીકા કરી હતી.

કટ્ટરવાદી જેક લેંગ સાથે દેખાવકારો 'ખ્રિસ્તીઓની જગ્યાએ હિન્દુઓને લાવવાનું બંધ કરો' જેવા પ્લેકાર્ડ્સ સાથે કાર્યક્રમમાં ઘૂસ્યા

અમેરિકાના સિએટલ શહેરમાં સિએટલ સેન્ટર ફેસ્ટલના ભાગરૂપે સિએટલ સેન્ટર આર્મરીમાં દિવાળીના તહેવારની ઊજવણી થઈ રહી હતી. તે સમયે કટ્ટરવાદી એક્ટિવિસ્ટ જેક લેંગ અને તેના સાથીઓ 'ખ્રિસ્તીઓની જગ્યાએ હિન્દુઓને લાવવાનું બંધ કરો' અને 'બધા ડોટ હેડ્સને દેશમાંથી કાઢી મૂકો' જેવા પ્લેકાર્ડ્સ સાથે કાર્યક્રમમાં ઘૂસી આવ્યા હતા અને ત્યાં શાંતિથી થઈ રહેલી



નફરતપૂર્ણ અને ભેદભાવવાળા દેખાવોનું સિએટલ કે અમેરિકામાં કોઈ સ્થાન નથી : પ્રમિલા જયપાલ

તહેવારોની ઊજવણીમાં અવરોધો ઊભા કર્યા હતા.

સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં જોવા મળે છે કે કટ્ટરવાદી જેક લેંગ અને તેમના કેટલાક સાથી હિન્દુ-વિરોધી સૂત્રો લખેલા પ્લેકાર્ડ લઈને દિવાળી કાર્યક્રમમાં ઘૂસી આવ્યા હતા. પ્રત્યેક વર્ષે યોજાતા આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં અંદાજે ચાર લાખથી વધુ લોકો ભાગ લે છે. જોકે, દેખાવકારોને એસ્કોર્ટ કરીને કાર્યક્રમમાંથી બહાર લઈ જવાયા હતા.

જેક લેંગ વ્હાઈટ રિપ્લેસમેન્ટ સંગઠન સાથે જોડાયેલો છે અને તે ટ્રમ્પના પહેલા કાર્યકાળના અંતે ૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ અમેરિકન સંસદ યુએસ કેપિટોલ પર થયેલા હુમલામાં જોડાયેલો હતો. તેને ચાર વર્ષની કેદ થઈ હતી અને ૨૦૨૫માં ફરી પ્રમુખ બન્યા પછી પહેલા જ દિવસે

(અનુસંધાન ૯મે પાને)

આઈઝેનકોટની ઈઝરાયેલની સેનાને ચેતવણી

ઈરાનના પરમાણુ હથિયારો માટેના પ્રયત્નો યથાવત્ : ઈઝરાયેલનો દાવો

તેલ અવીવ, તા.૮

ઈઝરાયેલમાં વડાપ્રધાન નેતન્યાહુની સત્તા જોખમમાં છે ત્યારે ઈરાન સાથે યુદ્ધ અંગે અનિશ્ચિતતા ચાલી રહી છે. જોકે, ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી ઈઝરાયેલ કાટ્ઝે રવિવારે જણાવ્યું કે ઈરાન સાથે લડાઈ હજુ ખતમ નથી થઈ. સાથે તેમણે દાવો કર્યો કે ઈરાનના પરમાણુ હથિયારો બનાવવાના પ્રયત્નો હજુ પણ ચાલુ જ છે.

નેતન્યાહુએ ઈઝરાયેલમાં મતદાન પહેલા ઈરાન પર હુમલાની તૈયારી કરી હતી, અમેરિકાએ રોક્યું

સંરક્ષણ મંત્રી ઈઝરાયેલ કાટ્ઝે કહ્યું કે, ગયા વર્ષથી અત્યાર સુધીમાં અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલા કરવા છતાં તેના પરમાણુ હથિયારો બનાવવાના પ્રયત્નો હજુ ચાલુ છે. ઈઝરાયેલ માટે વાસ્તવિક જોખમ હવે ઊભું થયું છે. દરમિયાન ઈઝરાયેલની ચેનલ ૧૨એ એક રિપોર્ટમાં દાવો કર્યો હતો કે મોસાદે ૨૭ ઓક્ટોબરે ઈઝરાયેલમાં મતદાન પહેલાં જ ઈરાન પર હુમલા કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ અમેરિકાને આ ઓપરેશનની

(અનુસંધાન ૯મે પાને)

૧૯ વર્ષ જૂના નેતન્યાહુના શાસનના અંતની સંભાવના

ઈઝરાયેલમાં આઈઝેનકોટને આમંત્રણ, નવી સરકાર રચવા કાઉન્ટડાઉન શરૂ

(પીટીઆઈ) તેલ અવિવ, તા.૮

ઈઝરાયેલમાં ગયા મહિનાના અંતે યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતી નહીં મળતા રાજકીય કોકડું ગૂંચવાયું હતું. જોકે, હવે પ્રમુખ આઈસાક હર્ઝોગે શનિવારે વિપક્ષના નેતા ગાદી આઈઝેનકોટને ગઠબંધન સરકાર બનાવવા આમંત્રણ આપ્યું છે. આથી, આઈઝેનકોટ પીએમપદની રેસમાં એક ડગલું આગળ વધ્યા છે. આ સાથે દેશમાં સૌથી લાંબા સમયના નેતન્યાહુના શાસનનો અંત આવવાની સંભાવના છે.

ગાદી આઈઝેનકોટ પાસે આરબ પાર્ટી, નેતન્યાહુ અથવા અલ્ટ્રા ઓર્થોડોક્સનું સમર્થન મેળવવાનો વિકલ્પ

ઈઝરાયેલના પ્રમુખ આઈસાક હર્ઝોગે યાશર પાર્ટીના અધ્યક્ષ આઈઝેનકોટને નવી ગઠબંધન સરકાર બનાવવા માટે છ સપ્તાહ એટલે કે દોઢ મહિનાનો સમય આપ્યો છે. પ્રમુખ હર્ઝોગે કહ્યું દેશની સંસદ નેસેટના મુખ્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા પછી મુખ્ય વિપક્ષના નેતા આઈઝેનકોટને સરકાર બનાવવા આમંત્રણ આપવાનો નિર્ણય લેવાયો હતો. પ્રમુખ હર્ઝોગના આ પગલાંથી ઈઝરાયેલમાં ૧૯ વર્ષથી શાસન કરનારા લિકુડ પાર્ટીના પીએમ બેન્જામિન નેતન્યાહુને મોટો ફટકો પડ્યો હોવાનું મનાય છે.

ગયા મહિનાના અંતમાં યોજાયેલી સંસદીય ચૂંટણીમાં નેતન્યાહુ અને તેમના સાથીઓએ બહુમતી ગુમાવી હતી, પરંતુ આઈઝેનકોટના નેતૃત્વમાં વિપક્ષને પણ બહુમતી મળી નહોતી. જેથી આ ચૂંટણીમાં ઐતિહાસિક ૧૯ બેઠકો જીતનારી બે આરબ પાર્ટીની નવી ગઠબંધન સરકારની રચનામાં મહત્વની ભૂમિકા થઈ ગઈ છે.

પ્રમુખ હર્ઝોગે આમંત્રણ આપ્યાથી જ આઈઝેનકોટ નવી સરકાર બનાવી લેશે તે નિશ્ચિત નથી. આઈસેનકોટ પાસે ગઠબંધન

(અનુસંધાન ૯મે પાને)

વિપક્ષ અને આરબ પાર્ટીઓનું ગઠબંધન ઈઝરાયેલને બરબાદ કરી નાંખશે : નેતન્યાહુ

દિલ્હીની વાત

દિલ્હીના પ્રદુષણ પર રાજકીય સવાલ

નવીદિલ્હી, તા. ૮

જ્યારે શિયાળો આવે છે ત્યારે દિલ્હીમાં પ્રદુષણ વધી જાય છે. દરેક રાજકીય પક્ષ આ માટે અલગ અલગ કારણો આપે છે. ત્યાર પછી શરૂ થાય છે

(અનુસંધાન ૯મે પાને)

૧૧ અબજ ડોલરનું ફંડિંગ મેળવ્યું

ઓપનએઆઈનું વેલ્યુએશન ૧.૨૫ ટ્રિલિયન ડોલર થયું

વોશિંગ્ટન, તા.૮

ચેટજીપીટી બનાવતી અમેરિકાની એઆઈ કંપની ઓપનએઆઈએ ૧.૨૫ ટ્રિલિયન ડોલરના વેલ્યુએશન સાથે ૧૧ અબજ ડોલરનું નવું ફંડિંગ મેળવ્યું છે. આ ફંડિંગ કંપનીના મોટા રોકાણ રાઉન્ડનો પ્રથમ તબક્કો છે. આ

(અનુસંધાન ૯મે પાને)

ચેટજીપીટી બનાવનારી કંપનીએ માર્ચ મહિનામાં ૧૨૨ અબજ ડોલરનું ફંડિંગ મેળવ્યું હતું

ભારત ૪૦થી વધુ દેશોમાંથી ક્રૂડની આયાત કરે છે

સમુદ્રમાં પ્રવાસ કરી રહેલા ટેન્કરોમાંના ક્રૂડનો જથ્થો ૧.૨૮ અબજ બેરલની નવી ટોચે

નવી દિલ્હી, તા. ૮

ક્રૂડ ઓઈલનાં ભાવમાં તાજેતરમાં જ ઘણી વધ ઘટ જોવા મળી છે. અમેરિકાની મિડ ટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સનાં ભારે વિજય પછી પશ્ચિમ એશિયામાં શાંતિની આશા જન્મી છે. જેના કારણે ક્રૂડ ઓઈલનાં ભાવ ઘટીને ૧૦૦ ડોલરની આસપાસ આવી ગયા છે.

ટ્રાન્ઝિસ્ટ ઓઈલ ભારતની આઠ મહિનાની ડિમાન્ડ પૂર્ણ કરી શકે છે :ટ્રાન્ઝિસ્ટ ઓઈલમાં ૧૮ કરોડ બેરલથી વધુનો વધારો

આ દરમિયાને વિશ્વમાં ટ્રાન્ઝિસ્ટ (સમુદ્રમાં યાત્રા કરી રહેલ) ક્રૂડ ઓઈલનું વોલ્યુમ ઓલ ટાઈમ હાઈએ પહોંચી ગયું છે. એક રિપોર્ટ અનુસાર હાલમાં ૧.૨૮ અબજ બેરલ ક્રૂડ ઓઈલ ટ્રાન્ઝિસ્ટમાં છે જે ભારતની આઠ મહિનાની ડિમાન્ડ પૂર્ણ કરી શકે છે.

ટ્રાન્ઝિસ્ટમાં ચાલી રહેલા ક્રૂડનાં પ્રમાણમાં તાજેતરનાં દિવસોમાં ૧૮ કરોડ બેરલથી વધુનો વધારો થયો છે. તેનું કારણ એ છે કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અને બીજા વૈકલ્પિક માર્ગો દ્વારા ખાડીથી આવનારા ક્રૂડ ઓઈલનાં સપ્લાયમાં સુધાર થયો છે.

ક્રૂડ ઓઈલની આયાત કરનારા દેશ દૂરનાં દેશો પાસેથી ઓઈલ મંગાવી રહ્યાં છે જેના કારણે જહાજોને લાંબો માર્ગ પસાર કરવો પડે છે. જેના કારણે ટ્રાન્ઝિસ્ટમાં ક્રૂડ ઓઈલનું પ્રમાણ વિક્રમજનક સ્તરે પહોંચી ગયું છે.

ભારત ૪૦થી વધુ દેશોમાંથી ક્રૂડ ઓઈલની આયાત કરે છે. તાજેતરનાં મહિનાઓમાં ભારતે વેનેઝુએલા પાસેથી પણ તેલની આયાત શરૂ કરી છે. ભારતથી વેનેઝુએલાનું અંતર લગભગ ૧૫૦૦૦ કિમી છે.

વેનેઝુએલા પાસે વિશ્વનું સૌથી મોટો તેલ ભંડાર છે. એક ઓઈલ ટેન્કરને વેનેઝુએલાથી ભારતક પહોંચવામાં લગભગ ૪૫થી ૬૦ દિવસનો સમય લાગે છે. જો કે આ બાબત રૂટ અને હવામાન પર આધારિત છે. ઓક્ટોબરમાં

(અનુસંધાન ૯મે પાને)



દિવાળીના પાવન દિવસે અમદાવાદના નગરદેવી ભદ્રકાળી માતાજીને ભવ્ય લક્ષ્મીસ્વરૂપ શણગાર કરવામાં આવ્યો હતો. નગરદેવીના દર્શન માટે સવારથી જ શ્રધ્ધાળુઓએ લાઈન લગાવી હતી.વાઘબારસથી લાભપાંચમ સુધી અમદાવાદીઓ મંદિરોમાં અચૂક દર્શનાર્થે જાય છે. નવા વર્ષે નગરદેવીને વંદન કરવાની અનોખી પરંપરા છે. (તસવીરઃ સુરેશ મિસ્ત્રી)

ખાતો નથી ખાવા દેતો નથી, ભરપેટ જમુ છું, ભરપેટ જમવા દઉં છું

પૈસા ફેંકો તમાશા દેખો : ૧૫૨ લાંચિયા કર્મચારીઓએ ૧૩ કરોડની લાંચ લીધી

અમદાવાદ, રવિવાર

ગુજરાતને ભ્રષ્ટાચારમુક્ત બનાવવાની વાતો વચ્ચે સરકારી કચેરીમાં રૂપિયા લીધા વગર પ્રજાના કામો થતા જ નથી. લોકોએ ધક્કા ખાધા બાદ મજબૂરીવશ અને ના છૂટકે રૂપિયા આપી લાંચિયા અધિકારીઓ પાસે કામો કઢાવવા પડે છે. જાણીને નવાઈ લાગશે કે છેલ્લા એક વર્ષમાં ઉચ્ચ અધિકારીઓથી માંડીને વર્ગ-૪ના કર્મચારીઓ અને વચેટિયા મળી કુલ રૂા. ૧૩ કરોડની માતબરની રકમની લાંચ લીધી હતી. જેમાં સૌથી વધારે ગૃહ વિભાગના ૨૯ કર્મચારીએ રૂા. ૨.૬૪ કરોડની લાંચ લીધી હતી જ્યારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ૧૬ કર્મચારીઓએ રૂા. ૨ કરોડની લાંચ લીધી હોવાનું ખૂદ એન્ટીકપ્શન બ્યુરો (એ.સી.બી)ની સત્તાવાર વિગતોમાં બહાર આવ્યું છે. લાંચ લેતાં નહીં પકડાયેલાંઓની સંખ્યા કેટલી હશે ? ફરિયાદ મળે એટલે કાર્યવાહી કરવાની સરકારી પધ્ધતિ સામે પ્રજાજનોના કામ નૈવેદ્ય ધર્યા વગર થતાં નથી તે પણ કડવી વાસ્તવિકતા છે.

સૌથી વધુ ગૃહ વિભાગના ૨૯ કર્મચારી રૂ. ૨.૬૪ કરોડની લાંચ લેતા પકડાયાઃ મહેસૂલ અને શહેરી વિકાસમાં પણ ભ્રષ્ટાચારના મૂળિયાં ઊંડા

ગુજરાતમાં ભ્રષ્ટાચાર એટલી હદે વધી રહ્યો છે કે રૂપિયા આપ્યા વગર કામ થતા નથી. એસીબીએ છટકું ગોઠવીને એક વર્ષમાં કેન્દ્રના કર્મચારી અને ખાનગી સહિત કુલ ૨૧ લોકો ચાર કરોડની લાંચ લેતા પકડાયા હતા. તથા ગુજરાતમાં ઉચ્ચ અધિકારીઓ તથા વર્ગ-૪ સહિતના કુલ ૧૫૨ સરકારી કર્મચારીઓને ૧૩ કરોડની માતબરની લાંચ લેતા રંગેહાથ પકડી પાડ્યા હતા. જેમાં ખાસ કરીને સૌથીવધુ ગૃહ વિર્ગ ભ્રષ્ટ રહ્યું હતું. ઉચ્ચ અધિકારી તથા પોલીસ કોન્સ્ટેબલ ૪૯ કર્મચારી અને ૨૯ ખાનગી વ્યક્તિ સહિત કુલ ૭૮ લોકો ૨.૬૪ કરોડની લાંચ લેતા સપડાયા હતા.

જ્યારે મહેસૂલ વિભાગના ૨૩ કર્મચારી અને ૧૮ ખાનગી વ્યકિત સહિત ૪૧ લોકો એક કરોડ લીધા, પંચાયત વિભાગના ૨૧ કર્મચારી અને ખાનગી સહિત કુલ ૫૦ તથા આરોગ્યના ૪ કર્મચારી અને ૪ ખાનગી વ્યકિત સહિત ૮ તેમજ શિક્ષણ વિભાગના ૪ કર્મચારીઓનો સમાવેશ થાય છે. ઉર્જા વિભાગના ૬ ઉદ્યોગના ૫ કૃષિના ૪૦૦, શહેરી વિકાસના ૧૬ કર્મચારી સહિત કુલ ૩૩ લોકો તથા નર્મદાના સાત અને નાણાં વિભાગના ૪ તેમજ કેન્દ્રના ૨૧ કર્મચારીઓ લાંચ લેતા રંગેહાથ પકડાયા છે.

પ્રજાજનોમાંથી ફરિયાદ મળે એટલે એસીબી દ્વારા છટકું ગોઠવીને કાર્યવાહી કરવામાં આવે છે. જેટલા પકડાયાં છે તેવા સરકારી લાંચિયા બાબુઓની સંખ્યા હજારોમાં થવા જાય છે. લોકોમાં એવી ચર્ચા છે કે, પગારથી સંતોષ ન હોય તેમ બેફિકર બની કરોડોની લાંચ લેતાં ૧૫૨ લાંચિયા પકડાયાં છે.

જીટીયુમાં એફિલિએશન અને પ્રોસેસિંગની નવી ફી જાહેર

નવી ટેકનિકલ કોલેજોની અરજી અને જોડાણ ફીમાં ચારથી છ ગણો વધારો

અમદાવાદ,રવિવાર

જીટીયુ દ્વારા નવી ટેકનિકલ કોલેજોની અરજી પ્રક્રિયામાં પ્રોસેસિંગ ફી તેમજ કોલેજોના જોડાણ એટલે કે એફિલિએશનની ફીમાં ચારથી છ ગણો વધારો કર્યો છે.જેમાં એપ્લિકેશન પ્રોસેસિંગ ફી રૂ.૨૯૫૦૦થી વધારીને ૧.૭૭ લાખ રૂપિયા અને એફિલિએશન ફી રૂ.૨૯૫૦૦થી વધારીને ૧.૧૮ લાખ કરી દેવામા આવી છે. જ્યારે જુની કોલેજો માટે એફિલિએશનની અરજી સબમિશનમાં પેનલ્ટી રૂ.૨૯૫૦૦થી વધારીને ૫૯ હજાર રૂપિયા કરી દેવામા આવી છે.

એપ્લિકેશન પ્રોસેસિંગ ફી રૂ.૨૯૫૦૦થી વધારી ૧.૭૭ લાખ અને જોડાણ ફી ૨૯૫૦૦થી વધારી ૧.૧૮ લાખ કરાઈ

ગુજરાતમાં નવી ખાનગી યુનિ.ઓ શરૂ થયા બાદ છેલ્લા કેટલાક વર્ષોમાં જીટીયુમાંથી અનેક કોલેજો છુટી પડી છે અને ડીએફિલિએટ થઈ ગઈ છે પરંતુ જો તેમ છતાં પણ દર વર્ષે બી.ઈ,ડિપ્લોમા ઈજનેરી, ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસી, એમબીએ,એમસીએ અને એમઈ-એમફાર્મ સહિતના ટેકનિકલ કોર્સની નવી નવી ખાનગી કોલેજો શરૂ થઈ રહી છે. જીટીયુ હેઠળ જે પણ નવી કોલેજ શરૂ થાય તેણે યુનિ.નું ફરજીયાત એફિલિએશન હોવાનું હોય છે.જે માટે કોલેજોએ ફી ભરવાની હોય છે. જીટીયુની ફાઈનાન્સ કમિટીમાં મળેલી મંજૂરીને પગલે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮થી ફીમાં વધારો કરવામા આવશે.

જીટીયુ દ્વારા નવું ફી સ્ટ્રકચર જાહેર કરી દેવામા આવ્યુ છે.જે મુજબ નવી ટેકનિકલ કોલેજની અરજી-એપ્લિકેશન પ્રોસેસિંગ ફીમાં છ ગણો વધારો કરાયો છે એટલે કે ૪૦૦ ટકાનો વધારો થતા ૨૯૫૦૦થી ફી વધીને ૧.૭૭ લાખ થઈ છે. જ્યારે એફિલિએશન ફીમાં ચાર ગણો વધારો કરાયો છે એટલે કે રૂ.૨૯૫૦૦થી વધારીને ૧.૧૮ લાખ કરવામા આવી છે.

આ ઉપરાંત હયાત કોલેજોને એફિલિએશન એપ્લિકેશનમાં વિલંબ બદલ કરાતી પેનલ્ટી તેમજ અગાઉના વર્ષોમાં ન કરેલી અરજી માટે કરાતી પેનલ્ટીમાં પણ વધારો કરાતા દંડની રકમ રૂ.૨૯૫૦૦થી વધારીને ૫૯ હજાર કરી દેવામા આવી છે.આમ દંડ પણ વધારીને બે ગણો કરી દેવાયો છે.જ્યારે અરજી પ્રક્રિયા-એફિલિએશનમાં ૪૦૦થી૬૦૦ ટકાનો વધારો કરાયો છે.

ટ્રેન સાબરમતીથી વેરાવળ જતી હતી ત્યારે કાંકરીચાળો

વંદે ભારત ટ્રેન પર પથ્થર ફેંકાતાં કાચ ફૂટ્યો, મુસાફરોમાં ગભરાટ

અમરેલી,તા.૮

લાઠી તાલુકામાંથી પસાર થતી આધુનિક અને હાઈસ્પીડ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર આજે સવારે પથ્થર ફેંકવાની ઘટનાથી મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો તો રેલવે તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. હરસુરપુર દેવળીયા અને કેરીયા ગામ નજીક પ્રચંડ અવાજ સાથે ટ્રેનની બારીનો કાચ ફૂટ્યો હતો. જેની તપાસ કરતા ખુલ્યું કે, ટ્રેન પર પથ્થર ફેંકવામાં આવ્યો હતો.

પથ્થર ફેંકનારને જોયા ન હોવાનું મુસાફરોનું નિવેદન નોંધીને આરપીએફ દ્વારા લાઠી અને ખીજડિયા વચ્ચેના વિસ્તારમાં તપાસનો ધમધમાટ

ભાવનગર રેલ્વે વિભાગના સિનિયર ડીસીએમ અતુલ ત્રિપાઠીએ જણાવ્યું કે, સાબરમતીથી વેરાવળ તરફ જઈ રહેલી વંદે ભારત એક્સપ્રેસ આજે સવારે ૯.૩૦ વાગ્યાના અરસામાં લાઠી અને ખીજડિયા વચ્ચેના રેલવે ટ્રેક પરથી પસાર થઈ રહી હતી, ત્યારે અજાણ્યા શખ્સોએ ટ્રેન પર પથ્થરમારો કર્યો હતો. અચાનક થયેલા આ પથ્થરમારામાં ટ્રેનના એક કોચનો કાચ તૂટી ગયો હતો અને કોચને નુકસાન પહોંચ્યું હતું. જો કે, રાહતની વાત એ છે કે આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા પહોંચી નહોતી. બીજી તરફ ઘટનાની જાણ થતાં જ આરપીએફ અને પોલીસની ટીમે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. આરપીએફના અધિકારીના જણાવ્યા અનુસાર, ટ્રેન પર પથ્થરમારાની ઘટના બની હોવાની પુષ્ટિ મળી છે, પણ પથ્થર ફેંકનાર શખ્સોને જોયા ન હોવાનું મુસાફરોએ જણાવ્યું છે.

'વંદે ભારત' પર ચાલુ વર્ષે પાંચમી વખત પથ્થરમારો

અમરેલી જિલ્લામાં વંદે ભારત પર થયેલો પથ્થરમારો એકમાત્ર ઘટના નથી. ચાલુ વર્ષેની પાંચમી ઘટના છે. આ પહેલા ૧૯ આત્ત્કટોબરે ઉદયપુરથી આવતી વંદે ભારત પર સુરત નજીક પથ્થરમારો થતાં કાચ તૂટ્યા હતા, જેમાં ત્રણ શ્રમિકોએ મોજમસ્તી માટે પથ્થર ફેંક્યા હતા. એ પહેલા ૨૫ ઓગસ્ટે મુંબઈથી અમદાવાદ જતી વંદે ભારત ટ્રેન પર ઉત્તરાણ નજીક પથ્થરમારો થયો હતો, જેમાં ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ આનંદીબેન પટેલ પણ મુસાફરી કરી રહ્યાં હતાં. જ્યારે ૨૬ ફેબ્રૂઆરીએ સુરત નજીક એક સગીરે પથ્થર મારીને કાચ ફોડ્યો હતો. એ પહેલા ૨૭ જાન્યુઆરીએ વાપી નજીક બે શખ્સોએ વંદે ભારત પર પથ્થરમારો કર્યો હતો.

ડીઈઓ અને ડીપીઈઓ સહિતના વર્ગ-૧ના

શિક્ષણાધિકારીની રજામાં અન્યને ચાર્જ કમિશનર-ડિરેક્ટર આપી શકશે

અમદાવાદ,રવિવાર

શિક્ષણ વિભાગે ડીઈઓ-ડીપીઈઓ સહિતના વર્ગ-૧ના વહિવટી અધિકારીઓની ૧૫ દિવસની રજામાં અન્ય અધિકારીને ચાર્જ આપવા બાબતે મહત્વનો ઠરાવ કર્યો છે.જે મુજબ હવે ૧૫ દિવસની રજામાં અન્ય અધિકારીને ચાર્જ આપવાની સત્તા કમિશનર ઓફ સ્કૂલ અને ડિરેક્ટર ઓફ પ્રાયમરી એજ્યુકેશનને રહેશે.

૧૫ દિવસથી વધુની રજામાં ચાર્જ આપવા શિક્ષણ વિભાગને અગાઉથી દરખાસ્ત કરવાની રહેશે

ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ના ડીઈઓ અને ડીપીઈઓ તેમજ સમકક્ષ સંવર્ગના અધિકારીઓની રજાઓ દરમિયાન તેઓની ખાલી પડતી જગ્યાના ચાર્જ શિક્ષણ વિભાગ દ્વારા જ અપાય છે.જે માટે જે તે કચેરીએ દરખાસ્ત મોકલવાની હોય છે.પરંતુ અધિકારીની રજા શરૂ થાય કે પુરી થાય ત્યારે દરખાસ્તો મળે છે. જેથી શિક્ષણ વિભાગે અંતે ૧૫ દિવસની રજામાં ચાર્જ આપવાની સત્તા કમિશનર ઓફ સ્કૂલ્સ અને પ્રાથમિક શિક્ષણ નિયામકને આપી છે. જેમાં ડીઈઓની ૧૫ દિવસની રજામાં અન્ય અધિકારીને ચાર્જ કમિશનર ઓફ સ્કૂલ્સ અને ડીપીઓની રજામાં અન્યને ચાર્જ પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી આપી શકશે. જો કે ડીઈઓ અથવા ડીપીઈઓ રજા પર હોય ત્યારે તેઓની જગ્યાનો ચાર્જ અસર પરસ સોંપવાનો રહેશે.

જો ડીઈઓ-ડીપીઈઓ બંને એક સાથે એક સમયે રજા પર હોય તો સંબંધિત કચેરીમાંથી જ વર્ગ-૨ના સીનિયર અધિકારીને ચાર્જ આપવાનો રહેશે. આ સત્તા માત્ર મહત્તમ ૧૫ દિવસ સુધીના ચાર્જ માટે જ રહેશે. ૧૫ દિવસથી વધુની રજામાં જગ્યાનો ચાર્જ સોંપવા બાબતે ૭ દિવસ અગાઉથી તમામ વિગતો સાથે દરખાસ્ત મહેકમ સંભાળતા ખાતાના વડાએ શિક્ષણ વિભાગને મોકલવાની રહેશે. ૧૫ દિવસની રજા પછી વધુ રજા લંબાવવાના કિસ્સામાં ખાતાના વડાએ સોંપેલ ચાર્જ યથાવત રાખવા માટે પણ દરખાસ્ત શિક્ષણ વિભાગને મોકલવાની રહેશે.

મ્યુનિ. દ્વારા રૂ.૮.૭૧ કરોડનું આયોજન

રાણીપ વોર્ડમાં સાંસ્કૃતિક કેન્દ્ર તેમજ ચાંદલોડિયામાં ઓપન પાર્ટી પ્લોટ બનશે

અમદાવાદ, રવિવાર

અમદાવાદ શહેરમાં પશ્ચિમ ઝોનમાં લોકો પોતાના સારા-નરસા પ્રસંગો યોજી શકે તે માટે ત્રણ જગ્યાએ નવી સુવિધા ઉભી કરવાનું આયોજન મ્યુનિ. દ્વારા કરાયું છે. જેમાં રાણીપમાં સાંસ્કૃતિક કેન્દ્ર, ચાંદલોડિયામાં ઓપન પાર્ટી પ્લોટ અને ચાંદખેડામાં પાર્ટી પ્લોટ બનાવવામાં આવશે.

ચાંદખેડાના ત્રાગડમાં પણ રૂ.૬૧.૬૩ લાખના ખર્ચે નવો પાર્ટી પ્લોટ બનાવવા માટે કવાયત હાથ ધરાઈ

અમદાવાદના પશ્ચિમ ઝોનમાં રાણીપ વોર્ડમાં ચેનપુર પાસે મ્યુનિ. દ્વારા રૂ.૫.૬૪ કરોડના ખર્ચે સોશિયલ વેલ્ફેર એન્ડ રિક્રીએશન હોલ એટલે કે સાંસ્કૃતિક કેન્દ્ર બનાવવામાં આવશે. જ્યારે રાણીપ વોર્ડમાં જ ચાંદલોડિયા નજીક રૂ.૩.૦૭ કરોડના ખર્ચે ઓપન પાર્ટી પ્લોટ તૈયાર કરાશે. આ સિવાય ચાંદખેડા વોર્ડના ત્રાગડમાં ઉપવન પાસે રૂ.૬૧.૬૩ લાખના ખર્ચે નવો પાર્ટી પ્લોટ બનાવવાની પણ કવાયત હાથ ધરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, આ ત્રણેય વિસ્તારોમાં છેલ્લા એક દસકામાં હજારો નવા પરિવારોનો વસવાટ વધ્યો છે. હાલમાં આ વિસ્તારમાં આસપાસમાં મ્યુનિ. સંચાલિત આવી કોઈ સુવિધા નથી. પરિણામે લોકોએ મોંઘાદાટ ભાડા ભરીને ખાનગી હોલ કે પ્લોટ ભાડે રાખી પ્રસંગો યોજવાની ફરજ પડે છે.

ભરોસો કરવા જતાં છેતરાવાનો વારો આવ્યો

ઘાટલોડિયા-વાડજમાંથી એક જ દિવસમાં ૭૬ લાખનું સોનું ચોરાયું

અમદાવાદ, રવિવાર

શહેરના વાડજ વિસ્તારમાં રહેતા અને સોનાના દાગીનાનું જડતરકામ કરનારા વ્યક્તિઓ રૂપિયા ૭૬ લાખની કિંમતનું સોનું લઈને ફરાર થઈ ગયાની બે પોલીસ ફરિયાદ ઘાટલોડિયા અને વાડજ પોલીસ મથકે નોંધવામાં આવી છે. જેમાં મણિનગરમાં રહેતા વ્યક્તિએ નવા વાડજમાં આવેલી એસ એસ ગોલ્ડ નામની દુકાનના સંચાલક ૪૮.૬૦ લાખની કિંમતનું સોનું અને વાડજ નિર્ણયનગરમાં રહેતા લક્ષ્મીનારાયણ સોની નામની વ્યક્તિ ૨૭.૬૦ લાખની કિંમતનું સોનું લઈને ફરાર થઈ ગઈ હતી. આ અંગે પોલીસે અલગ અલગ ટીમ બનાવીને તપાસ શરૂ કરી છે.

વાડજમાંથી ૪૮ લાખ, ઘાટલોડિયામાંથી ૨૭ લાખનું જડતર કામનું સોનું લઈને આરોપીઓ છૂમંતર

મણિનગર રામેશ્વર પાર્ક સોસાયટીમાં રહેતા નાબકુમાર ધોરાઈ કાલુપુર દોશીવાળાની પોળમાં સોના-ચાંદીના દાગીનાનો વ્યવસાય કરે છે. તેમણે સોના ચાંદીના દાગીનાના જડતર કામ એટલે કે પોલીસીંગ અને ફિનીશીંગ માટે નવા વાડજમાં દેવપથ ફ્લેટમાં આવેલી એસ એસ ગોલ્ડ નામની દુકાનમાં દિપેન સોની, ખુશ્બુ સોનીઅને પાર્થ સોનીનો સંપર્ક કર્યો હતો. શરૂઆતમાં નાબકુમારે તેમને સોનાની વીટીં અને અન્ય દાગીના જડતર કામ માટે આપ્યા ત્યારે તેની સામે સિક્યોરિટી પેટે દિપેન સોનીએ સોનાના બિસ્કીટ આપીને વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ નાબકુમારે તેમણે રૂપિયા ૪૮.૬૦ લાખની કિંમતના સોનાના દાગીના જડતર કામ માટે આપ્યા હતા. જે દાગીના પરત આપવાનો સમય પુરો થયા બાદ પણ મળ્યા નહોતા. જેથી નાબકુમારે ફોન કરતા સ્વીચ ઓફ આવતો હતો. જેથી તેમની દુકાન પર જઈને તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે દિપેન સોની, ખુશ્બુ અને પાર્થ દુકાન બંધ કરીને ફરાર થઈ ગયા છે. તેમણે અન્ય જ્વેલર્સના દાગીના પણ પડાવી લીધા હતા.

આ મોડ્સ ઓપરેન્ડીની અન્ય ઘટનામાં ઘાટલોડિયા કે કે નગરમાં આવેલી રવિ પાર્ક બંગ્લોઝમાં રહેતા રાજેશભાઈ પટેલ વિવિધ જ્વેલર્સ પાસેથી સોનાના દાગીના જડતર માટે લાવીને વિવિધ કારીગરોને આપવાનો વ્યવસાય કરે છે.

થોડા દિવસ પહેલા સી જી રોડ પરના વિવિધ જ્વેલર્સ પાસેથી કુલ ૨૭.૬૦ લાખની કિંમતના સોનાના દાગીના લાવ્યા હતા. જે વાડજ નિર્ણયનગરમાં રહેતા લક્ષ્મીનારાયણ સોનીને જડતર માટે આપ્યા હતા. જે દાગીના નિયત સમયે પરત ન મળતા ફોન કર્યો હતો. પરંતુ, લક્ષ્મીનારાયણે ફોન ન ઉપાડતા તપાસ કરી ત્યારે તે દુકાન બંધ કરીને નાસી ગયો હોવાનું જાણવા મળ્યું હતું.

પૂરતી તક ન મળી હોય તેવા

વહીવટી કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાંથી અંતે મુક્તિ અપાઈ

અમદાવાદ,રવિવાર

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના વહિવટી કર્મચારીઓ માટેના સંઘ દ્વારા સરકારને ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિને લઈને રજૂઆત કરાઈ હતી.જેને પગલે સરકારની મજૂરીથી કમિશનર ઓફ સ્કૂલે ત્રણ તકો ન મેળવી ચુકેલા વહીવટી કર્મચારીઓને બઢતી અને ઉચ્ચતર પગાર ધોરણ માટે ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપી છે.

૯થી૧૨ની સ્કૂલોના અનેક કર્મચારીને ત્રણ તક મળે તે પહેલા જ નિવૃત્તિનો સમય આવતા નિર્ણય

ધો.૯થી૧૨ની સ્કૂલોના વહિવટી કર્મચારીઓમાં અનેક કર્મચારીઓ એવા છે કે જઓને બઢતી અને ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરવાની પુરત તક મળી છે. નિયમ મુજબ આ પરીક્ષા પાસ કરવા માટે ત્રણ તક મળે છે.પરંતુ ઘણા કર્મચારીઓ ત્રણ તકો મળે તે પહેલા જ નિવૃત્ત થઈ ગયા છે અથવા તો નવેમ્બર ૨૦૨૬ સુધીમાં નિવૃત થનાર છે.

જેથી આવા કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપવા માટે માંગણી કરાઈ હતી.જેના પગલે સરકારે આવા કર્મચારીઓને ખાતાકીય પરીક્ષાથી મુક્તિ આપી છે અને આ બાબતે તમામ ડીઈઓને પરિપત્ર પણ કરી દેવાયો છે.આવા કર્મચારીઓની યાદી પણ શિક્ષણ વિભાગને મોકલવામા આવશે.

સી.આર.પાટીલનું માન્યું નહી, જગદીશ પંચાલને ગાંઠતા નથી

સહકારક્ષેત્રે 'કમળ'નો કચ્ચરઘાણ રાદડિયા-સંઘાણીની 'ફોર્મ્યુલા' હીટ

અમદાવાદ,રવિવાર

શિસ્તબધ્ધ ભારતીય જનતા પાટીનો જાદુ સહકાર ક્ષેત્રમાં ઓગળી રહ્યો હોય તેવુ ચિત્ર ઉપસ્યું છે. ડેરી અને સહકારી બેંકોની ચૂંટણીઓમાં ગાંધીનગર 'કમલમ'થી અપાતો 'મેન્ડેટ' હવે માત્ર રદ્દી કાગળ સમાન સાબિત થઈ રહ્યા છે. સહકાર ક્ષેત્રે મેન્ડેટ આપવાનો વિરોધ બરકરાર રહ્યો છે. આ જોતાં લાગે છેકે, જયેશ રાદડિયા અને દિલીપ સંઘાણીની બળવાની ફોર્મ્યુલા હવે ભાજપમાં હીટ થવામાં માંડી છે કેમકે, સહકારી ડેરી-બેંકોની ચૂંટણીમાં ભાજપની પ્રદેશની નેતાગીરીના ધમપછાડા પછી પણ સ્થાનિક નેતાઓ બગાવતનો સૂર છેડી રહ્યાં છે. આમ, સહકાર ક્ષેત્રમાં ભાજપનો 'પનો' ટૂંકો પડતો દેખાઈ રહ્યો છે.

ડેરી-સહકારી સંસ્થામાં ભાજપનો મેન્ડેટ રદ્દી કાગળ બન્યો એક ડઝનથી વધુ વાર બળવાખોરી થઈ, ભાજપ બેકફૂટ પર

અગાઉ તત્કાલીન પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલના આદેશોને સ્થાનિક નેતાઓએ ગાંઠ્યા નહોતા, અને હવે એ જ ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે. હવે પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના આદેશનું સ્થાનિક સ્તરે કોઈ માન રાખવા તૈયાર નથી. આ આખી કટોકટીના મૂળમાં સૌરાષ્ટ્રના કદાવર ખેડૂત નેતા જયેશ રાદડિયા અને દિલીપ સંઘાણીએ શરૂ કરેલી પરંપરા છે.

જયેશ રાદડિયા ભલે અત્યારે મંત્રીમંડળમાં નથી, પણ તેઓ પોતે સૌરાષ્ટ્રના ખેડૂતોના મસીહા હોવાનું બિરુદ ગુમાવવા જરાય તૈયાર નથી. ભાજપના સત્તાવાર મેન્ડેટ સામે અનેકવાર પોતાના ઉમેદવારો ઊભા રાખી, તેમને જીતાડીને રાદડિયાએ સાબિત કરી દીધું છે કે સહકારમાં પક્ષ કરતાં વ્યક્તિગત પ્રભુત્વ મોટું છે. હવે આ જ 'બગાવતના રસ્તે ભાજપના નેતાઓ પણ દોડી રહ્યા છે.

આ આંતરિક યુદ્ધનું તાજું અને સૌથી મોટું ઉદાહરણ ઉત્તર ગુજરાતની પ્રતિતિ સાબર ડેરીમાં જોવા મળ્યું હતુ. ભાજપના પ્રદેશના મોટા ગજાના નેતાઓએ ઉકેલ લાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતુ. એટલુ જ નહીં, અનેક ધમપછાડા કર્યા, પરંતુ સ્થાનિક નેતાઓ કમલમના આદેશ સામે ઝૂકવા તૈયાર ન થયા. આખરે ભાજપની સરેઆમ ફજેતી થાય તે પહેલા જ સાબરડેરીની આખી ચૂંટણી જ મોકૂફ રાખવી પડી હતી.

રાજકીય વિશ્લેષકોના મતે, ભાજપ જે રીતે વિધાનસભા કે લોકસભામાં દિલ્હી-ગાંધીનગરથી નામો નક્કી કરે છે, તે ફોર્મ્યુલા સહકાર ક્ષેત્રમાં સદંતર નિષ્ફળ ગઈ છે. સહકારી સંસ્થાઓમાં પક્ષની વિચારધારા કે પક્ષના વ્હીપ કરતાં જ્ઞાતિના સમીકરણો, ખેડૂતોના જીવંત પ્રશ્નો અને સ્થાનિક નેતાઓનું વષી જૂનું વ્યક્તિગત નેટવર્ક વધું મજબૂત છે. આ કારણોસર સ્થાનિક નેતાઓ રાજકીય સત્તા બચાવવા માટે પક્ષ સામે બાયો ચડાવતા અચકાતા નથી.

આ કોઈ પહેલી ઘટના નથી. સહકાર ક્ષેત્રમાં ભાજપના મેન્ડેટનો અનાદર થવાની આશરે એક ડઝન જેટલી ઘટનાઓ સામે આવી ચૂકી છે. દરેક વખતે ભાજપ શિસ્તના દાવા કરે છે, પરંતુ ચૂંટણીના પરિણામો સ્થાનિક બળવાખોરોના પક્ષમાં આવતા હોવાથી ભાજપ હાઈકમાન્ડ પણ લાચાર બનીને તમાશો જોયા સિવાય કંઈ કરી શકતું નથી.

કઈ કઈ સહકારી સંસ્થાઓમાં ભાજપના મેન્ડેટ ચિથરેહાલ થયા

* ધારાસભ્ય કેતન ઈનામદારે ભાજપના મેન્ડેટ વિના સમર્થકો સાથે ચૂંટણી લડી સાવલી એપીએમસી પર કબ્જો મેળવ્યો હતો
* બનાસકાંઠાના ધારાસભ્ય માવજી પટેલે પણ બળવો કરી ભાજપના મેન્ડેટ સામે પોતાનો અલગથી ચીલો ચાતયી હતો.
* ઈડર એપીએમસીમાં ભાજપના મેન્ડેટ સામે સ્થાનિક નેતાઓએ ખુલ્લેઆમ બળવો કરીને પક્ષીય આદેશના ધજાગરા ઉડાવ્યા હતા.
*ગોંડલ, જેતપુર, અમરેલીમાં ભાજપના જ સ્થાનિક નેતાઓએ ભાજપની સત્તાવાર પેનલ સામે પોતાના ઉમેદવારો ઊભા રાખી પક્ષના મેન્ડેટનો અનાદર કર્યો હતો.
* દક્ષિણ ગુજરાતમાં મઢી સુગર ચલથાણ,બારડોલી સુગર ફેક્ટરીની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટનો વિરોધ કરીને સ્થાનિક સભાસદો/ડિરેકટરા ચૂંટણી લડ્યાં અને જીત્યાં
*ભરૂચની દૂધધારા ડેરીમાં ભાજપના મેન્ડેટનો વિરોધ કરી ધારાસભ્ય અરુણસિંહ રાણા એ બળવાખોર ઉમેદવારોને ટેકો આપ્યો હતો
*સુમુલ ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી વખતે પણ પક્ષના આદેશોનું ઉલ્લંઘન કરાયુ હતું
* સુરત એપીએમસીની ચૂંટણીમાં પણ ભાજપના મેન્ડેટનો વિરોધ કરી બળવાખોરોએ ચૂંટણી લડી હતી.
* બનાસ ડેરીની ચૂંટણીમાં મેન્ડેટ વિના જ પૂર્વ સાંસદો અને વરિ સ્થાનિક નેતાઓએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું.

ગુજરાત યુનિ.માં સત્તાનું રાજકારણ હવે ગરમાશે

સંઘમાંથી આવેલા નવા VC સંઘના જ પૂર્વ VC સામેની તપાસમાં પગલા લેશે?

અમદાવાદ,રવિવાર

ગુજરાત યુનિ.માં નવા આવેલા કુલપતિને પ્રથમ દિવસથી જ સત્તાનું ઘેલુ લાગ્યુ હોઈ તેમ આજે દિવાળીની જાહેર રજા હોવા છતાં ઉતાવળા થઈને ચાર્જ લઈ લીધો હતો અને જેના પગલે પ્રથમ દિવસથી કુલપતિ સામે સ્ટાફમાં રોષ ફેલાયો હતો.કારણકે રવિવારે રજાના દિવસે અને તેમાં પણ દિવાળીના તહેવારના દિવસે તમામ સ્ટાફે ફરજીયાત આખો દિવસ યુનિ.માં આવવુ પડ્યુ હતું.યુનિ. કેમ્પસમાં એવી પણ ચર્ચા ચાલી હતી કે સંઘમાંથી જ આવેલા નવા કુલપતિ હવે સંઘના જ પૂર્વ કુલપતિ સામેની તપાસમાં પગલા લેશે ખરા?ઉપરાંત તેઓ સામે અનેક મોટા પડકારો પણ છે.

નવા વીસી સામે પ્રથમ દિવસે જ રોષ : દિવાળીની રજામાં ચાર્જ લેતા સ્ટાફે યુનિ.માં ફરજીયાત આવવું પડ્યું

ગુજરાત યુનિવર્સિટીના ઈતિહાસમાં પ્રથમવાર દિવાળીની જાહેર રજાના દિવસે નવા આવેલા કુલપતિએ ચાર્જ લીધો હતો. ગઈકાલે સરકારે ગુજરાત યુનિ.ના નવા કાયમી કુલપતિ તરીકે સુરતની ગ્રાન્ટેડ સાયન્સ કોલેજના આચાર્ય ડૉ.પૃથુલ દેસાઈની નિમણૂંક કરી છે ત્યારે ગુજરાત યુનિ.માં આગામી રવિવાર એટલે કે ૧૫ નવેમ્બર સુધી વેકેશન છે.જેથી સ્ટાફ સહિત તમામને એવું હતું કે હવે નવા કુલપતિ દિવાળીની રજાઓ પુરી થયા બાદ સોમવારે ૧૬ નવેમ્બરે જ ચાર્જ લેશે. પરંતુ સત્તા મળતા જ ધીરજ ન રહી હોઈ તેમ નવા કુલપતિ પૃથુલ દેસાઈ સુરતથી આજે અમદાવાદમાં ગુજરાત યુનિ.ખાતે બપોરે આવી ગયા હતા .બપોરે ૨ વાગે તેઓએ વિધિવત રીતે ચાર્જ લીધો હતો.જો કે સરકારના નોટિફિકેશન અને નિયમ મુજબ જે દિવસથી કુલપતિ ચાર્જ લે ત્યારથી ટર્મ શરૂ થઈ કહેવાય ત્યારે નવા કુલપતિએ આજે ચાર્જ લેતા હવે તેઓની ટર્મમાં ૮ દિવસ ઘટી ગયા છે.

બીજી બાજુ આજે નવા કુલપતિએ ચાર્જ લેતા જ યુનિ.કેમ્પસ અને ઉચ્ચ શિક્ષણ જગતમાં ચર્ચા શરૂ થઈ ગઈ કે નવા કુલપતિ પણ સંઘની સિફારીશથી જ આવ્યા છે અને પૂર્વ કુલપતિ પણ સંઘની સિફારીશથી જ હતા ત્યારે હવે નવા કુલપતિ પૂર્વ કુલપતિની કથિત નાણાકીય ગેરરીતિઓની તપાસમાં રસ લઈને પગલાં લેશે કે પછી સંઘ-સરકારના આદેશ મુજબ પણ અગાઉના કુલપતિઓની જેમ નવા કુલપતિ બધુ પુછીને પુછીને જ કરશે. નવા આવેલા કુલપતિની ટર્મ હવે પાંચ વર્ષની છે ત્યારે તેઓ સામે વર્ષોથી ટલ્લે ચડેલી ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફની ભરતી પ્રક્રિયા, ભ્રષ્ટાચાર-કૌભાંડોની તપાસ તેમજ યુનિ.નું વરવુ આંતરિક રાજકારણ અને સરકારની નજરથી યુનિ.ની કરોડોની જમીનને બચાવવી તે સહિતના અનેક મોટા પડકારો છે.

ડબલ આવક તો બાજુએ રહી, બજાર ભાવમાં પણ ઘટાડો થયો

ખેડૂતોને કપાસનું વાવેતર માથે પડ્યું ચાર વર્ષમાં ભાવ રૂ.૧૫૦૦ ગગડ્યો

અમદાવાદ,રવિવાર

ગુજરાતના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાતા કૃષિ ક્ષેત્રમાં અત્યારે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં 'સફેદ સોનું'કપાસ પકવતા લાખો ખેડૂતોને પાકના પૂરતા અને પોષણક્ષમ ભાવ મળી રહ્યા નથી. મોંઘા બિયારણો, ખાતર અને મજૂરીના વધતા ખર્ચ સામે કપાસના બજારભાવ તળિયે બેસી જતાં ધરતીપુત્રો આ થક સંકટમાં મુકાયા છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલયના આંકડાએ જ પુરવાર કર્યુ છેકે, ખેડૂતોને કપાસની ખેતી માથે પડી છે.

ધરતીપુત્રોની માઠી દશા : ૨૨-૨૩માં કપાસનો સરેરાશ ભાવ રૂ.૮૮૨૯ હતો તે ઘટીને ૨૫-૨૬માં રૂ.૭૨૪૯એ પહોંચ્યો

ખેડૂતોની આવકમાં બમણો વધારો થશે તેવી સરકાર ડીંગો હાંકી રહી છે પણ કડવી હકીકત એછેકે, ચાલુ સીઝનમાં કપાસની ખેતી પાછળ ખેડૂતોએ એકર દીઠ હજારો રૂપિયાનો ખર્ચ કર્યો છે. જોકે, જ્યારે પાક બજારમાં વેચવા માટે તૈયાર થયો, ત્યારે સરકારી મણ દીઠ ભાવ અને ખુલ્લા બજારના ભાવો ખેડૂતોની પડતર કિંમત પણ વસૂલ કરી શકતા નથી. ખેડૂતોનો આક્ષેપ છે કે બજારમાં વેપારીઓની મિલીભગત અને અપૂરતી સરકારી ખરીદીના કારણે તેમને નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ડુંગળી અને અન્ય પાકોની જેમ કપાસમાં પણ સરકારી ટેકાના ભાવ વાસ્તવિક ખર્ચની સરખામણીએ ઘણા ઓછા સાબિત થઈ રહ્યા છે.

સરકારના સત્તાવાર અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૨-૨૩ની સરખામણીએ ત્યારપછીના વર્ષોમાં કપાસના સરેરાશ મોડલ ભાવોમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. જે કપાસ એક સમયે ઊંચા ભાવે વેચાતો હતો, તેના ભાવ ગગડી જતાં ખેડૂતો ઘરનું ગુજરાન ચલાવવા અને આગામી પાક માટે ધિરાણ મેળવવા ફાંફા મારી રહ્યા છે. સરકારી આંકડાઓ જ ખેડૂતોની આ લાચારીની સાક્ષી પૂરે છે.

કપાસના સરેરાશ મોડેલ ભાવ

વર્ષ	ભાવ ((પ્રતિ ક્વિન્ટલ સરેરાશ)
૨૦૨૨-૨૩	રૂા.૮,૮૨૯
૨૦૨૩-૨૪	રૂા.૭,૦૩૮
૨૦૨૪-૨૫	રૂા.૭,૧૬૧
૨૦૨૫-૨૬	રૂા.૭,૨૪૯

વર્ષ ૨૦૨૨-૨૩માં કપાસનો સરેરાશ મોડલ ભાવ રૂપિયા ૮,૮૨૯ પ્રતિ ક્વિન્ટલ હતો. જે વર્ષ ૨૦૨૫-૨૬માં પ્રતિ ક્વિન્ટલ ભાવ ઘટીને રૂા૭,૨૪૯ થયો હતો. આમ, ૨૦૨૨-૨૩ની સરખામણીએ ખેડૂતોને પ્રતિ ક્વિન્ટલ સીધું રૂા.૧,૫૦૦થી વધુનું નુકસાન વેઠવું પડી રહ્યું છે.

પૂરતા ભાવ ન મળવાને કારણે સહકારી મંડળીઓ અને બેંકોમાંથી લીધેલી લોન ભરપાઈ કરવી ખેડૂતો માટે અશક્ય બની ગઈ છે. એક તરફ કુદરતી આપત્તિઓનો માર અને બીજી તરફ બજારમાં મળતા અન્યાયી ભાવ, આ બંને પરિબળોએ ખાસ કરીને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ખેડૂતોને દેવાના ચક્રવ્યૂહમાં ધકેલી દીધા છે.

હાજી કાસમ તારી 'વીજળી' રે મધદરિયે વેરણ થઈ



મુંબઈની વૈતરણા નદી પરથી એક જહાજને 'વૈતરણા' નામ અપાયું હતું જેનું હુલામણું નામ 'વીજળી' હતું, કારણ કે જહાજ વીજળીના ગોળાઓ વડે પ્રકાશિત થતું હતું. આ જહાજને ગુજરાતના 'ટાઈટેનિક' તરીકે ઓળખાતું. ૮ નવેમ્બર ૧૮૮૮ના રોજ આ જહાજ ગુજરાતના સૌરાષ્ટ્ર નજીક વાવાઝોડામાં માંડવીથી મુંબઈ જતી વખતે ખોવાઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ૭૪૦થી વધુ લોકો ખોવાઈ ગયા હતા. આ ઘટનાને કારણે ''હાજી કાસમ તારી 'વીજળી' રે મધદરિયે વેરણ થઈ...'' જેવા ઘણાં દરિયાઈ કાવ્યો અને લોકગીતો રચાયા છે. આ ગોઝારી ઘટનાને આજે ૧૩૮ વર્ષ પૂર્ણ થયા છે.

જીએસટી એપલેટ ટ્રિબ્યુનલનો મહત્વપૂર્ણ ચુકાદો

GSTમાં નાની, ટેકનિકલ ભૂલો માટે વેપારીઓને દંડી શકાય નહીં

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,રવિવાર

જીએસટી કાયદાની કલમ ૧૨૯(૩) હેઠળ માત્ર ટેકનિકલ કે નાની ભૂલો માટે વેપારીઓ કે કરદાતાઓ પર દંડ ફટકારી શકાય નહીં, એમ જીએસટી એપલેટ ટ્રિબ્યુનલે એક મહત્વપૂર્ણ ચૂકાદો આપતાં જણાવ્યું છે. કાયદાનું ઈરાદાપૂર્વક ઉલ્લંઘન કરવાનો કે કરચોરી કરવાનો કોઈ સ્પષ્ટ પુરાવો ન હોય ત્યાં સુધી કલમ ૧૨૯(૩) હેઠળ પેનલ્ટી લગાવી શકાશે નહિ. માલસામાનના પરિવહન કે દસ્તાવેજી પ્રક્રિયામાં થયેલી સામાન્ય કે નાની કે તકનીકી ભૂલોને કાયદાનો ભંગ ગણીને મોટો દંડ ફટકારવો વ્યાજબી નથી. બીજું ટ્રિબ્યુનલના આ ચુકાદાથી કરવેરા અધિકારીઓની મનસ્વી પેનલ્ટી આકારણી પર રોક લાગશે.

માત્ર પ્રક્રિયાગત કે ક્ષુલ્લક ક્ષતિઓને કારણે અધિકારીઓ કલમ ૧૨૯(૩)નો દુરુપયોગ કરીને ભારે પેનલ્ટી વસૂલતા હતા

કલમ ૧૨૯(૩) હેઠળ જીએસટી અધિકારીઓ છાશવારે કેસ કરે છે અને વેપારીઓનો માલ અને વાહનને મહિનાઓ સુધી જપ્ત કરીને રાખે છે.૧૨૯(૩) કલમનો મૂળ ઉદ્દેશ્ય ઈરાદાપૂર્વકની કરચોરી અટકાવવાનો છે. જો કોઈ વેપારી બિલ વગર માલ મોકલતો હોય, ઈન્વોઈસમાં માલની કિંમત કે જથ્થો છુપાવતો હોય, અથવા ગેરકાયદેસર રીતે ટેક્સ ચોરી કરવાના ઈરાદાથી માલની હેરાફેરી કરતો હોય, તો અધિકારીઓ આ કલમ હેઠળ વાહન અને માલ જપ્ત કરીને દંડ કરી શકે છે. વેપારીઓનો ઘણીવાર ટેક્સ ચોરીનો કોઈ ઈરાદો ન હોવા છતાં, માત્ર પ્રક્રિયાગત કે ક્ષુલ્લક ક્ષતિઓને કારણે અધિકારીઓ કલમ ૧૨૯(૩) નો દુરુપયોગ કરીને ભારે પેનલ્ટી વસૂલતા હતા

ઈ-વે બિલની સમયમર્યાદા પૂરી થવી

અધિકારીઓ દ્વારા નાની ટેકનિકલ ભૂલો પાછળ કડક વલણ અપનાવવાથી વેપારીઓને ભારે આર્થિક અને માનસિક ત્રાસ સહન કરવો પડતો હતો. ટ્રાફિક, વાહન બગડવું કે અન્ય અનિવાર્ય કારણોસર માલ પહોંચવામાં થોડા કલાકો મોડા પડે અને ઈ-વે બિલની મુદત સમાપ્ત થઈ જાય તો તેને ગુનો ગણી તેમને દંડવામાં આવતા હતા. એક, ઈ-વે બિલની વેલિડિટી સમયમર્યાદા અને ટ્રાફિકની સમસ્યામાં પણ વેપારીઓ દંડાયા છે.

બીજું, વાહન નંબર દાખલ કરતી વખતે એકાદ આંકડાની ભૂલ થવી એટલે કે એકાદ આંકડો આગળ પાછળ થઈ જાય અથવા વેપારીના જીએસટી નંબરમાં નાની સ્પેલિંગ કે આંકડાની ક્ષતિ હોવા જેવી બાબતોને ધ્યાનમાં લઈને તેમની સામે કેસ કરી દેવામાં આવે છે. વાહન નંબરની ડેટા એન્ટ્રીમાં નાની ટાઈપિંગ ભૂલ રાજકોટથી મશીનરીના પાર્ટ્સ મોકલતી વખતે ઓપરેટરની ભૂલથી ઈ-વે બિલમાં ટ્રક નંબર 'GJ-03-XX-1234' ના બદલે ભૂલથી 'GJ-03-XX-1324' ટાઈપ થઈ ગયો હોય તો પણ દંડ કરવામાં આવતો હતો. છતાં, ચેકિંગ દરમિયાન અધિકારીઓએ માત્ર વાહન નંબરના એક આંકડાની અદલાબદલીને ગંભીર ભંગ ગણીને માલ ડીટેઈન કર્યો અને દંડની નોટિસ ફટકારી દેવામાં આવતી હતી. વેપારીએ માલ છોડાવવા માટે વકીલોની ફી અને દંડ પેટે લાખો રૂપિયા ચૂકવવા પડતા હતા. તેમેના માલ સાથેના ઓરિજિનલ ઈન્વોઈસ, ઈ-વે બિલ અને ઈલેક્ટ્રોનિક ડેટા એકદમ સાચા હોવા છતાં તેમને દંડ કરવામાં આવતો હતો

ત્રીજું, ચાલુ માર્ગે વાહન બદલતી વખતે ઈ-વે બિલમાં નવા વાહનનો નંબર અપડેટ કરવામાં ટેકનિકલ ક્ષતિ રહી જતા પણ તેમને દંડ કરવામાં આવતો હતો. વડોદરાથી દિલ્હી મોકલવામાં આવતો માલ વચમાં ગાઢ ધુમ્મસ કે અકસ્માતને કારણે બીજું વાહન બદલીને માલ આગળ મોકલવામાં આવ્યો હોય તો અર્જન્ટ કુરિયર કે ટ્રાન્સપોર્ટની ઉતાવળમાં નવું વાહન નંબર પોર્ટલ પર 'પાર્ટ-બી' માં તરત અપડેટ કરવાનું રહી ગયું હોય તો પણ દંડ કરવામાં આવતો હતો. અધિકારીઓએ ચકાસણીમાં વાહન બદલાયેલું જોઈને સીધો જ કરચોરીનો કેસ બનાવી દીધો, જ્યારે હકીકતમાં વેપારીએ જીએસટીની તમામ રકમ કાયદેસર રીતે ભરેલી જ હતી. ઈનવોઈસ અને ઈ-વે બિલમાં વજન કે પેકિંગની વિગતોમાં મામુલી તફાવત હોવો, છતાં માલની કિંમત અને ટેક્સ પૂરેપૂરો ભરેલો હોવા છતાં દંડ કરવામાં આવતો હતો.

નવા વર્ષને ફૂલોથી વધાવવા ફૂલ બજારમાં ભીડ ઉમટી

શહેરમાં દોઢ લાખ કિલો ગલગોટા અને ૩૦ હજાર કિલો ગુલાબની માગ

અમદાવાદ,રવિવાર

નવા વર્ષને ફૂલોથી વધાવવા માટે ગુજરાતીઓ તૈયાર છે. ૩૭ વર્ષ જુના જમાલપુર ફૂલ બજારમાં નવરાત્રીની નિરાશા પછી દિવાળીને પગલે તેજીનો આશાવાદ જોવા મળ્યો છે. એક અંદાજ પ્રમાણે દોઢ લાખ કિલો ગલગોટાના ફૂલ અને ૩૦ હજાર કિલોથી વધુ ગુલાબના ફૂલની માંગ રહેવાની શક્યતા છે.

નવરાત્રીમાં ગલગોટાની ૧૦ કિલોની થેલી ૩૦૦માં મળતી જેનો ભાવ દિવાળીએ ૭૦૦એ પહોંચ્યો છે

ગુલાબ અને ગલગોટાના ફૂલની સાથે સફેદ સેવંતી, કમળ અને લીલીની માંગમાં પણ વધારો જોવા મળ્યો છે. ઘરના ઉંબરાને શણગારતા તોરણથી લઈને પૂજાઅર્ચના અને રંગોળી સજાવટ સુધી ફૂલોનું આગવું મહત્વ છે ત્યારે જમાલપુર માર્કેટ આ સમયમાં સવારે ૪ વાગ્યાથી જ ધમધમતુ થઈ જાય છે. દિવાળી નિમિત્તે બજાર બહારના પરિસર અને મેદાનમાં ૨૦૦ કરતા નાના મોટા વાહનોનો ખડકલો થઈ ગયો હતો અને શહેરીજનોની ભીડ પણ જોવા મળી હતી.

જમાલપુર ફૂલ બજારના વેપારી હસમુખભાઈ રામીએ જણાવ્યું કે, આ વખતે નવરાત્રીમાં મંદીને લઈને ગલગોટાની ૧૦ કિલોની થેલી ૧૦૦થી લઈને ૩૦૦ રુપિયા સુધીમાં મળતી હતી જે હવે દિવાળીમાં ૫૦૦-૭૦૦ સુધીમાં મળે છે. આવું જ ગુલાબના ફૂલમાં પણ છે. દિવાળીમાં ઘરની સજાવટમાં અને નવા વર્ષના સ્વાગત માટે ફૂલોની ખરીદી વધતી હોવાથી બજારમાં વેપારીઓને સારા વેપારની આશા છે.

જમાલપુર ફૂલ બજાર માત્ર ફૂલોની ખરીદી-વેચાણનું કેન્દ્ર નથી પણ અમદાવાદની કોમી એકતાનું પણ જીવંત ઉદાહરણ છે. વેપારી જલાલભાઈ શેખ જણાવે છે કે ૩૭ વર્ષ જુના આ બજારમાં ૩૪ કરતાં વધારે ફૂલોની દુકાનો છે જે પૈકી ૨૪ જેટલી દુકાનો મુસ્લિમ વેપારીઓની છે. આ વેપારીઓ વર્ષોથી હિન્દુ તહેવારોમાં પૂજા,તોરણ અને શણગાર માટે ફૂલો પૂરાં પાડે છે. ધર્મ અને તહેવારોની સીમાઓથી પર રહીને વેપારીઓ એકબીજાના તહેવાર સાથે જોડાય છે. આમ, ફૂલોની સુગંધ સાથે બજારમાં કોમી એખલાસની મહેક પણ પ્રસરે છે. ફૂલ બજારમાં પરંપરાગત ફૂલોની સાથે આધુનિક સજાવટ માટેનાં ફૂલોની પણ માંગ જોવા મળી રહી છે. આમ દિવાળી અને નવા વર્ષે દીવાઓની સાથે ફૂલોની રંગત અમદાવાદ સહિત ગુજરાતના ઘરો અને બજારોને મહેકાવે છે.

ફૂલ અને પૂજામાં તેનું મહત્વ શું છે?

ગુલાબ-પ્રેમ, ભક્તિ અને પવિત્રતાનું પ્રતીક છે.
ગલગોટો-શુભતા, સમૃધ્ધિ અને મંગળતાનું પ્રતીક છે.
કમળ:લક્ષ્મી, સમૃધ્ધિ અને આધ્યાત્મિક પવિત્રતાનું પ્રતીક
સફેદ સેવંતી-શાંતિ, સાદગી અને પવિત્રતાનું પ્રતીક મનાય છે.
લીલી-સૌંદર્ય, શુધ્ધતા અને શાંતિનું પ્રતીક માનવામાં આવે છે.
ઓર્ચિડ-સુંદરતા, વૈભવ અને વિશિષ્ટતાનું પ્રતીક છે.
સૂર્યમુખી-ઉર્જા, આશા અને સકારાત્મકતાનું પ્રતીક છે.

જમાલપુર ફૂલ બજારમાં ફૂલોનાં ભાવ

ગુલાબ- રુ.૨૫૦થી ૪૦૦ પ્રતિ કિલો
ગલગોટા-રુ.૫૦૦થી ૭૦૦ (૧૦ કિલોની થેલી)
ઓર્ચિડ-રુ.૪૫૦થી ૫૦૦ પ્રતિ બંચ
સનફ્લાવર-રુ ૬૦થી ૮૦ (૧૦ નંગનું બંચ)
ડચરોઝ-રુ ૧૫૦થી ૨૫૦ (૨૦ નંગપ્રમાણે)

નવા વર્ષે ફૂલોની માંગનો અંદાજ

ગલગોટા-૧.૫૦ લાખ કિલો
ગુલાબ-૩૦ હજાર કિલોથી વધુ
અન્ય ફૂલો-સફેદ સેવંતી, કમળ, લીલી, ઓર્ચિડ અને સનફ્લાવર



પ્રથમ રાઉન્ડ પુરો થયા બાદ કમિશને બેઠકો જાહેર કરી

ગુજરાતમાં પીજી મેડિકલની ૩૭૮ બેઠકો વધી : હવે બીજા રાઉન્ડમાં ભરાશે

અમદાવાદ,રવિવાર

ગુજરાતમાં પીજી મેડિકલ ડિગ્રી-ડિપ્લોમા કોર્સીસમાં આ વર્ષે ૩૭૮ બેઠકોનો વધારો થયો છે. ગુજરાતમાંથી જીએમઈઆરએસની અને કેટલીક ખાનગી તેમજ સરકારી કોલેજો દ્વારા વિવિધ બ્રાંચોમાં ૪૦૦થી વધુ બેઠકોની માંગણી કરવામા આવી હતી. જેની સામે મેડિકલ કમિશન દ્વારા ૩૭૮ બેઠકોનો વધારો મંજૂર કરવામા આવ્યો છે. ગુજરાતમાં પીજી મેડિકલ સ્ટેટ ક્વોટામાં પ્રથમ રાઉન્ડ પુરો થઈ ગયો છે ત્યારે હવે આ નવી આવેલી બેઠકો હવે બીજા રાઉન્ડમાં ઉમેરવામા આવશે.

જીએમઈઆરએસની ૮ કોલેજોમાં ૧૨૪ બેઠકો વધી: હવે રાજ્યમાં પીજી મેડિકલ કોર્સીસની કુલ બેઠકો ૩૮૪૩ થઈ

પીજી મેડિકલ ડિગ્રી-ડિપ્લોમા અભ્યાસક્રમોમાં ઓલ ઈન્ડિયા ક્વોટા અને સ્ટેટ ક્વોટા બંનેમાં પ્રથમ રાઉન્ડ પુરા થઈ ગયા છે. દરમિયાન નેશનલ મેડિકલ કમિશને ગઈકાલે નવું સીટ મેટ્રિક્સ જાહેર કર્યું છે.જેમાં દેશભરની વિવિધ કોલેજોને બેઠક વધારો આપવામા આવ્યો છે. ગુજરાતમાં વિવિધ મેડિકલ કોલેજોમાં કુલ મળીને ૩૭૮ બેઠકોનો વધારો થયો છે.જેમાં સૌથી મોટી અને સૌથી જુની સરકારી મેડિકલ કોલેજ એવી બી.જે મેડિકલ કોલેજને બે બ્રાંચમાં પાંચ બેઠકો મળી છે.આ ઉપરાંત કેટલીક ખાનગી કોલેજો પણ છે જેઓને વિવિધ બ્રાંચમાં બેઠકો વધારો આપવામા આવી છે તો કેટલીક નવી બ્રાંચ શરૂ કરાઈ છે.રાજ્ય સરકારના ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી હેઠળની ૮ કોલેજોમાં વિવિધ બ્રાંચમાં ૧૨૪ બેઠકોનો વધારો થયો છે.જેમાં કેટલીક નવી બ્રાંચો પણ છે. ૧૨૪ બેઠકોનો વધારો થતા જીએમઈઆરએસની ૮ કોલેજોમાં પીજી મેડિકલની કુલ ૫૭૭ બેઠકો થવા પામી છે.જ્યારે ગુજરાતની તમામ મેડિકલ કોલેજોમાં કુલ મળીને પીજી મેડિકલની હવે ૩૮૪૩ બેઠકો થવા પામી છે.અગાઉ ૩૪૬૫ બેઠકો હતી.જેમાંથી ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકોને બાદ કરતા ૨૬૦૦થી વધુ બેઠકો સ્ટેટ ક્વોટામા ભરાય છે. ગુજરાત સ્ટેટ ક્વોટાના પ્રથમ રાઉન્ડમાં એલોટમેન્ટ સમયે જ ૩૫૯ બેઠકો ખાલી રહી હતી. જ્યારે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓમાંથી ૮૬૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ ન કરાવી જતો કર્યો હતો.આમ નોને એલોટેડ,નોન રિપોર્ટેડ અને નવી આવેલી સાથે કુલ મળીને ૧૫૯૮ બેઠકો માટે હવે બીજો રાઉન્ડ થશે.આ વર્ષે પીજી મેડિકલમાં ૬૦૯૪ વિદ્યાર્થીઓ મેરિટમાં છે.જેમાંથી પ્રથમ રાઉન્ડમાં ૫૮૪૭ વિદ્યાર્થીએ ભાગ લીધો હતો.

શેલામાં ક્લબ ઓ-૭ રોડ પર સિટી બસના બે રૂટ, વીઆઈપી રોડ ઉપર એક પણ નહીં!

અમદાવાદ, રવિવાર

અમદાવાદ મ્યુનિ. ટ્રાન્સપોર્ટ સર્વિસ વર્ષે કરોડો રૂપિયાની ખોટ કરી રહ્યું છે. તેના માટે મુસાફરોની પૂરતી સંખ્યા નથી મળતી એવું નથી, પરંતુ અણધડ આયોજન જવાબદાર છે. શેલામાં ક્લબ ઓ-૭ રોડ પર એએમટીએસના બે રૂટ શરૂ કરાયા છે. જ્યારે તેની પાસે જ આવેલા તેનાથી મોટા વીઆઈપી રોડ પર એક પણ સિટી બસ ચાલતી નથી. ક્લબ ઓ-૭ રોડ પર એક રૂટ અગાઉથી જ ચાલુ હતો. તેવામાં હાલમાં બીજો નવો રૂટ પણ શરૂ કરાયો છે. આ નવો રૂટ વીઆઈપી રોડ પરથી ચાલુ કરવાની સામાન્ય સમજ એએમટીએસના અધિકારીઓ કેળવી શક્યા નથી. વીઆઈપી રોડ પર શેલનાથ મહાદેવ મંદિર કે ઔડાના ઓડિટોરિયમ જેવા સ્થળોએ સિટી બસ સેવાની તાતી જરૂરિયાત છે.

ઈન્ચાર્જ કુલપતિની અધ્યક્ષતામાં ઓછા સભ્યો છતાં પ્રથમ ઈસી બેઠક મળી

અમદાવાદ,રવિવાર

ગુજરાત યુનિ.માં કોમન એક્ટ મુજબના ઈસી-બોર્ડ સભ્યોની મુદત પુરી થયા બાદ એટલે કે આમ તો ઈસી વીખેરાયા બાદ બાકીના સરકારી સભ્યો સાથે આજે ઈન્ચાર્જ કુલપતિની અધ્યક્ષતામાં પ્રથમ બેઠક મળી હતી.જેમાં સરકાર નિયુક્ત ચાર સભ્યોમાંથી ત્રણ સભ્યો હાજર રહ્યા હતા. હાઈકોર્ટના ઓર્ડર બાદ રાઈફલ એસો.નો કોન્ટ્રાક્ટ રદ કરવામા આવ્યો હતો અને હવે હાલ કોઈ નવું ટેન્ડર નહીં કરવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત અધ્યાપકોના પ્રમોશનની પ્રક્રિયા કરવા નિર્ણય લેવાયો હતો.

સુરતના મોટા વરાછા રિવર વ્યુ હાઈટ્સમાં

આરોગ્યમંત્રી રહે છે તે એપાર્ટમેન્ટના ૧૨મા માળે આગ લાગતા નાસભાગ

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર

સુરતમાં મોટા વરાછા વિસ્તારમાં તાપી નદી કિનારે આરોગ્યરાજ્યમંત્રી પ્રફુલ્લ પાનસેરિયા રહે છે તે હાઈરાઈઝ બિલ્ડિંગના ૧૨ માળે રવિવારે સાંજે આગના લીધે લોકોમાં ગભરાટ ફેલાતા નાસભાગ થઈ ગઈ હતી. ૧૦૦ વર્ષના વૃધ્ધા સહિત ૮ વ્યકિતને રેસ્ક્યૂ કરી બહાર કાઢવામાં આવ્યા હતા.

૧૦૦ વર્ષીય વૃદ્ધા સહિત ૮ લોકોનું રેસ્ક્યુ કરાયું

ફાયર બ્રિગ્રેડે પાસેથી મળેલી વિગત મુજબ મોટા વરાછા વિસ્તારમાં તાપી નદી કિનારે પેડર રોડ પર આવેલી 'રિવર વ્યુ હાઈટ્સ' નામની હાઈરાઈઝ બિલ્ડિંગમાં ૧૨માં માળે એક ફ્લેટમાં રહેતા વ્યકિતઓ આજે રવિવારે ફ્લેટ બંધ કરીને કામ અર્થે ગયા હતા. તે સમયે સાંજે અચાનક કોઇ કારણસર તેમના ફ્લેટમાં આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા સામે આવેલા ફ્લેટમાં દરવાજો સહિત વસ્તુઓ ઝપેટમાં આવી ગઈ હતી. જેથી કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા નીકળવા માંડતાં સમગ્ર એપાર્ટમેન્ટમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. કોલ મળતા ૮ ફાયર સ્ટેશની ૧૫ ગાડી સાથે ચીફ ફાયર ઓફિસર અને ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર સહિતનો મોટો કાફલો તરત જ સ્થળ પર પહોંચીને પાણીનો મોરા ચલાવી રહ્યા હતા. બીજી તરફ ઉપરના માળે આગ ફેલાઈ જતાં ધુમાડાને કારણે ઘણા રહીશો ફસાઈ ગયા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ ઓક્સીજન માસ્ક પહેરીને બચાવ કામગીરી હાથ ધરી હતી. જેમાં હાઈડ્રોલિક પ્લેટફોર્મ પર ૧૩ માળે રહેતા ૧૦૦ વર્ષીય વૃધ્ધાને સલામત રીતે નીચે લાવ્યા હતા. જ્યારે ફસાયેલા અન્ય સાત વ્યકિતઓને દાદર પરથી સુરક્ષિત નીચે ઉતારવામાં આવ્યા હતા. ફાયર જવાનોએ સતત પાણીનો મારો ચલાવી બેથી અઢી કલાકની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

સેટેલાઈટમાં યુવક ધાબેથી કૂદી પડ્યો દિવાળીમાં ત્રણ વ્યકિતની આત્મહત્યા

અમદાવાદ,રવિવાર

શહેરના સેટેલાઈટ, નિકોલ અને વાડજ વિસ્તારમાં દિવાળી પૂર્વે આત્મહત્યા કરીને ત્રણ વ્યક્તિઓએ જીવન ટુંકાવ્યાનું સામે આવ્યું છે. જેમાં સેટેલાઈટમાં એક ૨૨ વર્ષના યુવકે એપાર્ટમેન્ટ પરથી કુદીને એક ૨૨ વર્ષના યુવકે આત્મહત્યા કરી હતી. સાથેસાથે નિકોલમાં જલદ પ્રવાહી પીને વૃદ્ધે અને વાડજમાં યુવકે ઘરે ગળાફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું હતું.

નિકોલમાં જલદ પ્રવાહી પીને આત્મહત્યા કરી: વાડજમાં રહેતા યુવકે ગળાફાંસો ખાઈને મોતને વ્હાલુ કર્યું

સેટેલાઈટમાં આવેલા મેગ્રોલિયા રેસીડેન્સીમાં રહેતા ૨૨ વર્ષીય લક્ષ અગ્રવાલ નામના યુવકે શનિવારે સવારે સાડા દશ વાગ્યાના સુમારે સાડા દશ વાગ્યાના સુમારે તેના એપાર્ટમેન્ટની અગાશી પરથી કુદીને જીવન ટુંકાવ્યું હતું. સેટેલાઈટ પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે. અન્ય બનાવમાં નવા વાડજમાં આવેલા કર્ણાવતી એપાર્ટમેન્ટમાં રહેતા ૩૬ વર્ષીય ભાગ્યેશભાઈ પટેલ નામના વ્યક્તિએ શનિવારે સવારે પોતાના ઘરે ગળાફાંસો ખાઈને જીવનનો અંત આણ્યો હતો.

અમદાવાદના કઠવાડામાં રહેતા ૬૭ વર્ષીય ગલાજી ચૌહાણે શનિવારે સવારે તેમના ઘરે જલદ પ્રવાહી પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સારવાર દરમિયાન તેમનું સિવિલ હોસ્પિટલમાં મોત નીપજતા નિકોલ પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

પરીક્ષા બોર્ડ દ્વારા ટાટ-એચએસ મેઈનનું પરિણામ જાહેર

ધો.૧૧-૧૨માં શિક્ષક બનવા માટેની પરીક્ષા: ૧૬૮૮૭ ઉમેદવારો ક્વોલિફાઈ

અમદાવાદ,રવિવાર

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં શિક્ષક બનવા માટેની ટાટ હાયર સેકન્ડરીની મેઈન પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરવામા આવ્યુ છે. જેમાં ૧૬૮૮૭ ઉમેદવારો ક્વોલિફાઈ થયા છે. જ્યારે ૩૦૭૫૪ ઉમેદવારો ડિસ્ક્વોલિફાઈ થયા છે. ૧૭૦ કે તેથી વધુ ગુણ એક પણ ઉમેદવારને મળ્યા નથી.

મેઈન પરીક્ષામાં ૪૭૬૪૪ ઉમેદવારોમાંથી ૩૦૭૫૪ ઉમેદવારો નાપાસ: ૧૭૦ કે તેથી વધુ ગુણ એક ઉમેદવારને મળ્યા નહીં

સરકારી-ગ્રાન્ટેડ સ્કૂલોમાં ધો.૧૧-૧૨માં શિક્ષક બનવા માટેની ટાટ હાયર સેકન્ડરીની મેઈન પરીક્ષા ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત ૮ ઓગસ્ટે રાજ્યના મુખ્ય કેન્દ્રોમાં લેવામા આવી હતી. પ્રીલિમ પરીક્ષામાં પાસ થયેલા ૫૦૦૬૬ ઉમેદવારોમાંથી ૪૭૬૪૪ ઉમેદવારોએ મેઈન પરીક્ષા આપી હતી.

મેઈન પરીક્ષામાં ૧૬૮૮૭ ઉમેદવારો ક્વોલિફાઈ થયા છે. જ્યારે ૩૦૭૫૪ ઉમેદવારો નાપાસ થયા છે.

આ મેઈન પરીક્ષા ૨૦૦ ગુણની હતી અને જેમાં ૧૧૦ કે તેથી વધુ ગુણ મેળવનારા ૧૮૦૫૭ તથા ૧૨૦ કે તેથી વધુ ગુણ મેળવનારા ૯૦૦૬ તથા ૧૪૦ કે તેથી વધુ ગુણ મેલવનારા ૮૭૦ અને ૧૬૦ કે તેથી વધુ ગુણ મેળવનારા માત્ર ૧૧ ઉમેદવાર છે. જ્યારે ૧૭૦ કે તેથી વધુ ગુણ એક ઉમેદવારને નથી આવ્યા.

જનરલ કેટેગરીમાં મુખ્ય પરીક્ષામાં ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ મેળવેલ ઉમેદવારોનો મેરિટ લિસ્ટમાં સમાવેશ થયા છે.જ્યારે અનામત કેટેગરીમાં ૫૫ ટકા ગુણ મેળવેલ ઉમેદવારોનો મેરિટ લિસ્ટમાં સમાવેશ થયો છે.

બિલ બાકી હોવાનો મેસેજ મોકલીને ૩.૭૦ લાખની ઠગાઇ

અમદાવાદ, રવિવાર

સેટેલાઇટમાં આવેલા અક્ષરધારા-૨ એપાર્ટમેન્ટમાં રહેતા વિનાયક મોરે થોડા દિવસ પહેલા નોકરીના કામથી સુરત ખાતે ગયા હતા ત્યારે અજાણ્યા નંબરથી અદાણી પીએનજીનું બિલ બાકી હોવાનો મેસેજ મળ્યો હતો. જેથી તેમણે ત્યાં દર્શાવેલા નંબર પર કોલ કરીને જણાવ્યું હતું કે પીએનજીનું બિલ સમયસર ચુકતે કરી દીધું છે. ત્યારે કંપનીના નામે વાત કરતા વ્યક્તિએ બિલ અપડેટ કરવા માટે વિનાયકભાઇના વોટ્સએપ પર એપીકે ફાઇલ મોકલી હતી. જે ડાઉનલોડ થતા ફોન સ્વીચ ઓફ થઇ ગયો તો અને ચાલુ કર્યો ત્યારે ગુગલ પે થી તેમના એકાઉન્ટમાંથી આશરે ૩.૭૦ લાખ રૂપિયા અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દેવાયા હતા. આનંદનગર પોલીસે તપાસ શરૂ કરી છે.



KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,30,390/-
18 KT 1,06,640/- 14 KT 83,180/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

અમદાવાદમાં હવાની

(છેલ્લા પાનાનું ચાલુ)

સાયન્સના ઈન્ડિયન ઈસ્ટિટ્યુટ ઓફ ટ્રોપિકલ મેટ્રોલોજીમાં નોંધાયેલા આંકડા અનુસાર આજે રવિવારે ભર બપોરે અમદાવાદનો એક્યુઆઈ ૧૯૫ જેટલા જોખમીસ્તરે હતો. રાત્રિના સમયે ફટાકડાના કારણે હવામાં પ્રદૂષણ વધે તે બાબત તો ઠીક, પરંતુ હવે દિવસે પણ શહેરની હવા જોખમી હોય છે. એક્યુઆઈનું પ્રમાણ ૫૦ સુધીમાં હોય તો હવાની ગુણવત્તા સારી ગણાય છે. તેવી રીતે ૧૫૦થી વધે તો હવા બિનઆરોગ્યપ્રદ ગણાય છે. જ્યારે ૨૦૦થી વધે એટલે હવા ગંભીર તથા ૩૦૦થી વધે ત્યારેજોખમીબનીજાયછે. ખાનગીહવામાન વેબસાઈટના આંકડા મુજબ અમદાવાદ શહેરમાં શનિવારે રાત્રે એક્યુઆઈ ૩૮૩ સુધીપહોંચ્યોહતો.

દિવાળીની ઉમંગભેર

(છેલ્લા પાનાનું ચાલુ)

અને પારિવારિક મિત્રો સાથે ક્વોલિટી સમય વિતાવી એકબીજાને મળીને સ્નેહની આપ-લે કરવા સાથે સેલિબ્રેશન નક્કી કરી દેવાયું છે. સોમવારની ઉજવણી બાદ મંગળવારે નવા વર્ષની શરૂઆત સાથે વિક્રમ સંવત ૨૦૮૩નો પ્રારંભ થશે.

નવા વર્ષના વધામણા માટે બજારોમાં અને મંદિરોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હિન્દુ નવું વર્ષે મંદિરોમાં પ્રભુના દર્શન કરી અને વડીલોના આર્શિવાદ મેળવી પ્રથમ દિવસની શરૂઆત કરવામાં આવશે. એકબીજાને નૂતન વર્ષાભિનંદન પાઠવી સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના સાથે હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવશે.

રેલવેએ પ્રથમ વખત ૫૪૦ ટન ફ્રોઝન શાકભાજીનું પરિવહન કર્યું

અમદાવાદ, રવિવાર

ફ્રોઝન શાકભાજી જેવી ખાદ્ય પેદાશોને એક સ્થળેથી બીજા સ્થળે મોકલતી વખતે તેનું તાપમાન જાળવવું જરૂરી હોય છે. અત્યાર સુધી આવા માલના પરિવહન માટે રોડનો ઉપયોગ કરાતો હતો. પરંતુ હવે અમદાવદા મંડળ દ્વારા પ્રથમ વખત રેલવે મારફતે ફ્રોઝન શાકભાજી મોકલવાનું શરૂ કરાયું છે. ગત ૨૭ ઓક્ટોબરના રોજ વિરમગામમાં આવેલા જીઆરએફવી ટર્મિનલથી સિમ્પલોટ ઈન્ડિયા કંપનીના ફ્રોઝન શાકભાજી ભરેલા ૨૦ રેફ્રિજરેટેડ કન્ટેનર રેલવે મારફતે મોકલવામાં આવ્યાં હતાં. આ કન્ટેનરમાં કુલ ૫૪૦.૪૯ ટન શાકભાજી હતાં. જેના થકી રેલવેને કુલ રૂ.૨.૩૬ લાખની આવક થઈ હતી. રેફ્રિજરેટેડ કન્ટેનરમાં નિયંત્રિત તાપમાન જાળવી શકાય છે. જેથી ફ્રોઝન શાકભાજી જેવા પેદાશોને પરિવહન દરમિયાન યોગ્ય સ્થિતિમાં રાખવા મદદ મળે છે. અત્યાર સુધી રોડ માર્ગે આ પ્રકારનો માલ સામાન મોકલાતો હતો. પરંતુ હવે રેલવેનો વિકલ્પ ઉપલબ્ધ થતાં વેપારીઓને પરિવહનનો બીજો માર્ગ મળ્યો છે. ફ્રોઝન શાકભાજીનું પરિવહનથી મળેલી આવક ઉપરાંત અમદાવાદ રેલવે મંડળે ગત માસમાં કુલ ૮૩૦ કરોડની આવક મેળવી હતી. જેમાં સૌથી વધુ માલભાડાની રૂ.૬૫૫ કરોડ, મુસાફર આવકની રૂ.૧૬૪.૭૫ કરોડ, પાર્સલની રૂ.૭ કરોડ અને ટિકિટ ચકાસણીની રૂ.૩.૨૫ કરોડની આવક થઈ છે. ટિકિટ વગર મુસાફરી કરતાં ૪,૧૬૬ ખુદાબક્ષોને કુલ રૂ.૩૮.૬૨ લાખનો દંડ ફટકાવામાં આવ્યો હતો.

ધાર્મિક કાર્યક્રમ

ભજન/સત્સંગ : ઈસ્કોન હરે કૃષ્ણ મંદિર ખાતે ૧૦ નવેમ્બરે ગોવર્ધન પૂજા-અન્નકૂટ મહોત્સવ. દર્શન સવારે ૭:૩૦થી રાત્રે ૯, ભજન સંધ્યા : સાંજે ૪:૩૦, સુવર્ણ રથયાત્રા : સાંજે ૬:૩૦, ગૌ પૂજા : સાંજે ૬:૪૫, ગોવર્ધન પૂજા : સાંજે ૭:૧૫, દીપોત્સવ આરતી : રાત્રે ૮:૩૦.

- સ્વ. તોરલ ધનરાજ પંડિતની સ્મૃતિમાં વેદમાતા ગાયત્રી પૂજન વિધિ, વેદ મંદિર, કાંકરિયા ખાતે, સવારે ૮ કલાકે.

અન્નકૂટ : શ્રી ગોવર્ધનનાથજી મંદિર, પીત્તળીયાની પોળના નાકે, સારંગપુર ખાતે અન્નકૂટના દર્શન, બપોરે ૨:૩૦થી ૬:૩૦.

-નૃસિંહ પીઠ , નરસિંહજીની પોળ, ઠેંગાવાડી, રાયપુર ખાતે અન્નકૂટ દર્શન, સવારે ૧૧થી સાંજે ૬.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ


Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah

Regd.NI.GAMC 28


કાકુરો

3828 ૯ નવેમ્બર,૨૦૨૬



નિયમો : 7 x 7=49 ખાનાની આ સરવાળાની રમત છે. રાખોડી અથવા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ ગણાશે જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઉભી હરોળ ગણાશે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકનો જ ઉપયોગ કરવાનો છે. આડી કે ઉભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહિં. રમત પુરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મુકવાનો રહેશે.

-ભાવના શુક્લ



મંત્રમુગ્ધ

- ''જે ઉપદેશનું પાલન ઉપદેશક સ્વયં પોતાના આચરણમાં ન કરતો હોય, તેવા માત્ર શબ્દોથી અપાયેલા જ્ઞાનનો અન્યના હૃદય કે વર્તન પર લેશમાત્ર પ્રભાવ પડતો નથી.'' **- જ્ઞાન અને ભક્તિના પથદર્શક અનુભવાનંદજી**
- જીવનમાં અડધી મુશ્કેલીઓ તો ''મુશ્કેલી ન હોવાનું'' નાટક કરવાથી જ હોય છે જે છે તેનો સહજતાથી સ્વીકાર કરવાને બદલે અવાસ્તવિક દેખાવ કરવામાં જ આપણી અડધી ઉર્જા વેડફાઈ જાય છે. **- અમેરિકન નવલકથાકાર, લેખિકા એડિથ વ્હાર્ટન**
- ''ભગવાને મને પશુ બનાવવાને બદલે અમૂલો માનવદેહ રૂપી જે વરદાન બક્ષ્યું છે, તે પ્રભુની પરમ કૃપાનો પરમ અહેસાસ કરાવે છે, આ ઉદાત ને સકારાત્મક વિચાર જ જીવનમાં શ્રધ્ધા અને જીવનનો ઉત્સાહ જગાડે છે.'' **- 'હું કોણ છું ?' આત્મવિચારના પ્રખર પ્રેરક ઋષિ રમણ મહર્ષિ**
- ''યોજના ઘડવામાં અસફળ હોવું એ અસફળ થવાની યોજના ઘડવા બરાબર છે.'' **- રોબિન શર્માનું પુસ્તક "THE MONK WHO SOLD HIS FERRARI" માંથી**
- સંકટો જીવનમાં આવે ત્યારે તેને અવસરમાં પરિવર્તિત કરવા માટે પહેલા તો અહંકારનો ત્યાગ કરવો અને નમ્રતા અપનાવવી. જે જે પણ પ્રતિકૂળતાઓ છે તેને આર્થિક પ્રગતિમાં બદલવા માટે આપણી વિચારસરણીને બદલીને યથા શક્ય સાહસો કરવા. **- નબળા સમયમાં મનોબળ વધારતી પ્રેરણાસભર વાત**

સંકલન : russhabhshahgs@gmail.com







જાહેર ચેતવણી

અમો દેવેશ જે. પટેલ (એડવોકેટ) તે અમારા અસીલશ્રી સ્વ. મણીબેન તે નારણભાઈ પ્રાણદાસની દિકરીના વારસદાર (૧) ચંદ્રિકાબેન તે પ્રવીણભાઈ ચુનીભાઈ પટેલની વિધવા (૨) પટેલ હાર્દિકભાઈ પ્રવિણભાઈ (૩) નેહા તે પ્રવીણભાઈની દિકરીનાઓની સૂચના અને ફરમાઈશ થી જાહેર જનતા તથા લાગતાં વળગતા તમામને આ જાહેર ચેતવણીથી જણાવીએ છીએ કે, ડિસ્ટ્રિક્ટ અમદાવાદ તા. સાબરમતીના મોજે ચાંદલોડિયા ગામની સીમમાં આવેલ (૧) બ્લોક/સર્વે નં.૨૩૩/૪/૧ ની ૪૦૪૭ ચો. મી. જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નં.૪૫ ના એફ. પી. નં.૪૬/૨ (૨) બ્લોક/સર્વે નં.૩૪૩/૧ ની ૬૨૬૧ ચો. મી. જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નં.૪૫ એ ના એફ. પી. નં. ૫૧/૧ (૩) બ્લોક/સર્વે નં.૨૭૮/૨/૧ ની ૫૪૬૩ ચો. મી. જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નં.૪૫ ના એફ. પી. નં.૯૧ (૪) બ્લોક/સર્વે નં.૮૧/૨ ની ૫૫૬૪ ચો. મી. જેનો સમાવેશ ટી. પી. સ્કીમ નં.૪૫ બી ના એફ. પી. નં. ૨૩ જમીન નારણભાઈ પ્રાણદાસનાઓની આવેલ અને અમોના અસીલશ્રી મણીબેન તે નારણભાઈ પ્રાણદાસની દીકરીના સીધીલીટીના વારસદારો આવેલા છે અને સદરહુ જમીનો પરત્વે હિન્દુ વારસધારા અધિનિયમની જોગવાઈયો મુજબ કાયદેસરનો સહમાલિકી લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, અધિકાર પોષાતો આવેલ છે અને સદરહુ જમીનનો પરત્વે વારસાઈ હક્ક મેળવવા અંગેનો અમદાવાદ ગ્રામ્યના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ રે. દી. મુ. નં.૬૮૭/૨૦૨૫ થી દાવો તથા મનાઈ અરજી દાખલ કરવામાં આવેલ છે તથા સદરહુ દાવાની લીસ પેન્ડન્સી સોલા સબ રજીસ્ટ્રાર સમક્ષ અનુક્રમ નં.૨૬૪૯૦/૨૦૨૫ થી નોંધાયેલ છે. બ્લોક/સર્વે નં.૨૩૩/૪/૧ (એન. એ.૨૩૩/૪/૧) ની જમીન સબંધે આઈ માર્ક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલ. એલ. પી. નામની પેઢી દ્વારા કહેવાતો રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૯૮૮૫/૨૦૨૬ થી તા.૧૦/૦૯/૨૦૨૬ ઉપસ્થિત કરાવેલ છે અને સદર કહેવાતા દસ્તાવેજમાં પેજ નં.૬ ના પેરા નં. સી માં ખોટી હકીકતો જણાવી દસ્તાવેજ ઉપસ્થિત કરાવેલ છે તેથી અમારા અસીલ દ્વારા લેન્ડ ગ્રેબિંગ તેમજ જીલ્લા તકેદારી સમિતિ સમક્ષ ફોજદારી રાહે કાર્યવાહી આરંભેલ છે. સદર પેઢી વિરુધ્ધ સિવિલ રાહે દાવાના કામે કાર્યવાહી આરંભેલ છે તેમજ સદરહુ અન્ય જમીનો પરત્વે અમારા અસીલશ્રીનાઓ દ્વારા હાલ રેવન્યુ રાહે, સીવીલ રાહે તથા ફોજદારી રાહે કાર્યવાહીઓ આરંભેલ છે તેથી સદરહુ જમીન પરત્વે કોઈએ કોઈપણ જાતના કે પ્રકારના વ્યવહારો કે લેખ,લખાણો કરવા કરાવવા નહીં જો તેમ કરવામાં આવશે તો તે લખાણોના આધારે તેવી વ્યક્તિઓને ઉપરોક્ત જણાવેલ જમીન પરત્વે કોઈજ હક્ક, હિત, હિસ્સો, અધિકાર પ્રાપ્ત થશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૦૭/૧૧/૨૦૨૬

અમદાવાદ.

મારી મારફતે

દેવેશ જે. પટેલ
મિલન એમ. પટેલ
(એડવોકેટ)

૭૦૪, સિલ્વર રેડિયન્સ -૨, સાયન્સસીટી રોડ, સોલા, અમદાવાદ, મો. ૯૯૭૪૫૮૭૪૩૭

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા માંડલના ગામ મોજે સીતાપુરની સીમના રી-સર્વે અનુસાર બ્લોક નંબર-૧૭૫૦ (જુના બ્લોક નંબર-૧૪૨૦) ની કુલ ૪૩૫૪ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન જયેશકુમાર પરસોત્તમભાઇ પટેલે તેઓની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઇલ નંબર-૧૦૪૩૩

તારીખ : ૦૯-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)

ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦

ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

વાત વાતમાં

આજે 'ધોકો' ! કરો હિસાબ !

આજે પડતર દિવસ છે. એને 'ધોકો' પણ કહે છે. આ કપડાં ધોવાનો ધોકો નહીં, પરંતુ 'દગો' એવા અર્થવાળો ધોકો છે ! તો હવે જરા હિસાબ કરો, આપણી જોડે કેવા કેવા 'ધોકા' થઈ ચૂક્યા છે... અને થઈ રહ્યા છે...

* * *

એક બાજુ શાકભાજી, અનાજ, સિંગતેલ અને મીઠાઈ ફરસાણની મોંઘવારીમાં ખિસ્સું કેટલું ખાલી થઈ ગયું ?

અને બીજી બાજુ દિવાળી વેકેશનમાં ફરવા માટે સ્વીટ્ઝરલેન્ડ (કે આબુ) ના ગયા એમાં કેટલા રૂપિયા બચી ગયા ?

(યાર, ક્યાંક તો 'ધોકો' છે !)

* * *

એક બાજુ સોના-ચાંદીના ભાવમાં જે કડાકો બોલી ગયો એમાં તમારા કેટલા રૂપિયા ગયા ?

અને બીજી બાજુ... 'સોનું વેચી માર્યું હોત તો કેટલી બધી ચાંદી થઈ ગઈ હોત...'થી માંડીને 'હાશ, આપણાં સોના-ચાંદી તો લોકરમાં હજી સેફ છે...' જેવા વિચારો સુધી કેટલાં ઝોલાં ખાધાં ? સાચું કહેજો.


(બોસ, ક્યાંક તો 'ધોકો' થયો છે !)

* * *

એક બાજુ દર સાતમે દહાડે કોઈ જમીનનું કૌભાંડ, કોઈ બેન્કનું કૌભાંડ, કોઈ બ્રિજ, કોઈ રોડ, કોઈ સરકારી યોજના, કોઈ ઓનલાઈન ફ્રોડમાં લાખો કરોડો ખવાઈ જાય છે એવા સમાચારો વાંચીને બળાપો કાઢતા રહ્યા કે 'સાલા, જેમને ખોબલે ખોબલે વોટ આપ્યા એ જ હરામખોરો ભ્રષ્ટાચારી નીકળ્યા...'

પણ બીજી બાજુ ફ્રાન્સ, જર્મની, સ્પેન, ઈટાલી, આલ્બેનિયા, બેલ્જિયમ, બ્રાઝિલ, ચીલી... આ તમામ દેશોમાં ફાટી નીકળેલાં તોફાનોના ફોટા જોઈને મનમાં શાંતિ થાય છે કે 'હાશ ! ભારતમાં કેટલી શાંતિ છે !'

(હવે આમાં આપણે શું કમાયા ? સાલો, ક્યાંક તો 'ધોકો' છે !)



* * *

એક બાજુ 'આટલા લાખ કરોડનું જીએસટી કલેકશન થયું...' 'શેરબજારમાં આટલા લાખ કરોડની સંપત્તિ વધી...' 'આટલા લાખના તો ફાફડા જલેબી ખવાઈ ગયા...' આવું બધું સાંભળીને આપણે છાતી ફૂલાવતા રહ્યા. (પણ કેટલા ઈંચની, તે માપી જ નહીં.)

બીજી બાજુ, બોનસ ક્યારે આવ્યું અને ક્યારે પતી ગયું... લોનના હપ્તા ભરવામાં કેટલો પગાર સાફ થઈ ગયો... દરેક ચીજ મોંઘી થતાં ઘરના બજેટની કેવી પથારી ફરી ગઈ... અને 'સાલા, આ બધા લોકો પાસે ફટાકડા ફોડવાના આટલા બધા પૈસા ક્યાંથી આવે છે ?'

(એવા વિચારોથી ઊંઘ ઊડી જાય છે ! પ્રભુ... ક્યાંક તો 'ધોકો' છે !)

- મન્નુ શેખચલ્લી

ગુજરાત સમાચાર સુડોકુ

ક્રમ નં. ૬૩૦૨

૯ નવેમ્બર, ૨૦૨૬

				૬				
	૯	૭				૩	૫	
	૬	૧	૯		૫	૭	૮	
		૨	૭		૬	૯		
૭								૧
		૯	૪		૧	૫		
	૫	૬	૧		૯	૪	૩	
	૮	૩				૨	૬	
				૩				

સુડોકુના નિયમો

(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એકજ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એકજ વાર કરવો.
(૪) ૩X૩ = ૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.

(કર્તા : યોગેશ શુક્લ)



જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, કૈલાસબેન અરવિંદભાઈ રહેવાસી- અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા ધોળકાના મોજે ગામ ભોળાદની સીમના રી-સર્વે અનુસારના (૧) રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૨૨૨ (જુના સર્વે/બ્લોક નંબર-૫૬૬ પૈકી ૧) ની ૧૦૨૧૨ ચોરસમીટરની જમીન તથા (૨) સર્વે/બ્લોક નંબર-૧૨૨૮(જુના સર્વે/બ્લોક નંબર-૫૭૪ પૈકી ૨)ની ૮૯૩૮ ચોરસમીટરની જમીન મળી કુલ ૧૯૧૫૦ ચોરસમીટરની જમીનો તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીનો અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીનો અંગેના ઉપરોક્ત જમીન માલિકના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીનો ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૪(ચૌદ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનોના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનોના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૦૭-૧૧-૨૦૨૬


હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.

ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

આજનુ પંચાંગ

તા.૯/૧૧/૨૦૨૬,સોમવાર



સોમવતી અમાસ, પડતર દિવસ

દિવસના ચોઘડિયા : અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિના ચોઘડિયા : ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
અમદાવાદ સૂર્યોદય : ૬ ક. ૫૧ મિ., **સૂર્યાસ્ત :** ૧૭ ક. ૫૬ મિ.
નવકારસી સમય : (અ) ૭ ક. ૩૯ મિ.
જન્મરાશિ : તુલા (ર.ત.) ૨૬ ક. ૫૧ મિ. સુધી વૃશ્ચિક (ન.ય.) રાશિ આવે.
નક્ષત્ર : સ્વાતિ ૭ ક. ૨૫ મિ. સુધી પછી વિશાખા નક્ષત્ર આવે.
ગોચર ગ્રહ : સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક્ર-કન્યા (વ.) શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર - તુલા ૨૬ ક. ૫૧ મિ. સુધી પછી વૃશ્ચિક હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન, પ્લુટો-મકર, રાહુકાળ ૭.૩૦ થી ૯.૦૦ (દ.ભા.)
વિક્રમ સંવત : ૨૦૮૨ પિંગલ સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૨ દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક : કાર્તિક ૧૮ વ્રજ માસ : કાર્તિક-૧૫
માસ-તિથિ-વાર : આસો વદ અમાસ,- સોમવતી અમાસ, - ગોવર્ધન પૂજા, - બલિપૂજા, - ગૌક્રિડા, - અન્નકૂટ, - બુધ ઉદય પૂર્વમાં, - આજે પડતર દિવસ છે
મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદી ઉલ અવ્વલ માસનો ૨૮મો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ ખોરદાદ માસનો ૨૭મો રોજ આસમાન

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ



મેષ : આપના મહત્ત્વના કામનો ઉકેલ આવવાથી આપને રાહત થતી જાય. અગત્યના નિર્ણય લેવાના હોય તો લઇ શકાય.

વૃષભ : આપના કામમાં હરિફવર્ગ ઈર્ષ્યા કરનારવર્ગ મુશ્કેલી ઉભી કરે. આકસ્મિક ખર્ચ ખરીદીના લીધે નાણાંભીડ રહે.

મિથુન : આપની બુધ્ધિ મહેનત અનુભવ આવડતથી કામનો ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી લાભ ફાયદો રહે.

કર્ક : આપના કામમાં પ્રતિકૂળતા જણાય. જમીન મકાન વાહનના કામમાં ઉતાવળ ન કરવી. ઘર પરિવારની ચિંતા જણાય.

સિંહ : આપના કાર્યમાં ઉપરીવર્ગ સહકાર્યકર વર્ગ નોકર ચાકરવર્ગનો સાથ સહકાર મળી રહે. અડોશ પડોશનું કામ રહે.

કન્યા : આપને કામકાજમાં સાનુકુળતા મળી રહે. સીઝનલ ધંધામાં ઘરાકી જણાય. સામાજિક વ્યવહારિક કામકાજ રહે.

તુલા : આપના ગણત્રી ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ જણાય. મિલન-મુલાકાત થઇ શકે.

વૃશ્ચિક : આપના કામકાજમાં કોઇને કોઇ રૂકાવટ મુશ્કેલી રહ્યા કરે. વાદ-વિવાદ ગેરસમજ મનદુઃખથી સંભાળવું પડે.

ધન : આપના કામની કદર પ્રશંસા થવાથી કામ કરવાનો ઉત્સાહ જણાય. સંતાનના પ્રશ્ને ચિંતા-ઉચાટ ખર્ચ જણાય.

મકર : આપના કાર્યની સાથે ઘર-પરિવાર સગા સંબંધી વર્ગ મિત્રવર્ગના કામકાજમાં આપે વ્યસ્ત રહેવું પડે.

કુંભ : દેશ-પરદેશના કામકાજમાં, આયાત નિકાસના કામમાં આપને સાનુકુળતા મળી રહે. ભાઈભાંડુનો સહકાર મળે.

મીન : આપે તન-મન-ધનથી વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. કૌટુંબિક પ્રશ્ને ચિંતા જણાય.

જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૯/૧૧/૨૦૨૬,સોમવાર

આજથી શરૂ થઇ રહેલું આપનું જન્મવર્ષ એકંદરે સારું પસાર થાય.


નાણાંકીય સુખાકારી : નાણાંકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ સારું રહે. વર્ષ દરમ્યાન જૂની ઉઘરાણીના નાણાં છૂટા થવાથી આપને લાભ ફાયદો થાય. આવક જળવાઈ રહેતાં આપના વ્યવહારો સાચવી શકો.

નોકરી-ધંધો : નોકરી ધંધામાં આપને સાનુકુળ પ્રતિકૂળ પરિસ્થિતિનો અનુભવ થાય. ક્યારેક કામમાં એકદમ સરળતા રહે તો ક્યારેક કામમાં નાની નાની બાબતોમાં મુશ્કેલી અનુભવાય. નફામાં નુકસાન કરી ગ્રાહક વર્ગને ધંધાને સાચવવા પડે. પુખ્ત ઉંમરના સંતાન આપને મદદરૂપ થવાની કોશિષ કરે.

વિદ્યાર્થી વર્ગ : વિદ્યાર્થીવર્ગને વર્ષ પસાર થાય તેમ અભ્યાસમાં રાહત થતી જાય. મહેનતના પ્રમાણમાં પરિણામ પ્રાપ્ત કરી શકો. પરંતુ પરીક્ષા સમયે આપે મિત્રવર્ગથી સંભાળવું પડે. તેમજ આરોગ્યની કાળજી રાખવી પડે.

એરાઉન્ડ ધ વર્ડ્સ

- રીટા શાહ




આડી ચાવી

૧. ..... ઊંચો ચઢવો, ગુસ્સો આવવો (૨)
૪. લાંબા વખત માટેનો પડાવ (૨)
૬. નવું આવેલું (૪)
૮. નશો કર્યા પછી ખવાતી તીખી કે મીઠી ચીજ (૩)
૧૦. શરમ, મર્યાદા (૨)
૧૨. કુબેરનો અનુચર (૨)
૧૩. લાલ, ... ને વાદળી એ મૂળ રંગ કહેવાય (૨)
૧૫. પેટ કરાવે ..... (૨)
૧૬. જેની સગાઈ થઈ છે તે વ્યક્તિ (૪)
૧૮. સહેલ કરવા માટે નીકળેલો માણસ (૪)
૨૦. પપ્પાની મમ્મીને કહેવાય (૨)
૨૧. ઉંબરો ઓળંગો તો તમને મારા ..... છે (૨)
૨૨. શેઠની શિખામણ ..... સુધી (૨)
૨૪. અનુકૂળ પ્રસંગ, લાગ (૨)
૨૮. સમુદ્રમાંથી નીકળેલી લક્ષ્મી (૩)
૨૯. ઉપર ચઢી નીચે લપસવાની એક બાળરમત (૪)
૩૦. ..... ને માથે જૂતિયાં (૨)
૩૧. ..... અને અડદ સાથે ભરડવા (૨)

ઊભી ચાવી

૧. શિવનું મંદિર (૪)
૩. રોગનો ફેલાવો (૪)
૫. ..... એટલા ખોટા (૨)
૭. અનુમાન, કલ્પના (૩)
૯. ચંદ્રનો સોળમો ભાગ (૨)
૧૧. એક નાતના કે પંથના લોકોનો સમુદાય (૩)
૧૩. ..... થાબડવી, પ્રોત્સાહન આપવું (૨)
૧૪. દોઢ માઈલનું અંદર (૨)
૧૫. અંબોડે બાંધવાનો ફૂલનો ગજરો (૨)
૧૬. ભાવની પડતી (૨)
૧૭. મહિનામાંચાર રવિવારેતોજોઈએને (૨)
૧૯. માગશર અને પોષ મહિનાની ઋતુ (૩)
૨૦. સામ, ..., દંડ, ભેદ (૨)
૨૧. લડાઈ કે સૈન્યની સામગ્રી (૪)
૨૩. પારસી સ્ત્રી (૪)
૨૫. શરીરની ઊંચાઈ કે જાડાઈ (૨)
૨૬. કાગડો ચાલે હંસની ..... (૨)
૨૭. પાણીનો કુંડ (૨)



ગુજરાત સમાચાર
futuristic
કલ્પનાઓની દુનિયાની વાસ્તવિકતા
સોમવાર, તા. ૦૯ નવેમ્બર ૨૦૨૬

આ પેજ તમને કેવું લાગ્યું?
QR સ્કેન કરો અને તમારો અભિપ્રાય આપો.

બેટરી : ક્લીન એનર્જી ક્રાંતિની કરોડરજ્જુ



સોલિડ-સ્ટેટ બેટરી ઈવી માટેની નેક્સ્ટ જેન ટેકનોલોજી છે, તેનાથી રેન્જનું મોટું પરિવર્તન આવશે

ક્લીન એનર્જીના ઉત્પાદન જેટલું જ મહત્ત્વનું પાસું છે એના સંગ્રહનું. લિથિયમ-આયન બેટરી પર ઈવીનો આધાર છે. એ જ રીતે હવે સોડિયમ-આયન બેટરીથી ચાલતા વાહનો, ખાસ તો ટુ-વ્હીલર્સની ઉપયોગીતા વધી છે. દરિયાઈ મીઠામાંથી બનતી સસ્તી સોડિયમ-આયન બેટરી ૧૦થી ૧૫ મિનિટમાં ચાર્જ થઈ શકે છે, બમણી રેન્જ આપે છે અને તેમાં આગ લાગવાનું જોખમ નહિવત હોય છે. કાર, સ્કૂટર્સ, સિટી બસ અને ઘરગથ્થુ રૂફટોપ સોલાર સિસ્ટમ્સ માટે ઉર્જાનો આ સંગ્રહ ઉપયોગી થશે. આ બંને પ્રકારની બેટરી સિવાય નિકલ-મેટલ હાઈડ્રિડ બેટરી વાહનોમાં વપરાય છે, પરંતુ તેનો ઉપયોગ એન્જિન ચલાવવા માટે થતો નથી. લીડ-એસિડ રિચાર્જેબલ બેટરી પણ આ જ રીતે ટુ-વ્હીલર્સ અને કારમાં એનર્જીના સોર્સ તરીકે વપરાય છે. સોલિડ-સ્ટેટ બેટરી ઈવી માટેની આગામી પેઢીની આધુનિક ટેકનોલોજી છે. લિથિયમ-આયન બેટરીઓમાં વપરાતા લિક્વિડ ઈલેક્ટ્રોલાઈટને બદલે તેમાં સિરામિક, કાચ કે ઘન પોલિમર જેવા સોલિડ પદાર્થનો ઉપયોગ થાય છે. આ ફેરફારથી બેટરીમાં આગ લાગવાનું કે લીકેજનું જોખમ સાવ ઘટી જાય છે અને સુરક્ષા વધે છે. તેની કેપેસિટી લિથિયમ-આયન કરતાં બમણી હોવાથી વાહનને એક જ ચાર્જમાં ૮૦૦થી ૧,૦૦૦ કિલોમીટર સુધીની રેન્જ મળે છે. લિથિયમ-આયનની સરખામણીએ બીજો મહત્ત્વનો ફેરફાર એ છે કે તે ટકાઉ છે.

દુનિયામાં છ પ્રકારના ફ્યુઅલથી દોડતા વાહનો



આજે સૌથી વધારે ૧૫૦ કરોડ વાહનો પેટ્રોલથી ચાલે છે, કુલ વાહનોમાંથી માત્ર પાંચ કરોડ ઈવી છે

૧૯૮૬માં કાર્લ બેન્ઝે જગતની સૌપ્રથમ પેટ્રોલથી ચાલતી કાર બનાવી ત્યારથી લઈને અત્યાર સુધી પેટ્રોલથી ચાલતા વાહનો લોકો માટે પહેલી પસંદ છે. એવરેજ અને પીકઅપની દૃષ્ટિએ આજેય પેટ્રોલનો વિકલ્પ નથી. દુનિયામાં ૧૫૦ કરોડ વાહનો આજેય પેટ્રોલથી ચાલે છે. ઈલેક્ટ્રિક વાહનોનો યુગ આવી રહ્યો છે અને લોકો કાર્બન ઉત્સર્જન ઘટાડવા કટિબદ્ધ છે તે છતાં પેટ્રોલના વાહનોનું વેચાણ ઘટ્યું નથી. બીજા નંબરે ડીઝલથી ચાલતા વાહનોનો ક્રમ આવે છે. માલવાહક વાહનોના એન્જિનો માટે ડીઝલ પહેલી પસંદ છે. પાવરફુલ ફ્યુઅલ ગણાતા ડીઝલથી વિશ્વમાં ૪૦ કરોડ વાહનો ચાલી રહ્યા છે. છેક હમણાં સુધી ત્રીજા નંબરે વર્ષોથી સીએનજીએ જગ્યા જાળવી રાખી હતી. કમ્પ્રેસ્ડ નેચરલ ગેસથી ચાલતા વાહનોનો આંકડો સ્હેજેય ૩ કરોડથી વધારે છે. જોકે, ત્રીજા નંબરનું આ પોપ્યુલર ફ્યુઅલ બીજા ક્રમના ડીઝલથી તો ક્યાંય પાછળ હતું. હવે ત્રીજો નંબર ઈવીએ લઈ લીધો છે. દુનિયામાં એકાદ દશકાથી ઈવીની ક્રાંતિ થઈ છે ને ખાસ તો પાંચ વર્ષમાં ઈવીનું માર્કેટ ઝડપભેર ઊંચકાયું છે. આવા માહોલમાં પાંચ કરોડ વાહનો ઈલેક્ટ્રિક બેટરીથી ચાલી રહ્યા છે. ઈવીની તેજી જોતાં આ આંકડો ઝડપથી વધવાનો છે. પાંચમા પ્રકારનું લોકપ્રિય ફ્યુઅલ છે - એલપીજી. લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસથી વાહનો ચલાવવાનો પ્રયોગ સો વર્ષ જૂનો છે. એનાથી દુનિયામાં લગભગ અઢી, પોણા ત્રણ કરોડ વાહનો ચાલી રહ્યા છે. છઠ્ઠા નંબરનું ફ્યુઅલ છે હાઈડ્રોજન. અત્યારે હાઈડ્રોજનથી એકાદ લાખ વાહનો દોડી રહ્યા છે, પરંતુ આગામી સમયમાં હાઈડ્રોજન પર જગતનો ભરોસો વધશે એટલે વાહનોની સંખ્યા પણ એકાદ દશકામાં વધી જશે.

100% ઈથેનોલથી વાહનો દોડાવવાની મથામણ

ભારતમાં ઈ-૨૦ એટલે કે પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવાનું શરૂ થયું તેને લઈને પણ લોકોમાં આક્રોશ છે ત્યારે ૧૦૦ ટકા ઈથેનોલનો વિચાર કેટલો સફળ થશે તે જોવું રહ્યું...



ફ્લેક્સ ફ્યુઅલ એન્જિનની મદદથી સંપૂર્ણ ઈથેનોલનો ઉપયોગ કરવાના પ્રયાસો મર્યાદિત રીતે સફળ થયા છે. બ્રાઝિલ એકમાત્ર દેશ છે જે આવું કરી શક્યો છે ને હવે ભારત એવું કરવા ધારે છે..

ઈથેનોલ બ્લેન્ડિંગમાં બ્રાઝિલ પાયોનિયર દેશ

અમેરિકાએ શરૂઆતમાં પેટ્રોલમાં પાંચ ટકા ઈથેનોલ ભેળવવા માંડ્યું અને પછી એ મિશ્રણ ૧૦ ટકા સુધી લાવી દીધું. અમેરિકા મુખ્યત્વે મકાઈમાંથી ઈથેનોલ બનાવે છે. અમેરિકામાં સામાન્ય રીતે ઈ-૧૦ વેચાય છે. અમુક રાજ્યોમાં ઈ-૧૫ પણ અવેલેબલ છે ને પ્રયોગ ખાતર ઈ-૮૫ પણ મળે છે, પરંતુ આટલું મિશ્રણ ભાગ્યે જ કોઈ પસંદ કરે છે. યુરોપિયન યુનિયન અને અન્ય દેશોમાં પણ મોસ્ટલી ઈ-૧૦ જ ચાલે છે. એટલે કે પેટ્રોલમાં ૧૦ ટકા સુધી જ ઈથેનોલ મિક્સ થાય છે. થાઈલેન્ડ, કેનેડા અને ચીન જેવા દેશો પણ ધીમે ધીમે મિશ્રણનું પ્રમાણ વધારી રહ્યા છે, પરંતુ એ માંડ ૧૫થી ૨૦ ટકા સુધી થયું છે. એકમાત્ર બ્રાઝિલ એવો દેશ છે જ્યાં રેગ્યુલર ૨૭ ટકા સુધી ઈથેનોલ મિક્સ થાય છે. આ વિશ્વમાં ફરજિયાત પેટ્રોલ સાથે ઈથેનોલ મિશ્રણનો સૌથી ઊંચો દર છે. કોઈ દેશ હજુ આ સ્તરે પહોંચ્યો નથી.

ફ્લેક્સ એન્જિનથી ચાલતા વાહનો

બ્રાઝિલમાં વેચાતી મોટાભાગની નવી કાર ફ્લેક્સ એન્જિન ધરાવતી હોય છે. આ વાહનો ૧૦૦ ટકા પેટ્રોલ, ૧૦૦ ટકા ઈથેનોલ કે બંનેના કોઈપણ પ્રમાણના મિશ્રણ પર એકસરખી સરળતાથી દોડી શકે છે. એન્જિન જ કારની સ્પીડ સહિતના ફેક્ટર્સને ધ્યાનમાં રાખીને જાતે પેટ્રોલમાં જોઈતું ઈથેનોલ મિક્સ કરે છે. પેટ્રોલથી ઈથેનોલ ઘણું સસ્તું હોવાથી બ્રાઝિલમાં લોકોની પસંદ ઈથેનોલ છે. સ્વીડન જેવા અમુક યુરોપિયન દેશોએ પણ જાહેર પરિવહનની બસો માટે ઊંચા પ્રમાણવાળા ઈથેનોલનો સફળ ઉપયોગ કરી જોયો છે ને હવે ભારત પણ આ દોડમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. દેશમાં ૧૦૦ ટકા ઈથેનોલ એટલે કે ઈ-૧૦૦ આધારિત વાહનો ચલાવવાની વિચારણા અને તૈયારીઓ તેજ બની છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ દેશમાં ૧૦૦ ટકા ઈથેનોલથી વાહનો ચાલશે એવી જાહેરાત કરીને ભારતને આ ક્લબમાં સામેલ કરવાની હિમાયત કરી છે.

100 ઈથેનોલનું એન્જિન કેવી રીતે કામ કરે છે?

ઈ-૧૦૦ માટે વપરાતા ફ્લેક્સ ફ્યુઅલ વાહનો જેને ટેકનિકલ ભાષામાં ઈન્ટરનલ કમ્બશન એન્જિન - આઈસીઈ કહેવાય છે તેવા હોય છે. એમાં કોઈ વીજળી કે અન્ય ઊર્જામાં રૂપાંતર થતું નથી, પરંતુ સીધું જ પ્રવાહી ઈંધણ બાળીને એન્જિન ચાલે છે. ટૂંકમાં સીધું ઈથેનોલ કે પેટ્રોલ અથવા તો બંનેના અમુક મિશ્રણથી ચાલે છે. ઈથેનોલથી ધાતુ અને રબર કટાઈ જાય છે. એટલે આ વાહનોની ફ્યુઅલ ટેન્ક, ટેન્કમાંથી એન્જિન સાથે જોડાયેલી પાઈપલાઈન, વાલ્વ અને ઈન્જેક્ટર મિશ્રધાતુ કે ટકાઉ પ્લાસ્ટિકમાંથી બનાવાય છે. તેમાં એક સ્માર્ટ 'ફ્યુઅલ કમ્પોઝિશન સેન્સર' અને અદ્યતન એન્જિન કંટ્રોલ યુનિટ (ઈસીયુ) હોય છે. ટાંકીમાં ઈંધણ આવતાં જ સેન્સર તેમાં રહેલા ઈથેનોલ અને પેટ્રોલનું ચોક્કસ પ્રમાણ માપી લે છે. એ મુજબ કમ્પ્યુટર સ્પાર્ક પ્લગનો સમય અને ઈંધણનો છંટકાવ આપોઆપ સેટ કરે છે. આ રીતે ફ્લેક્સ ફ્યુઅલ એન્જિન ૧૦૦ ટકા શુદ્ધ ઈથેનોલથી જ ચાલે છે. તેમાં પેટ્રોલ ભેળવવું ફરજિયાત નથી હોતું. આ વાહનોની ખાસિયત જ એ છે કે તેમાં ૧૦૦ પેટ્રોલ, માત્ર ૧૦૦ ટકા ઈથેનોલ, અથવા બંનેનું કોઈપણ મિશ્રણ નાખો તો પણ એન્જિન કંઈ ખામી સર્જાતી નથી. અતિશય ઠંડીમાં વાહન સ્ટાર્ટ કરવામાં મુશ્કેલી પડતી હોવાથી ઠંડા પ્રદેશોમાં આ એન્જિન પરેશાનીનું કારણ બને છે. જોકે, ભારત જેવા ગરમ દેશોમાં કોલ્ડ-સ્ટાર્ટ હીટિંગ સિસ્ટમ જોડવાથી સમસ્યાનો ઉકેલ આવી જાય છે.

૧૦૦ ટકા ઈથેનોલના પ્રયોગો

પ્રદૂષણ ઘટાડવા અને ક્રૂડ ઓઈલની આયાત પર નિર્ભરતા ઓછી કરવા દુનિયા ગ્રીન ફ્યુઅલનો વિકલ્પ પસંદ કરતી થઈ છે ને એ માટે ઈથેનોલ મજબૂત ઓપ્શન છે. પેટ્રોલમાં ઈથેનોલ ભેળવીને વાહનો ચલાવવાની ટેકનોલોજી આજે વૈશ્વિક સ્તરે મેઈનસ્ટ્રીમ બની ચૂકી છે. પેટ્રોલમાં પાંચ ટકાથી માંડીને હવે મેઈનસ્ટ્રીમમાં મેક્સિમમ ૨૭ ટકા સુધી ઈથેનોલ બ્લેન્ડિંગ થઈ રહ્યું છે, ત્યારે ઈ-૮૫ સુધીના પ્રયાસો પણ ચાલી રહ્યા છે ને એમાં વળી સંપૂર્ણ રીતે ઈથેનોલથી જ વાહન ચાલે તેવા પ્રયોગોએ જોર પકડ્યું છે. ઈનફેક્ટ એમાં સફળતા પણ મળી છે. બ્રાઝિલમાં ૧૦૦ ટકા ઈથેનોલ સીધું ઈંધણ તરીકે વેચાય છે. બ્રાઝિલના લોકો પેટ્રોલ પંપ પર જઈને પોતાની મરજી મુજબ પેટ્રોલ અથવા ૧૦૦ ટકા ઈથેનોલ ભરાવી શકે છે. ફ્લેક્સ ફ્યુઅલ વાહનોમાં આ પ્રકારના એન્જિન હોય છે, જે સંપૂર્ણપણે ઈથેનોલથી ચાલે છે.

એવરેજ પણ એક મહત્ત્વનું ફેક્ટર

ઈથેનોલથી વાહનની એવરેજ પેટ્રોલની તુલનાએ ઓછી આવે છે. લોકો એ રીતે ગણતરી કરશે. એક કિલોમીટર કેટલા રૂપિયામાં પડે છે એના આધારે પસંદગી થશે. ઈથેનોલથી એવરેજ ઓછી આવે ત્યારે લીટરનો ભાવ ઓછો હોવો જોઈએ. આ માટે સરકારે જીએસટી અને સબસિડી મારફતે ઈ-૧૦૦ને આર્થિક રીતે આકર્ષક બનાવવું પડશે. વળી, ફ્લેક્સ ફ્યુઅલ એન્જિન ધરાવતા વાહનોની કિંમત પણ ખૂબ ઊંચી હોય છે. ઈથેનોલ ન મળે ત્યારે પેટ્રોલથી વાહન ચાલે એવા ફ્લેક્સ એન્જિન મધ્યમવર્ગના બજેટમાં ઉપલબ્ધ બને તો જ ઈ-૧૦૦નો પ્રયોગ સફળ થઈ શકે છે.

શું ભારતમાં ઈ-૧૦૦ પૉલિસી શક્ય બનશે?

ભારતમાં ૧૦૦ ટકા ઈથેનોલ પર વાહનો ચલાવવાનું સપનું વ્યવહારિક રીતે શક્ય તો છે. ભારતે નિર્ધારિત સમય કરતાં વહેલા પેટ્રોલિયમમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવવાનો લક્ષ્યાંક સિદ્ધ કરવાની દિશામાં મોટી છલાંગ લગાવી છે ને જે રીતે સરકાર ઈથેનોલથી ચાલતા વાહનોને પ્રમોટ કરે છે એ જોતાં કંપનીઓ બ્રાઝિલની જેમ ફ્લેક્સ ફ્યુઅલ વાહનો માર્કેટમાં મૂકશે. જો ભારતે ઈ-૧૦૦નો લક્ષ્યાંક અચિવ કરવો હોય તો કેટલાક પડકારોનો સામનો કરવો પડશે.



ઈ-૧૦૦ સામે રહેલા પડકારો

સામાન્ય એન્જિનમાં ૧૦૦ ટકા ઈથેનોલ ન વાપરી શકાય, કારણ કે ઈથેનોલ રબર અને અમુક ધાતુઓમાંથી ક્ષાર બનાવે છે એટલે શિયાળામાં વાહન ચાલુ થવામાં સમસ્યા ખડી થાય છે. તેનો યોગ્ય ઉકેલ હજુ સુધી મળ્યો નથી. એ માટે ઓટોમોબાઈલ કંપનીઓએ ખાસ ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન ધરાવતા વાહનો ભારતીય બજારમાં મૂકવા પડશે અને તેના પર ગ્રાહકોને ભરોસો પણ બેસે તે જરૂરી છે. ભારતમાં કાર મેકર કંપનીઓએ આવા પ્રોટોટાઈપ રજૂ કરી દીધા છે, પણ એનો ફીડબેક પોઝિટિવ આવશે તો જ પરિણામ મળશે. ઈથેનોલ મેઈનલી શેરડી અને અનાજ જેવા કે ચોખા-મકાઈમાંથી બને છે. ઈ-૧૦૦ માટે અબજો લિટર ઈથેનોલની જરૂર પડશે. ખાદ્ય સુરક્ષા જોખમાય નહીં તે માટે કૃષિ કચરો, પરાળી અને શેરડીના કચરાનો ઉપયોગ વધારવો પડશે.

ઈથેનોલ પેટ્રોલથી સસ્તું પડે તે જરૂરી

ઈથેનોલ પાણીને ઝડપથી શોષી લે છે, તેથી તેના પરિવહન અને પેટ્રોલ પંપ સુધીના સંગ્રહ માટે ખાસ વોટર-પ્રુફ પાઈપલાઈન અને ટાંકીઓની વ્યવસ્થા ગોઠવવી પડશે. દેશભરના પંપો પર ઈ-૧૦૦ માટે અલગ ડિસ્પેન્સિંગ યુનિટ શરૂ કરવા પડશે. તે ઉપરાંત કિંમત ખૂબ મહત્ત્વનું ફેક્ટર છે. પેટ્રોલ અને ઈથેનોલના ભાવમાં મોટો તફાવત નહીં હોય તો લોકો ઈથેનોલ તરફ વળશે નહીં. અત્યારે સરકારે ૨૦ ટકા ઈથેનોલ મિક્સ કરવાનું શરૂ કર્યું પછી લીટરના પેટ્રોલના ભાવમાં ઘટાડો થયો નથી. બચત હશે તો એ જ મેઈન મોટિવેશન હશે. બંનેના ભાવમાં મોટો ફરક નહીં પડતો હોય તો લોકો ઈથેનોલ તરફ વળશે નહીં.



કોલસો હવે ફ્યુઅલના સ્વરૂપમાં વપરાતો નથી, પરંતુ વીજળી ઉત્પન્ન કરવા માટે તેનો ઉપયોગ થાય છે. કોલસાથી મોડર્ન પરિવહનની ક્રાંતિ થઈ હતી

દુનિયાની ૩૬ ટકા વીજળીનો આધાર કોલસો

૧૭૧૨માં કોલસાથી ચાલતા પ્રથમ વરાળ એન્જિનનું સફળ પરીક્ષણ થયેલું ને એ ઘડીએ જ મોડર્ન પરિવહનની ક્રાંતિના મંડાણ થયા. દોઢ-પોણા બે સદી સુધી પરિવહનનો મુખ્ય આધાર કોલસા પર રહ્યો. પેટ્રોલ-ડીઝલ-ગેસના વિકાસ બાદ સ્થિતિ બદલાઈ ગઈ. હવે છેલ્લાં સોએક વર્ષથી પેટ્રોલ-ડીઝલથી ચાલતા વાહનોનો દબદબો છે. એ પછી સીએનજીની ક્રાંતિ થઈ. છેલ્લાં દાયકાઓમાં ઈલેક્ટ્રિકલ વાહનોએ માર્કેટ સર કર્યું. પરંપરાગત ઉર્જાથી પર્યાવરણને નુકસાન થતું હોવાથી દુનિયા હવે વૈકલ્પિક ઉર્જા તરફ વળી છે. તેના કારણે રિન્યુએબલ એનર્જીથી માંડીને ગ્રીન હાઈડ્રોજન અને સિન્થેટિક બાયોફ્યુઅલથી વાહનો ચલાવવાની દિશામાં દુનિયા આગળ વધી છે.

ઈલેક્ટ્રો-ફ્યુઅલ

આ એક વૈજ્ઞાનિક ચમત્કાર છે. જમીનમાંથી ક્રૂડ ઓઈલ કાઢ્યા વિના લેબોરેટરીમાં પેટ્રોલ અને ડીઝલ જેવું જ સિન્થેટિક ફ્યુઅલ તૈયાર થાય છે. તેના મેકિંગમાં સોલર કે પવન ઊર્જા દ્વારા પાણીનું વિભાજન કરીને ગ્રીન હાઈડ્રોજન બનાવાય છે. ત્યારબાદ વાતાવરણ કે ઔદ્યોગિક ચીમનીઓમાંથી સીધો શોષાયેલો કાર્બન ડાયોક્સાઈડ આ હાઈડ્રોજન સાથે મિક્સ કરીને ડ્રોપ-ઈન હાઈડ્રોકાર્બન ફ્યુઅલ બને છે. આ ફ્યુઅલ એન્જિનમાં બળે છે ત્યારે તે વાતાવરણમાંથી મેળવેલો કાર્બન જ પાછો છોડે છે, જેથી તેનું નેટ ઉત્સર્જન ઝીરો રહે છે. આ ટેકનોલોજીની સૌથી મોટી ખૂબી એ છે કે તેના માટે વર્તમાન પેટ્રોલ-ડીઝલ એન્જિનો, પાઈપલાઈન્સ કે પેટ્રોલ પંપો બદલવા પડતા નથી. ભારે વિમાનો, વિશાળ દરિયાઈ જહાજો અને ફોર્મ્યુલા-૧ જેવી સ્પોર્ટ્સ કાર માટે આ ઈલેક્ટ્રોફ્યુઅલ યાને ઈ-ફ્યુઅલ્સ ભવિષ્યમાં વરદાન સાબિત થશે.

ફ્યુઅલના વિકલ્પો : 300 વર્ષમાં કોલસાથી પેટ્રોલ, સીએનજી અને ગ્રીન હાઈડ્રોજન સુધીનું રિવોલ્યુશન



ઈલેક્ટ્રિસિટી

વીજળીનો ઉપયોગ હવે ઘરમાં બલ્બ, ટીવી, ફ્રીજ, એસી, વોશિંગ મશીન કે એવા સાધનો ચલાવવા પૂરતો મર્યાદિત નથી. એનાથી ક્યાંય આગળ વધીને હવે ઈલેક્ટ્રિસિટી ગ્લોબલી વાહન-વ્યવહારની કરોડરજ્જુ બનવા લાગી છે. પરંપરાગત પેટ્રોલ-ડીઝલના વિકલ્પે સૌથી પ્રભાવશાળી વ્હીકલ ફ્યુઅલ તરીકે વીજળીનો દબદબો બની રહ્યો છે. ઈવીમાં તે બેટરી પેકમાં કેમિકલ એનર્જી સ્વરૂપે તેનો સંગ્રહ થાય છે. વીજળી પર દુનિયાનો ભરોસો વધ્યો છે એનું કારણ છે કે તે અખૂટ છે. પરંપરાગત ખનીજોનો ભંડાર પૂરો થશે, પરંતુ વીજળી જળ, સૂર્ય, પવન એમ જુદા જુદા સોર્સેથી મેળવી શકાતી હોવાથી તે અખૂટ છે. સોલિડ-સ્ટેટ બેટરીઝ, અલ્ટ્રા-ફાસ્ટ ચાર્જિંગ અને સ્માર્ટ ગ્રીડ જેવી ટેકનોલોજી આગામી સમયમાં ચાર્જિંગ સમય ઘટાડી કાર-બસ જેવા વાહનોને ૧,૦૦૦ કિમી સુધીની રેન્જ આપશે. સાયકલથી બાઈક અને કારથી માંડીને હાઈ-સ્પીડ ટ્રેનો સુધી તમામ સ્તરે ઈલેક્ટ્રિસિટીનો ઉપયોગ વધતાં એ વિશ્વને કાર્બનફ્રી કરવા માટે ખૂબ ઉપયોગી થશે.

બાયો-ફ્યુઅલ

બાયો ફ્યુઅલ્સ એટલે વનસ્પતિ, ખેતપેદાશો અને એનિમલ ફેટમાંથી મેળવાતું ફ્યુઅલ. શેરડી, મકાઈ, સોયાબીન, વપરાયેલું તેલ, પરાળી જેવી એગ્રીકલ્ચર વેસ્ટ વગેરે પર પ્રોસેસ કરવાથી બાયો-ફ્યુઅલ મળે છે. આ બાયો-ફ્યુઅલને પરંપરાગત ફ્યુઅલમાં મિક્સ કરવામાં આવે છે. જેમ કે, પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવામાં આવે છે તે બાયો-ફ્યુઅલનું ઉદાહરણ છે. એ જ રીતે સોયાબીન, પામ તેલ વગેરેમાંથી જે બાયો-ફ્યુઅલ બને છે તેને બાયો-ડીઝલ કહેવામાં આવે છે. તે ડીઝલમાં ભેળવવામાં કામ લાગે છે. ખેતરનો કચરો, છાણ વગેરેમાંથી પ્રોસેસ કરીને જે ગેસ મેળવવામાં આવે છે તે કમ્પ્રેસ્ડ બાયો-ગેસ કહેવાય છે, તે પણ સ્વચ્છ એનર્જીના સોર્સ સ્વરૂપે ઉપયોગી થશે. તે સીએનજીના વિકલ્પે વપરાશે.

ગ્રીન હાઈડ્રોજન

પાણીમાંથી આ ફ્યુઅલ મેળવવામાં આવે છે. સૌર કે પવન ઊર્જા વાપરીને મેળવાતો ગ્રીન હાઈડ્રોજન પૃથ્વી પરનું સૌથી શુદ્ધ અને ઉચ્ચ ઘનતા ધરાવતું ફ્યુઅલ છે. ગ્રીન હાઈડ્રોજન બળે તે પછી કચરા તરીકે માત્ર પાણીની વરાળ છૂટી પડે છે. આ વિશેષતા તેને ૧૦૦ ટકા પ્રદૂષણમુક્ત બનાવે છે. આ એનર્જીથી માત્ર કાર ચલાવવા પૂરતી લિમિટેડ નથી. સ્ટીલ ફેક્ટરીઓ, સિમેન્ટ પ્લાન્ટ્સ, ખાતર ઉદ્યોગ અને લાંબા અંતરની માલવાહક ટ્રેનો તથા ટ્રકોને સંપૂર્ણપણે કાર્બનમુક્ત કરવાની ક્ષમતા હોવાથી દુનિયાને ગ્રીન હાઈડ્રોજનથી ખૂબ આશા છે. અત્યારે તેના ઉત્પાદન અને સંગ્રહની સુવિધા ખર્ચાળ હોવાથી આ સેક્ટરને મોટા રોકાણની જરૂર છે. રોકાણ વધવાની સાથે ઉત્પાદન ખર્ચ ઘટશે એટલે આગામી સમયમાં ઔદ્યોગિક જગત માટે આ ફ્યુઅલ પ્રાણવાયુ બનશે.

ગ્રીન હાઈડ્રોજન અને સિન્થેટિક બાયોફ્યુઅલ ક્લીન એનર્જી માટે ખૂબ આશાસ્પદ ગણાય છે, ભવિષ્યમાં વાહનો આ પ્રકારના ફ્યુઅલથી દોડતાં હશે

એમોનિયા

ખાતર ઉદ્યોગમાં વપરાતું કેમિકલ એમોનિયા હવે દુનિયાને ક્લીન એનર્જી આપશે. આ એનર્જી કંઈક આ રીતે બને છે: હવામાંથી નાઈટ્રોજન મેળવીને પાણીના ઈલેક્ટ્રોલિસિસથી ગ્રીન હાઈડ્રોજન બનાવવામાં આવે છે ને આ બંનેને રિન્યુએબલ વીજળીની મદદથી જોડવામાં આવે છે. આ પ્રોસેસથી ગ્રીન એમોનિયા બને છે. તેના રાસાયણિક બંધારણમાં કાર્બનનો એકેય અણુ ન હોવાથી, એન્જિનમાં તેના દહન વખતે કાર્બન ઉત્સર્જન ઝીરો રહે છે. ગ્રીન હાઈડ્રોજનની સરખામણીએ એમોનિયાને પ્રવાહી સ્વરૂપે સંગ્રહવાનું અને એક સ્થળેથી બીજા સ્થળે પહોંચાડવાનું બેહદ સરળ છે. ભારે બેટરીઓથી જેનું સંચાલન અશક્ય છે તેવા વિશાળ કન્ટેનર અને ઓઈલ ટેન્કર્સ માટે એમોનિયા ભવિષ્યમાં શ્રેષ્ઠ ફ્યુઅલ વિકલ્પ બનશે. જોકે, તેની આકરી ગંધ, ઝેરી ગુણધર્મ અને નાઈટ્રોજન ઓક્સાઈડ ઉત્સર્જનના નિયંત્રણ જેવા પડકારો છે, છતાં દરિયાઈ પરિવહનને પ્રદૂષણમુક્ત બનાવવામાં ગ્રીન એમોનિયા સૌથી ઉપયોગી સાબિત થશે.

ગુજરાત સમાચાર

વન મંત્રાલયની ઉદાસી

સહુને જંગલ સફારી ગમે છે. ઘટાટોપ વનની વચ્ચે પૂરપાટ વહેતી નિર્મળ નદીના મીઠા નીરને કાંઠે એક રાત પસાર કરવી એ એક લ્હાવો છે. પરંતુ એ જંગલને ધબકતું કે જીવંત રાખવામાં મનુષ્ય નિષ્ક્રિય છે. લગભગ સાડા ચાર દાયકા પહેલાં, જ્યારે વિશ્વની સામે પર્યાવરણ એક નિકટવર્તી કટોકટી તરીકે ઉભરી રહ્યું હતું, ત્યારે ભારતમાં વન (સંરક્ષણ) અધિનિયમ-૧૯૮૦ લાગુ કરવામાં આવ્યો હતો. આજે પરિસ્થિતિ એનાથી વધુ વિકટ છે. વિકાસની અબૌદ્ધિક દોડ સામે હવે પર્યાવરણ ગાયબ થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં, પર્યાવરણને અનુકૂળ કાયદાઓથી કોઈ બચતું નથી તે સ્વાભાવિક છે. જંગલોનો પક્ષ લેનારી અને જંગલો વતી વકીલાત કરનારી એનજીઓ પણ ભારતમાં ક્વચિત જ બોલે છે. એનો અવાજ પણ શાસકો કે પ્રજાને સંભળાતો નથી, ભક્તો તો વિચારશૂન્ય છે અને બુદ્ધિજીવી તટસ્થ નાગરિકોનું જંગલો તરફ ધ્યાન જ નથી. એને કારણે વન સંરક્ષણ હવે વન સંભક્ષણ બની રહ્યું છે.

આને કારણે દેશના સમૃદ્ધ પ્રાકૃતિક સંપદા સમાન જંગલો હવે સરકારી છૂટછાટ ધરાવતા અધિનિયમોથી જોખમમાં મૂકાયા છે. અગાઉ લોકસભામાં ફોરેસ્ટ (સંરક્ષણ) સંશોધન બિલ ૨૦૨૩ પસાર કરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય વન (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૦માં નોંધપાત્ર ફેરફારો લાવવાનો છે. ભારતમાં જંગલોના રક્ષણ માટે આ એક મહત્વપૂર્ણ કેન્દ્રીય કાયદો છે. સંયુક્ત સંસદીય સમિતિએ આ કાયદા સાથે સંબંધિત સુધારાઓને મંજૂર કરી દીધા. સમિતિએ આ બિલમાં કોઈ ફેરફાર સૂચવ્યો નથી. એક અહેવાલ અનુસાર, આ અંગે આદિવાસીઓ દ્વારા દાખલ કરવામાં આવેલા વાંધાઓને સમિતિએ સંપૂર્ણપણે ફગાવી દીધા. અને એનો કોઈ વિવાદ પણ થયો નથી. સંયુક્ત સંસદીય સમિતિના અહેવાલમાં વન (સંરક્ષણ) અધિનિયમ -- ૧૯૮૦માં સુધારા માટેના પ્રસ્તાવિત બિલનું પહેલા તો કલમ-વાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ ક્રમમાં, ભારત સરકારના ઓછામાં ઓછા ૧૦ મંત્રાલયો પાસેથી સૂચનો અથવા માહિતી મંગાવવામાં આવી હતી.

આ ઉપરાંત, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને તેલંગાણા જેવા રાજ્યોના નિષ્ણાતો, વ્યક્તિઓ અને જાહેર સંસ્થાઓ પાસેથી પણ વાંધા કે અભિપ્રાય માંગવામાં આવ્યા હતા. સંપૂર્ણ તપાસ બાદ સમિતિને પોતાની મનઘડંત રીતે જ જાણવા મળ્યું છે કે આ બિલને લઈને રાજકીય પક્ષો, સામાજિક સંગઠનો અને આદિવાસી કાર્યકર્તાઓ અને પત્રકારોની ચિંતાઓ પાયાવિહોણી છે. સમિતિની બધિરતાએ આ બિલને આગળ ધપવા માટેનો માર્ગ સિંગલ પટ્ટીમાંથી ફોરલેન કરી આપ્યો હતો. જો કે નેશનલ કમિશન ફોર શેડ્યુલ્ડ ટ્રાઈબ્સે ફોરેસ્ટ (સંરક્ષણ) એક્ટ-૧૯૮૦'માં સૂચિત સુધારાઓને આદિવાસીઓના હિત માટે ઘાતક ગણાવ્યા હતા, પરંતુ સમિતિએ એમાંય આપખુદી અભિગમ દાખવી કહ્યું કે અમને આવી કોઈ આશંકા માટે કોઈ આધાર મળ્યો નથી. સમિતિમાં સમાવિષ્ટ કેટલાક સાંસદોએ આ બિલની જોગવાઈઓ સામે વાંધો નોંધાવ્યો હતો, પરંતુ સમિતિનો અંતિમ અહેવાલ આ બિલને મંજૂરી આપનારો જ નીવડ્યો છે.

રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના તત્કાલીન વડા હર્ષ ચૌહાણે અગાઉ આ બિલની પૂર્વ ભૂમિકા જેવા 'ફોરેસ્ટ કન્ઝર્વેશન રૂલ્સ-૨૦૨૨' સામે વાંધો ઉઠાવ્યો હતો પરંતુ એના પરિણામરૂપે ભારે દબાણ કરીને તેમને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી. તેમણે મેદાન છોડીને જવું પડ્યું. એમનો અવાજ સત્યનિષ્ઠ અને ક્રાન્તિકારી તથા મૂળ વનવાસીઓની તરફેણ કરનારો હતો. જ્યારે શાસક પક્ષે સંસદમાં મહત્ અંશે વિરોધ પક્ષોની દખલગીરી અટકાવી દીધી છે, ત્યારે તેણ ચર્ચા વિના સરકારી કામકાજ પણ ચાલુ રાખ્યું હતું. આશ્ચર્યજનક રીતે, બિલ સંસદમાં રજૂ થયા પછી, સરકારે તેને બંને ગૃહોના સભ્યોની બનેલી 'સંયુક્ત સંસદીય સમિતિ' પાસે મોકલ્યું. આ પણ, જ્યારે 'પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય' સંબંધિત તમામ મુદ્દાઓ માટે સંસદની 'સ્થાયી સમિતિ' પહેલેથી જ છે. સવાલ એ થાય છે કે પછી સરકારે તેની અવગણના કેમ કરી? સ્થાયી સમિતિના અધ્યક્ષ અને ભૂતપૂર્વ પર્યાવરણ મંત્રી જયરામ રમેશે આ પ્રક્રિયાને અભૂતપૂર્વ અને સ્થાયી સમિતિની જોગવાઈઓનું ઉલ્લંઘન ગણાવીને તેની સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો.આ બિલને પરિણામે આદિવાસીઓ પાસેથી જંગલ, આજીવિકા અને આવાસ છીનવી લેવાની અને દેશના જંગલોને વિનાશ તરફ દોરી જવાની સ્થિતિ આવશે. વનવાસીઓનું અકારણ સ્થાનાંતરણ, નદીઓ, ભૂગર્ભ જળ, માછીમારી, જંગલી પ્રાણીઓ અને પર્વતો, માટી અને પ્રકૃતિ જેવા દરેક અનેક સંસાધનોનો આ બિલને કારણે વિનાશ થશે.

મોટા મોટા પ્રોજેક્ટમાં નાના-નાના ડિજિટલ ટોકન ઈન્વેસ્ટમેન્ટ દ્વારા કરોડોનું રોકાણ લાવી શકાય છે

બ્લોકચેઈન અને RWA ટોકનાઈઝેશન ઈકોનોમીનું ભવિષ્ય બદલી શકે !

ભારત અત્યારે એક અભૂતપૂર્વ ડિજિટલ ક્રાંતિનું સાક્ષી બની રહ્યું છે. યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI), આધાર આધારિત ડિજિટલ આઈડેન્ટિટી, એકાઉન્ટ એગ્રીગેટર અને ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC) જેવી સુવિધાઓએ સાબિત કર્યું છે કે ટેક્નોલોજી માત્ર વ્યવહારનું સાધન નથી, પરંતુ આર્થિક લોકશાહીકરણનું પ્રબળ માધ્યમ છે. ડિજિટલ પેમેન્ટ્સ અને ફિનટેકમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર બન્યા પછી, ભારત હવે આગામી તબક્કાની નાણાકીય ટેક્નોલોજી તરફ આગળ વધી રહ્યું છે. આ નવા યુગમાં બ્લોકચેઈન ટેક્નોલોજી અને ખાસ કરીને રિયલ-વર્લ્ડ એસેટ ટોકનાઈઝેશન (RWA) સૌથી વધુ ચર્ચાતા વિષયો તરીકે ઊભરી આવ્યા છે. શું વાસ્તવિક સંપત્તિઓ સાથે જોડાયેલા અધિકારોનું ડિજિટલ પ્રતિનિધિત્વ કરીને રોકાણ, રેકોર્ડ મેનેજમેન્ટ અને ફંડિંગની પ્રક્રિયાઓને ખરેખર વધુ કાર્યક્ષમ અને સર્વસમાવેશી બનાવી શકાય? આ સવાલ આજે માત્ર કોઈ ટેક્નોલોજીકલ પ્રયોગ પૂરતો સીમિત નથી રહ્યો, પરંતુ એક ગંભીર રાષ્ટ્રીય અને આર્થિક ચર્ચાનો વિષય બન્યો છે.

જોકે, આ તબક્કે એક મૂળભૂત અને કાયદાકીય તફાવત સમજવો અત્યંત જરૂરી છે. માત્ર બ્લોકચેઈન પર કોઈ સંપત્તિનું ડિજિટલ ટોકન બનાવી દેવાથી રોકાણકારને આપમેળે તે સંપત્તિની કાયદેસર માલિકી પ્રાપ્ત થઈ જતી નથી. ટેક્નોલોજી પોતે કાયદો નથી, પરંતુ કાયદાકીય માળખાને અમલમાં મૂકવાનું એક ડિજિટલ સાધન છે. ટોકન ધારકના વાસ્તવિક અધિકારો, જવાબદારીઓ, નફાની વહેંચણી કે મિલકતના દાવાઓ હંમેશા દેશના પ્રવર્તમાન કાયદાઓ, નિયમનકારી મંજૂરીઓ અને યોગ્ય રીતે ડ્રાફ્ટ કરાયેલા કરારો પર નિર્ભર રહે છે. જો કોઈ ટોકન પાછળ સક્ષમ કાયદાકીય માળખું ન હોય, તો ડિજિટલ લેજર પરનો તે રેકોર્ડ માત્ર એક ગાણિતિક કોડ બનીને રહી જાય છે. તેથી, RWA ટોકનાઈઝેશન સફળ ત્યારે જ બને જ્યારે કાયદો અને ટેક્નોલોજી એકસાથે હાથ મિલાવીને ચાલે.

ભારતીય અર્થતંત્રના સંદર્ભમાં જોતાં, RWA ટોકનાઈઝેશન રોકાણ અને ફંડિંગ ક્ષેત્રે વિશાળ તકો લઈને આવી શકે છે. ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર છે, જ્યાં સ્માર્ટ સિટીઝ, હાઈવે, રિન્યુએબલ એનર્જી, લોજિસ્ટિક્સ પાર્કસ અને કોમર્શિયલ રિયલ એસ્ટેટ જેવા પ્રોજેક્ટ્સ માટે ટ્રિલિયન ડાલર્સની લાંબાગાળાની



મૂડીની આવશ્યકતા છે. પરંપરાગત રીતે, આવી વિશાળ સંપત્તિઓમાં માત્ર મોટા સંસ્થાકીય રોકાણકારો, બેંકો અથવા અતિ-શ્રીમંત વ્યક્તિઓ જ રોકાણ કરી શકતા હતા, કારણ કે લઘુત્તમ ટિકિટ સાઈઝ કરોડો રૂપિયામાં હોય છે. આ બધું RWA ટોકનાઈઝેશન ફ્રેક્શનલાઈઝેશન શક્ય બનાવે છે. ઉદાહરણ તરીકે, સો કરોડ રૂપિયાની કોઈ કોમર્શિયલ બિલ્ડિંગને એક-એક હજાર કે દસ-દસ હજાર રૂપિયાના લાખો ડિજિટલ યુનિટ્સમાં વિભાજિત કરી શકાય છે.

મોટી આર્થિક તકો હંમેશા સાવચેતી અને સુરક્ષાની માંગ કરે છે

આનાથી સામાન્ય રિટેલ રોકાણકારો પણ ઉચ્ચ-ગુણવત્તાવાળી સંપત્તિઓમાં વૈવિધ્યપૂર્ણ રોકાણ કરી શકે છે અને વિકાસશીલ ભારતીય પ્રોજેક્ટ્સને સ્થાનિક તથા વૈશ્વિક સ્તરેથી વિશાળ મૂડી ઉપલબ્ધ થઈ શકે છે.

સંપત્તિઓના રેકોર્ડ મેનેજમેન્ટમાં પણ બ્લોકચેઈન ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે. ભારતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રે ટાઈટલ વિવાદો, છેતરપિંડી અને અસ્પષ્ટ રેકોર્ડ્સ દાયકાઓથી મોટી સમસ્યા રહ્યા છે. જો મિલકતોના અધિકારોને યોગ્ય વહીવટી તંત્રની દેખરેખ હેઠળ ડિજિટલ લેજર પર સુવ્યવસ્થિત કરવામાં આવે, તો મિલકતના મૂળ ઈતિહાસની ચકાસણી, માલિકીની ફેરબદલી અને વ્યવહારોનું સમાધાન અત્યંત પારદર્શક અને ક્ષણિક બની શકે છે. આનાથી વ્યવહાર ખર્ચમાં ધરખમ ઘટાડો થાય છે અને બેંકો માટે સંપત્તિ ગીરો મૂકીને ધિરાણ આપવાની પ્રક્રિયા વધુ સરળ બને છે.

પરંતુ, મોટી આર્થિક તકો હંમેશા સાવચેતી અને સુરક્ષાની માંગ કરે છે. દરેક સંપત્તિ ટોકનાઈઝેશન માટે યોગ્ય હોતી નથી, અને ટેક્નોલોજીની ચમક પાછળ રહેલા ગંભીર જોખમોને નજરઅંદાજ કરી શકાય નહીં. કોઈપણ સંપત્તિને ડિજિટલ સ્વરૂપ આપતાં પહેલાં તેની કાયદેસર સ્થિતિ, ક્લિયર ટાઈટલ, ભૌતિક અસ્તિત્વ અને લિક્વિડિટીનું ઝીણવટભર્યું મૂલ્યાંકન અનિવાર્ય છે. સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ છે કે ટોકન ધારકને ખરેખર શું મળી રહ્યું છે? શું તેને મિલકતની પ્રત્યક્ષ માલિકી મળે છે, ભાડાની આવકનો હિસ્સો મળે છે, દેવાની ચુકવણીનો અધિકાર મળે છે કે કોઈ રોકાણ માળખામાં માત્ર મર્યાદિત ભાગીદારી મળે છે? જ્યાં સુધી આ બાબત કાયદાકીય રીતે સ્પષ્ટ ન હોય ત્યાં સુધી સામાન્ય રોકાણકારો માટે ભારે જોખમ ઊભું થઈ શકે છે.

વળી, ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ ટોકન હંમેશા સરળતાથી વેચી શકાશે અથવા તેનું મૂલ્ય અકબંધ જળવાઈ રહેશે તેવી કોઈ ગેરંટી હોતી નથી. જો અંતર્ગત વાસ્તવિક સંપત્તિનું મૂલ્ય ઘટે કે માર્કેટમાં ખરીદદારો ન હોય, તો ડિજિટલ ટોકન પણ પ્રવાહિતા ગુમાવી બેસે છે. આ ઉપરાંત, સાયબર સુરક્ષા, સ્માર્ટ કોન્ટ્રાક્ટ્સમાં રહેલી ખામીઓ, પ્રાઈવેટ કીની સલામતી, સ્વતંત્ર ઓડિટિંગ અને મજબૂત કસ્ટડી વ્યવસ્થા વગર આ ઈકોસિસ્ટમ ટકી શકે નહીં. કોઈપણ ડિજિટલ પ્લેટફોર્મ કાયદાકીય સુરક્ષા, નૈતિક શાસન અને પારદર્શક ફરિયાદ નિવારણ વ્યવસ્થાનો વિકલ્પ ક્યારેય બની શકતું નથી.

આ સમગ્ર રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં ગુજરાતની ભૂમિકા અત્યંત વ્યૂહાત્મક અને કેન્દ્રીય બની રહે છે. ગુજરાત હંમેશાથી વેપાર, ઉદ્યોગસાહસિકતા અને મૂડી રોકાણનું હૃદય રહ્યું છે. ગાંધીનગર ખાતે આવેલું ગિફ્ટ સિટી ભારતનું એકમાત્ર ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર (IFSC) છે, જે આંતરરાષ્ટ્રીય નાણાકીય નિયમનો અને વૈશ્વિક ઈકોસિસ્ટમ સાથે કામ કરે છે. ગિફ્ટ સિટીનું પ્રગતિશીલ રેગ્યુલેટરી સેન્ડબોક્સ RWA ટોકનાઈઝેશન જેવી અદ્યતન ફિનટેક પ્રક્રિયાઓનું સુરક્ષિત અને નિયંત્રિત વાતાવરણમાં પરીક્ષણ કરવા માટે દેશનું સૌથી શ્રેષ્ઠ પ્લેટફોર્મ સાબિત થઈ શકે છે.

આ સંદર્ભમાં, ગુજરાત અને વૈશ્વિક બજારોમાં કાર્યરત ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. દાખલા તરીકે, બ્લેન્ડોરા ગ્રૂપ ઓફ કંપનીઝ ડિજિટલ એસેટ્સ અને ઉભરતી ટેક્નોલોજીના ક્ષેત્રમાં RWA ટોકનાઈઝેશનને એક પરિવર્તનકારી વિકાસક્ષેત્ર માને છે. તેમની Gennii ઈકોસિસ્ટમ હેઠળ ડિજિટલ એસેટ્સના ઈશ્યુઅન્સ વર્કફ્લો, રિયલ-ટાઈમ મોનિટરિંગ અને એન્ટરપ્રાઈઝ-ગ્રેડ રેકોર્ડ મેનેજમેન્ટ જેવી અત્યાધુનિક ટેકનિકલ ક્ષમતાઓ વિકસાવવામાં આવી રહી છે, જે ભવિષ્યમાં ટોકનાઈઝ્ડ એસેટ્સના સુરક્ષિત વ્યવસ્થાપન માટે પાયારૂપ બની શકે છે. તેઓ એ બાબત પર ભાર મૂકે છે કે આ ક્ષેત્રનો વિકાસ માત્ર કોઈ એક કે બે કંપનીઓની પહેલથી શક્ય નથી. તેના માટે ઉદ્યોગ જગત, એકેડેમિક નિષ્ણાતો, નાણાકીય સંસ્થાઓ અને નિયમનકારી સત્તામંડળો વચ્ચે એક સતત, પારદર્શક અને રચનાત્મક સહયોગ જરૂરી છે. માત્ર કોઈ ટેક્નોલોજી કાર્યક્ષમ છે એટલા માત્રથી તેને નિયમનકારી માન્યતા કે કાનૂની રક્ષણ મળી ગયું છે તેમ માની શકાય નહીં. ટેક્નોલોજી પ્રોવાઈડર્સ અને કાયદા ઘડનારાઓ વચ્ચેનો આ જ સંવાદ સાચા અર્થમાં વિશ્વસનીય પરિણામો લાવી શકે છે.

ભારતમાં કામ કરતી મહિલાઓની સંખ્યા વધી, પરંતુ વેતન વચ્ચેનો તફાવત વધ્યો

ઈન્ડિયન કાઉન્સિલ ફોર રિસર્ચ ઓન ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન્સના એક નવા અભ્યાસ અનુસાર, છેલ્લા સાત વર્ષોમાં ભારતમાં મહિલા કાર્યબળ (વર્કફોર્સ) લગભગ બમણું થઈ ગયું છે, પરંતુ આ વધારો મુખ્યત્વે કૃષિ, સ્વ-રોજગાર અને પરિવારના વળતર વિનાના (અવેતન) કામમાં કેન્દ્રિત રહ્યો છે. જેમાં કામના ઓછા કલાકો અને પુરુષોની સરખામણીમાં વેતનની ખાઈ (તફાવત) વધુ પહોળી થઈ છે. વિમેન્સ વર્ક એન્ડ ટાઈમ-યુઝ ઈન ઈન્ડિયા ૨૦૧૭-૧૮ ટુ ૨૦૨૫ શીર્ષક હેઠળના આ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મહિલાઓએ ઘરમાં પોતાની અવેતન જવાબદારીઓમાં કોઈ ઘટાડો થયા વિના વધુ પેઈડ (પગારવાળું) કામ સ્વીકાર્યું છે, જેના કારણે તેમની પાસે આરામ અને સ્વ-સંભાળ માટે ઓછો સમય બચે છે. કામ કરતી મહિલાઓની સંખ્યા ૨૦૧૭-૧૮માં ૧૦.૪ કરોડ (૧૦૪ મિલિયન)થી વધીને ૨૦૨૫માં ૨૦.૧ કરોડ (૨૦૧ મિલિયન) થઈ ગઈ છે. મહિલા કાર્યકર-વસ્તી ગુણોત્તર ૨૨ ટકાથી વધીને ૩૮ ટકા થયો છે. ૨૦૨૫ના આ આંકડા મોટા સેમ્પલ અને કેલેન્ડર-વર્ષ સંદર્ભ ગાળા સાથેના સુધારેલા પિરિયોડિક લેબર ફોર્સ સર્વે પરથી આવ્યા છે.

આ વધારો મુખ્યત્વે ગ્રામીણ ભારતમાં અને કૃષિ ક્ષેત્રમાં કેન્દ્રિત હતો. ગ્રામીણ વિસ્તારોમાં મહિલા કાર્યકર-વસ્તી ગુણોત્તર ૨૩.૭ ટકાથી વધીને ૪૪.૯ ટકા થયો છે, જ્યારે શહેરી વિસ્તારોમાં તે ૧૮.૨ ટકાથી વધીને ૨૫.૯ ટકા થયો છે. પ્રાથમિક (કૃષિ) ક્ષેત્રમાં ગ્રામીણ પુરુષોનો હિસ્સો ૫૪.૧ ટકાથી ઘટીને ૪૭.૨ ટકા થયો છે, જ્યારે ગ્રામીણ મહિલાઓનો હિસ્સો ૭૦.૭ ટકાથી વધીને ૭૩.૩ ટકા થયો છે. અભ્યાસમાં નોંધવામાં આવ્યું છે કે માળખાકીય પરિવર્તન પુરુષો માટે દેખાઈ રહ્યું છે, પરંતુ દેશમાં મહિલાઓ આ પરિવર્તનથી મોટે ભાગે વંચિત રહી છે.

નિયમિત પગારદાર નોકરીઓમાં આ ગતિ જળવાઈ રહી નથી. ગ્રામીણ મહિલાઓમાં, પોતાના દમ પર કામ કરનારાઓ ૧.૩૯ કરોડ થી વધીને ૫.૬ કરોડ થયા છે, જેનાથી ગ્રામીણ મહિલા રોજગારમાં તેમનો હિસ્સો ૧૮.૬ ટકાથી વધીને ૩૭.૨ ટકા થયો છે. નિયમિત પગારદાર રોજગાર ૭૯ લાખ થી વધીને ૧.૩૯ કરોડ થયો છે, પરંતુ તેનો કુલ હિસ્સો ૧૦.૫ ટકાથી ઘટીને ૯.૩ ટકા થઈ ગયો છે. અહેવાલમાં જણાવાયું છે કે, તેથી, કાર્યબળમાં જોડાયેલી વધારાની મહિલાઓ મુખ્યત્વે સ્વરોજગાર અને અવેતન પારિવારિક મજૂરી દ્વારા પ્રવેશી છે, જે સૌથી અસુરક્ષિત અને સૌથી ઓછું વેતન ધરાવતી શ્રેણીઓ છે.

ગ્રામીણ ભારતમાં આ સ્તરનો ઉછાળો નવી તકોમાં સુધારા તરીકે જોવો મુશ્કેલ છે, અને તે વધુ સુસંગત રીતે દર્શાવે છે કે ગ્રામીણ મહિલાઓ મજબૂરી કે જરૂરિયાતને કારણે જોડાયેલી છે, પછી ભલે તે કૃષિ સાથે સંકળાયેલ હોય કે ઘરેલું વ્યવસાય સાથે. જોકે, અહેવાલમાં આર્થિક સર્વેક્ષણ ૨૦૨૩-૨૪ અને કેટલાક સંશોધકો દ્વારા વ્યક્ત કરાયેલ એક વિપરીત અભિપ્રાય પણ નોંધવામાં આવ્યો છે, જે મુજબ આ વધારો નવી તકોના સર્જનને આભારી હતો.

૨૦૧૭-૧૮ અને ૨૦૨૫ વચ્ચે દરેક જૂથ માટે સરેરાશ સાપ્તાહિક કામના કલાકો ઘટ્યા છે, પરંતુ ગ્રામીણ મહિલાઓના સાપ્તાહિક કામના કલાકો સૌથી વધુ ઘટ્યા છે (છ કલાકથી થોડા વધુ). અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે, કામદાર દીઠ ઘટતા કલાકોની સાથે વધતી જતી ભાગીદારી એ દર્શાવે છે કે કાર્યબળનો વિસ્તાર વધુ ને વધુ સીમાંત અને ઓછી તીવ્રતાવાળી પ્રવૃત્તિઓમાં થઈ રહ્યો છે.

વેતન તફાવત પણ વધુ પહોળો થયો છે. ૨૦૧૭-૧૮ અને ૨૦૨૫ વચ્ચે ગ્રામીણ પુરુષોના માસિક સામાન્ય વેતનમાં આશરે ૬૫ ટકાનો વધારો થયો હતો, જ્યારે ગ્રામીણ મહિલાઓ માટે આ વધારો માત્ર ૪૧ ટકા રહ્યો હતો. ૨૦૨૫માં ગ્રામીણ મહિલાઓ, ગ્રામીણ પુરુષોના માસિક વેતનના આશરે ૪૫ ટકા જેટલું જ કમાતી હતી, જે ૨૦૧૭-૧૮માં ૫૩ ટકા હતી. વાસ્તવિક આંકડામાં, માસિક ગ્રામીણ વેતન તફાવત લગભગ બમણો આશરે રૂ. ૪,૨૦૦ થી વધીને રૂ. ૮,૦૦૦ થી વધુ થઈ ગયો છે.

મહિલાઓના અવેતન કામ (ઘરકામ વગેરે) માં ભાગ્યે જ કોઈ રાહત મળી છે. ઘરના અવેતન કામકાજમાં જે તફાવત હતો તેમાં મોટો ફેરફાર થયો નથી.

માળખાકીય પરિવર્તન પુરુષો માટે દેખાઈ રહ્યું છે, પરંતુ દેશમાં મહિલાઓ આ પરિવર્તનથી મોટે ભાગે વંચિત રહી

અમેરિકા ફર્સ્ટના નારા મોંઘવારી ખેંચી લાવ્યા

અમેરિકાની ચૂંટણી જનમાનસમાં ચાલી રહેલા તીવ્ર મંથનનો પડઘો

અમેરિકાના રાજકારણમાં જે પરિણામો આવ્યા છે તેને સામાન્ય ચૂંટણી કે માત્ર આંકડાઓની રમત ગણવી એ ભૂલ રહેશે.ો આ કોઈ સામાન્ય પરાજય નથી, પણ અમેરિકન જનમાનસમાં ચાલી રહેલા આંતરિક મંથનનો પડઘો છે. જ્યારે વોશિંગ્ટનની કોરિડોરમાં હાર-જીતની સમીક્ષાઓ થતી હોય, ત્યારે સવાલ એ થાય કે આ જનતા ગઈ કાલે જેની પાછળ પાગલ હતી, તે જ મતદારો આજે અચાનક કેમ વિફર્યા? ટ્રમ્પથી મોહભંગ કેમ થયો? લોકોનો રોષ કોઈ એક દિવસમાં પેદા નથી થતો. 'અમેરિકા ફર્સ્ટ'ના નારા સાથે સત્તામાં આવેલા ડોનાલ્ડ ટ્રમ્પે શરૂઆતમાં અર્થતંત્રને વેગ આપ્યો, પણ સમય જતા આ નીતિઓની પીડાદાયક બાજુ સામાન્ય નાગરિકોને નડવા લાગી. મોંઘવારીનું રાક્ષસ કદ વધતું ગયું અને કરિયાણાની દુકાનથી લઈને પેટ્રોલ પંપ સુધી દરેક જગ્યાએ આમ આદમીનું બજેટ તુટવા લાગ્યું.

બીજું મોટું કારણ હતું ટ્રમ્પની આક્રમક શૈલી અને સોશિયલ મીડિયા પરની બેફામ ટિપ્પણીઓ. મતદારો હવે રોજિંદા ડ્રામા અને અનિશ્ચિતતાથી થાકી ચૂક્યા હતા. જ્યારે દેશને સ્થિરતાની જરૂર હતી, ત્યારે ટ્રમ્પના નિર્ણયોમાં એક પ્રકારની ઉતાવળ અને અસ્થિરતા દેખાતી હતી. તેમની છાપ 'મી.યુ ટર્ન' તરીકેની થઈ ગઈ હતી. સવારે કંઈક બોલે અને સાંજે કંઈક અલગ જ નિર્ણય લે. વિવેક રામાસ્વામી જેવા તેજસ્વી નેતાઓની હાર પણ એ વાતની સાક્ષી પૂરે છે કે લોકો હવે માત્ર ભાષણબાજી કે વચનો નહીં, પણ જમીની રાહત માંગતા હતા.

વિટો પાવર એ હવે ટ્રમ્પનું 'બ્રહ્માસ્ત્ર' છે. સંસદ પર વિપક્ષી ડેમોક્રેટ્સનું નિયંત્રણ આવી ગયું છે એટલે ટ્રમ્પ હવે લાચાર બની જશે એવું માનવું નાસમજ સાબિત થશે. ટ્રમ્પના હાથમાં અમેરિકન બંધારણે એક અત્યંત શક્તિશાળી હથિયાર મૂક્યું છે-જે છે વિટો પાવર. ડેમોક્રેટ્સ ગમે તેટલા કાયદા કે બિલ સંસદમાંથી પાસ કરીને લાવે, ટ્રમ્પ પોતાની એક જ કલમથી તેને વીટો કરીને રદ કરી શકે છે. આગામી સમયમાં અમેરિકન સંસદ 'કાયદા બનાવવા' કરતાં 'એકબીજાના કાયદા પાડવા'ના અખાડામાં ફેરવાઈ જવાની પૂરી સંભાવના છે. રાજકીય લડાઈ હવે વ્હાઈટ હાઉસ અને કેપિટલ હિલ વચ્ચેના સીધા શીતયુદ્ધમાં પલટાશે. જો બંને ગૃહમાં ડેમોક્રેટિકને ૨/૩ બહુમતી મળે તો જ વીટો પાવરની ધાર બુઠ્ઠી સાબિત થાય અન્યથા ટ્રમ્પ તેનો ઉપયોગ કર્યા વગર નહિ રહે.

તો સામે પક્ષે ટ્રમ્પના માથા પર પણ મહાભિયોગની તલવાર લટકતી દેખાય છે. મહાભિયોગની તલવાર કેટલી ધારદાર? હવે સૌથી મોટો સવાલ એ ઉઠે છે કે શું ટ્રમ્પને પદ પરથી હટાવવા માટે મહાભિયોગ લાવવામાં આવશે? ડેમોક્રેટ્સ માટે પ્રતિનિધિ સભામાં બહુમતી હોવાથી મહાભિયોગનો પ્રસ્તાવ લાવવો આસાન છે, પણ તેને સેનેટમાં પાસ કરાવવા માટે બે-તૃતીયાંશ મતોની જે દીવાલ પાર કરવી પડે છે, તે અત્યારે અશક્ય જેવી છે. એટલે મહાભિયોગનો શોરબકોર રાજકીય રોટલો શેકવા માટે જરૂર થતો રહેશે, પણ ટ્રમ્પની ખુરશી સિંહાસન તરીકે અકબંધ રહેશે. ટૂંકમાં કહીએ તો, આ પરિણામોએ અમેરિકાને એક એવા રસ્તે લાવીને ઊભું કર્યું છે જ્યાં આગામી દિવસો શાંતિપૂર્ણ ઓછા અને રોમાંચક વધુ હશે.

ભારત માટે આ પરિવર્તન લાભકર્તા હશે કે ? જે આજે પ્રત્યેક ભારતીયના મનમાં ઘુંટાઈ રહ્યો છે. ભારતની દ્રષ્ટિએ આ પરિણામોના મિશ્ર પ્રભાવ જોવા મળશે. ટ્રમ્પ સાથે વડાપ્રધાન મોદીના અંગત સંબંધો ઘણા ગાઢ હતા, જે ટ્રમ્પની આ ટર્મમાં બગડી ગયેલા. પરંતુ વેપારના મોરચે ટ્રમ્પનું વલણ હંમેશાં 'આવક અને લેવડ-દેવડ' ને ધ્યાનમાં રાખીને જ રહ્યું છે. ભારત પર ઊંચા ટેરિફ લાદવાની તેમની ધમકીઓ હવે સંસદીય સંતુલન બદલાતા સીધી રીતે લાગુ કરવી ટ્રમ્પ માટે આસાન નહીં રહે.

બીજી તરફ, ચીન વિરુદ્ધની રણનીતિમાં અમેરિકાની ભારત પ્રત્યેની જરૂરિયાત અકબંધ છે. એટ્લે વ્યૂહાત્મક ભાગીદારીને કોઈ આંચકો નહીં લાગે, કદાચ ટ્રમ્પના પાછલા બે વર્ષ કરતા આવનારા બે વર્ષ ભારત માટે વધુ આશાસ્પદ રહે તેવું દેખાઈ રહ્યું છે. હા, H-1B વિઝા અને આઈટી સેક્ટરના નિયમો બાબતે થોડી ખેંચતાણ જરૂર જોવા મળી શકે છે.

છેલ્લે હાલમાં વિશ્વમાં બધેજ લેફ્ટ વિંગનો દબદબો વધી રહ્યો છે. જેમ કે બ્રાઝીલમાં લુલા ડી સિલ્વા ચુંટાઈ આવ્યા છે. જેઓ લેફ્ટીસ્ટ છે. અમેરિકાની ડેમોક્રેટિક પાર્ટી પણ લેફ્ટીસ્ટ વિચારધારા જ ધરાવે છે. યુરોપના તોફાનો પાછળ પણ લેફ્ટ વિન્ગનો જ હાથ છે એમ ચર્ચાઈ રહ્યું છે. લેફ્ટ વિંગ જ્યાં સક્રિય થાય છે ત્યાં ઈસ્લામિક વિચારધારા વધુ ફૂલેફાલે છે. આ ચૂંટણીમાં પણ ડેમોક્રેટિક પાર્ટીના ૮ મુસ્લિમ ઉમેદવારોની જીત નક્કી છે. અન્ય જે ચાર મુસ્લિમ ઉમેદવાર જીતમાં આગળ છે આ બધાજ ડેમોક્રેટિક પાર્ટીમાંથી આવે છે. પરંતુ લેફ્ટ વીંગને એ નથી ખબર કે જ્યાં જ્યાં ઈસ્લામિક શાસન સ્થપાય છે ત્યાં ત્યાં લેફ્ટ વિંગને જ સૌ પ્રથમ લાત મારી ને કાઢી મુકવામાં આવે છે. આ વાત ઈતિહાસ કહી ચુક્યો છે.

લેખક : પરેશ કે ભટ્ટ.

સવાલ એ થાય કે આ જનતા ગઈ કાલે જેની પાછળ પાગલ હતી, તે જ મતદારો આજે અચાનક કેમ વિફર્યા?

કેલ્શિયમ અને ટ્રાયકલોસન બેઝ ટૂથપેસ્ટ અંગેની માહિતી

ઔદ્યોગિક માર્ગદર્શન

ધીરૂ પારેખ

ફલોરાઈડ, કેલ્શિયમ અને ટ્રાયકલોસન યુક્ત ટૂથપેસ્ટ દાંતનો સડો, દાંતની મજબૂતી તેમજ દાંતના રોગોમાં અક્ષીર સાબિત થયેલ છે.

* પ્રોપર્ટી : વાઈટ, કલરલેસ, ઓર્ડરલેસ, ટેસ્ટલેસ, સ્પે. ગ્રે. ૨.૦૭- ૨.૯૫ ડીકમ્પોઝ એટ ૮૨૫ સે. નોનટોકસિક, ઓછા પ્રમાણમાં પાણીમાં ઓગળે છે. સોલ્યુબલ ઈન એસિડ.

* ડેરિવેશન : નેચરલ મટિરીયલ માઈન્સમાંથી ઉપલબ્ધ કરવામાં આવે છે - પ્રેસિપિટેટેડ સિન્થેટિકલી બનાવવામાં આવે છે. જે કેલ્શિયમ કલોરાઈડ અને સોડિયમ કાર્બોનેટનું વોટર સોલ્યુશન બનાવીને અથવા પાસિંગ કાર્બન ડાયોકસાઈડ થ્રુ એ સસ્પેન્શન ઓફ હાઈડ્રેટેડ લાઈમ ઈન વોટર.

* ઉપયોગ : ટૂથપેસ્ટ, ટૂથ પાવડર, સોર્સ ઓફ લાઈમ, વાઈટવોશ, પુટ્ટી, પ્લાસ્ટીક,ફીલર ઈન રબ્બર, પેઈન્ટ, પેપર, એન્ટાસિડ વગેરે.

* ટ્રાયક્લોસન : ૫-ક્લોરો -૨-C2, ૪-ડાયક્લોરોફીનોક્સી), ફીનોલ. ટ્રાયક્લોસન દાંતના સડાને સદંતર નાશ કરે છે. સાથે દાંતના દુઃખાવામાં રાહત આપે છે. બગ્ઝના ગ્રોથને કન્ટ્રોલ કરવામાં મદદરૂપ બને છે.

* ટ્રાયકલોસન પ્રોપર્ટી : ક્રિસ્ટલાઈન પાવડર, વાઈટ, પ્યોરિટી - ૯૯.૫%, મેલ્ટીંગ પોઈન્ટ ૫૭ +/- ૧. મોઈચર - ૦.૧%, એશ-૦.૧%, હેવી મેટલ ૧૦ પીપીએમ.

(ક્રમશઃ)

GST હેઠળ રિફંડ સરળ કરતા પરિપત્રો

વેચાણવેરો

સોહમ મશરુવાળા

GST કાયદા હેઠળ રિફંડ બાબતે ખૂબ જ આકરી જોગવાઈ છે. તાજેતરમાં સરકાર દ્વારા પરિપત્ર દ્વારા અનેક બાબતો વિષે ખુલાસાઓ કર્યા છે તથા નોટીફિકેશન દ્વારા વિશિષ્ટ કિસ્સામાં સેવાની વેરાશાખનું રિફંડ મળવાપાત્ર કર્યું છે. આજના લેખમાં જૂના રિફંડો નિકાસના કિસ્સામાં શું બદલાયું છે તથા નવા બીજા સુધારાની ચર્ચા કરવામાં આવી છે.

જૂના નિકાસ રિફંડના ફેરફાર

અગાઉ નિયમ ૯૬(૧૦)ને કારણે ખરીદીમાં નિર્ધારીત કરમુક્તિ કે રાહત લેનારા નિકાસકારોને નિકાસ ઉપર ચૂકવેલ IGSTના રિફંડમાં રિફંડ મળ્યા બાદ વેરો વ્યાજ અને દંડ કરવામાં આવતા હતા.

આ નિયમ તા.૮ ઓક્ટોબર ૨૦૨૪થી રદ કરવામાં આવ્યો અને હવે પરિપત્ર ક્રમાંક ૨૬૪/૧૦/૨૦૨૬-GST જાહેર કરી તેમ ચોખવટ કરી છે કે આ નિયમ ૨૬ તારીખ ૨૩ ઓક્ટોબર ૨૦૧૭ ગુણવાની રહેશે. માન. સર્વોચ્ચ અદાલતના ન્યાય આપતા ચૂકાદાના લીધે આ બધી રાહત જાહેર કરવામાં આવી રહી છે અને તે પ્રમાણે બાકી કાર્યવાહીઓનો નિકાલ કરવા સૂચિત કરેલ છે. અમારા મત પ્રમાણે જ્યારે કોઈ વેપારીએ આ નિયમના ઉલંઘનના લીધે કોઈ કાર્યવાહી હેઠળ રકમ ભરીને કેસ પૂર્ણ કરેલ હોય તેવા કિસ્સામાં પણ રિફંડની અરજી કરી રકમ પરત માંગવાની થાય.

નિકાસના નાણા ભારતીય રૂપિયામાં પ્રાપ્ત થાય

પરિપત્ર ક્રમાંક ૨૬૩/૦૯/૨૦૨૬ - GST અન્વયે તેમ ખુલાસો કર્યો છે સેવાના નિકાસ માટે જ્યારે RBIની મંજૂરીવાળી વ્યવસ્થા હેઠળ નિર્ધારીત રૂપિયાના ખાતામાં અવેજ પ્રાપ્તી થાય તે વખતે સેવાના નિકાસની શરતનું પાલન થયેલું ગણાશે અને આ રકમ ઉપર ૧૮% GST ભરવાનો થશે નહીં. ખાસ નોંધ લેવી કે ફેમાની સમય મર્યાદા પ્રમાણે રકમ પ્રાપ્ત થઈ જઈ હોવી જોઈએ અને ખાતા સામે લડત આપવા માટે બેંકના પૂરાવા રાખવા અનિવાર્ય છે.

ISD અને નેટ ITC

પરિપત્ર ક્રમાંક ૨૬૦/૦૬/GST દ્વારા ખુબ જ જરૂરી ચોખવટ કરી છે કે જ્યારે કોઈ એકમ પાસે એક કરતા વધુ GSTin ધરાવતા હોય તે વખતે ISDનો નોંધણી નંબર પણ હોય છે. નિયમ ૫૪ (૧એ) હેઠળ ISDને વેરાશાખ ટ્રાન્સફર કરવા બનાવેલું ઈન્વોઈસ સામાન્ય વેચાણ કે બાહ્ય સપ્લાય નથી. જ્યારે રિફંડની અરજી કરતી વખતે ટ્રનોવર ગણવાનો અવસર આવે તે વખતે આ ઈન્વોઈસનું ટર્નોવર બાકાત રહેશે. રિફંડનો દાવો તૈયાર કરતી વખતે આ ઈન્ટર્નલ ટ્રાન્સફરને જુદી બીરદાવવી જરૂરી છે.

નોટબંધી પાછી લાવો, મોંઘવારી પ્રમાણે હવે બે લાખની નોટ લાવજો

સ્માઈલ ઈન્ડેક્સ

વ્યર્થશાસ્ત્રી

નોટબંધી મુદ્દે મોરચો આવ્યો છે એવી ખબર પડતાં ફાઈનાન્સ મિનિસ્ટ્રીમાં દોડધામ મચી ગઈ. કેટલાક અધિકારીઓ ટેરેસ પર તો કેટલાક બેઝમેન્ટમાં ભાગ્યા. બે-ચાર જણે તો 'યા હોમ કરીને પડો, સ્વર્ગ છે આગે' એવું વિચારીને ગેલેરીમાંથી ઝંપલાવવાનું નક્કી કરી લીધું. એક જણે તો વળી 'ધુરંધર'ના પ્રોડ્યુસરને ફોન જ જોડી દીધો કે તમે 'ધુરંધર-૯૯' બનાવો તેમાં આ મોરચાને કારણે અમે વ્હોરેલી શહાદતનો સીન લઈ લેશો કે કેમ?'

જોકે, એક બહાદૂર પટાવાળાએ અંદર આવી વધામણી ખાધી કે આ મોરચા તો નોટબંધી પાછી લાદવાની માંગ સાથે આવ્યો છે.

એક અધિકારી પહેલા માળે હતા તેમણે તો ત્યાંથી સીધો નીચે ભૂસકો માર્યો અને ગ્રાઉન્ડ પર ઉભેલા મોરચાવાળાના પગમાં જ પડી ગયા. 'ભાઈ સાહેબ, દસ વર્ષ પહેલાં જે ભૂલ થઈ ગઈ તે થઈ ગઈ. જુઓ આ દસ વર્ષમાં અમે નોટબંધીનું નામ પણ લીધું છે? અમે હવે ક્યાં નોટબંધીને અમારી સિદ્ધિ ગણાવીએ જ છીએ?'

મોરચાના એક આગેવાન આ અધિકારીને ઊભા કરીને કહે, 'અરે યાર, ટ્રમ્પે ટેરીફ લાદ્યો હોય કે પછી કોઈ એલટીસીજીની વાત કરતું હોય તેમ આ રીતે રોદણાં ન રોવા માંડો. અમે ક્યાં કહ્યું કે તમે ત્યારે કાંઈ ખોટું કર્યું હતું?' 'એ તો તમારું મન મોટું છે. બાકી, અમને તો ખબર જ છે કે અમે શું બાફ્યું હતું ...' અધિકારી વિનવણીના સૂરે બોલ્યા.

પાછલી નોટબંધી પછીનાં દસ વર્ષમાં દેશમાં એટલી સમૃદ્ધિ વધી છે કે દસ-૫૦ની નોટો હજુ અસ્તિત્વમાં હોય તે નાનમ જેવું લાગે છે

બીજા આગેવાન કહે, 'એ બધી રાંધવા, બાફવાની વાત પરથી જ અમે અહીં આવ્યા છીએ. તમને ખબર છે કે ખાવાનું બનાવવા માટેનું કરિયાણું, શાક, ગેસ બધું મોંઘું થઈ ગયું છે?'



નોટબંધીની કોઈપણ વાત નીકળે ત્યારે માથું જ ખંજવાળવા માંડતાં અધિકારીઓ આ વખતે પણ મૂંઝાયા એટલીવારમાં પેલા આગેવાને આગળ ચલાવ્યું. 'અમે કહેવા આવ્યા છીએ કે મોંઘવારી વધી ગઈ છે એટલે પેલી નોટબંધી પાછી લાવો. અત્યારની દસ રુપિયાથી માંડીને ૨૦, ૫૦ કે ૧૦૦ રુપિયાની નોટમાં શાક, મસાલા, અનાજ કાંઈ આવતું નથી. મતલબ કે આ બધી નોટો નિરર્થક બની ગઈ છે. એટલે આ વખતે આ નાની નોટોની નોટબંધી કરીને ચલણમાંથી રદ કરી નાખો. ગયા વખતે બે હજારની ગુલાબી નોટ લાવ્યા હતા તેને બદલે આ વખતે બે લાખની અલ્ટ્રા ગુલાબી નોટો લઈ આવો.'

આ સાંભળી રાહત થઈ હોય તેમ એક અધિકારી હસું હસું થતાં બોલી પડ્યા. 'આમ પણ હવે ગઈ નોટબંધી પછીનાં આ દસ વર્ષમાં દેશ એટલો બધો સમૃદ્ધ અને વિકસિત થઈ ગયો છે કે હવે ૧૦-૨૦-૫૦ની નોટો ચલણમાં હોય એ જરા નાનમ જેવું લાગે છે.'

આ વાત સાંભળી પેલા મોરચાના એક આગેવાનો ઠુઠવો મૂક્યો. તેમની સાથે બીજા આગેવાનો પણ ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા.એક અધિકારી ગળગળા થઈને કહે, 'ચાલો, તમે આવ્યા તો આ બહાને નોટબંધીની વરસીએ શ્રદ્ધાંજલિ સભાનો માહોલ થઈ ગયો. બાકી, અમારામાં તો હવે એ બહાને પણ નોટબંધીને યાદ કરવાની હિંમત નથી રહી.'

...ને બાકીના અધિકારીઓ પણ ડૂસકાં ભરવા લાગ્યા.

સ્માઈલ ટિપ

ભલભલી ફલોપ ફિલ્મોને સુપરહિટ તરીકે ઠઠાડી દેવા ધૂમ પ્રચારનો આઈડિયા બોલિવુડ પ્રોડ્યુસરોને નોટબંધી પરથી જ આવ્યો છે.

બજારની વાત

ઈન્ડિગો ૧૦૦ જેટ ખરીદશે




ઈન્ડિગો બ્રાઝિલની વિમાન નિર્માતા કંપની એમ્બ્રેઅર સાથે ૧૦૦ જેટ ખરીદવા માટે વાટાઘાટો કરી રહી છે. આ ચર્ચાઓ પ્રારંભિક તબક્કામાં છે અને સોદાની કોઈ ગેરંટી નથી. એરક્રાફ્ટના મોડેલને પણ આખરી ઓપ આપવામાં આવ્યો નથી અને ઓર્ડર કરાયેલી સંખ્યા બદલાઈ શકે છે. ભારતની સૌથી મોટી એરલાઇન ઈન્ડિગો ૧૦૦ જેટ ખરીદવા માટે વાટાઘાટો કરી રહી છે. ખરીદીની ચર્ચાઓ પ્રારંભિક તબક્કામાં છે , ખરીદીને આખરી ઓપ આપવામાં આવ્યો નથી અને ઓર્ડર કરાયેલી સંખ્યા બદલાઈ શકે છે. કોઈપણ ડિલિવરી વહેલામાં વહેલી તકે ૨૦૩૦થી શરૂ થવાની શક્યતા છે, એમ ચર્ચાઇ રહ્યું છે. ઈન્ડિગોના સીઈઓ વિલી વોલ્શ, જેમણે ઓગસ્ટમાં ચાર્જ સંભાળ્યો હતો, તેમણે જણાવ્યું છે કે ઈન્ડિગો તેના લો-કોસ્ટ શોર્ટ-હોલ બિઝનેસ સાથે સમાધાન કર્યા વિના લોંગ-હોલ ફ્લાઇંગનો વિસ્તાર કરશે, અને સપ્ટેમ્બર સુધીમાં ૪૪૨થી વધીને ૨૦૩૦ સુધીમાં તેના ફ્લીટને લગભગ ૯૦૦ એરક્રાફ્ટ સુધી વધારવાની યોજના ધરાવે છે.

સિમેન્ટ બિઝનેસમાં બે જાયન્ટ વચ્ચે સ્પર્ધા



સિમેન્ટ માર્કેટ બે અગ્રેસર જાયન્ટ કંપનીઓના પ્રભુત્વ હેઠળ છે. તેમાં એક છે અલ્ટ્રાટેક અને બીજી છે અંબુજા. આ બે-ઘોડાની રેસમાં માર્કેટ સીમિત થઈ રહ્યું છે બીજી હરોળના ઉત્પાદકોમાં શ્રી સિમેન્ટ, દાલમિયા ભારત, જે કે સિમેન્ટ્સ અને રામકો સિમેન્ટ્સ સામેલ છે. ભારતનો સિમેન્ટ ઉદ્યોગ આદિત્ય બિરલા જૂથનો હિસ્સો એવા અલ્ટ્રાટેક સિમેન્ટ અને અદાણી જૂથ દ્વારા નિયંત્રિત અંબુજા સિમેન્ટ્સના પ્રભુત્વ તરફ આગળ વધી રહ્યો છે. આ ક્ષેત્ર કુલ ૧૬ સ્વતંત્ર ઉત્પાદકો સાથે સ્પર્ધાત્મક લાગે છે, પરંતુ ટોચના બે અને બાકીના ઉત્પાદકો વચ્ચેનું અંતર વધી રહ્યું છે. બીજી હરોળના ઉત્પાદકો, જેમાં શ્રી સિમેન્ટ, દાલમિયા ભારત, જે કે સિમેન્ટ્સ અને રામકો સિમેન્ટ્સ સામેલ છે, તેમણે આ સમયગાળા દરમિયાન આવકમાં વૃદ્ધિ કરી હતી. પરંતુ તે વૃદ્ધિએ માત્ર મોટા બે દ્વારા શોષી લેવામાં આવેલી સ્વતંત્ર કંપનીઓના ગાયબ થવાની ભરપાઈ જ કરી હતી. સ્વતંત્ર ઉત્પાદકોની સંખ્યા માર્ચ ૨૦૨૬માં ઘટીને ૧૬ થઈ ગઈ છે, જે પાંચ વર્ષ પહેલાં ૨૩ અને માર્ચ ૨૦૧૬ માં ૩૨ હતી.

ગ્રીન હાઈડ્રોજનની ક્ષમતા સામે સમસ્યાઓ




ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન વધારવા પાછળના આગ્રહ સામેની મુશ્કેલી સમજવાની જરૂર છે. તેના પ્રોજેક્ટ્સ ટેક ઓફ કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે . પ્રોજક્ટ લોન્ચના લગભગ ચાર વર્ષ પછી, ભારતનું ગ્રીન હાઇડ્રોજન મિશન ઊંચા ખર્ચ, ધીમી કામગીરી અને અનિશ્ચિત માંગનો સામનો કરી રહ્યું છે. ગ્રીન હાઇડ્રોજન સાથે સંકળાયેલી મેજર કંપનીઓના રોકાણની પ્રતિબદ્ધતાઓ અને નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન હેઠળ સરકારી પ્રોત્સાહનો હોવા છતાં, ભારતના ગ્રીન હાઇડ્રોજનની મહત્વાકાંક્ષાઓ ઊંચા ઉત્પાદન ખર્ચ, અનિશ્ચિત માંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગેપનો સામનો કરી રહી છે. ભારતે તેના નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન (NGHM)ની જાહેરાત કર્યાના લગભગ ચાર વર્ષ પછી, ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ઓછામાં ઓછા ૫ મિલિયન ટન (mtpa) ક્ષમતાના લક્ષ્યાંક સાથે, જેને 'સ્ટ્રેટેજિક ઈન્ટરવેન્શન્સ ફોર ગ્રીન હાઇડ્રોજન ટ્રાન્ઝિશન' (SIGHT) સ્કીમ હેઠળ આપવામાં આવેલી સબસિડી દ્વારા મદદ મળી છે, ઈકોસિસ્ટમ હજુ પણ માળખાકીય પડકારોને દૂર કરવા માટે સંઘર્ષ કરી રહી છે. એક બાબત એ છે કે, પ્રોજેક્ટ ક્ષમતા હજી મોટા પાયે ટેક ઓફ કરી શકી નથી. જ્યારે રિન્યૂએબલ એનર્જી (RE) ના ઉત્પાદનનો ખર્ચ રેકોર્ડ નીચલી સપાટીએ પહોંચી ગયો છે.

થાર, XUV SUVsની ડિઝાઈનર રામક્રિપા અનંતન



મહિન્દ્રાના આઇકોનિક થાર, XUV SUVs પાછળના ડિઝાઇનર રામક્રિપા અનંતનની પ્રશંસા થઇ રહી છે કેમકે તેણે ૧૯૯૭માં ઈન્ટિરિયર ડિઝાઇનરથી લઇને મહિન્દ્રાની જીંફ લાઇનઅપને નવો આકાર આપીને વાહ વાહ મેળવી લીધી છે. તમારી નજીકથી કોઈ ગર્જના કરતી પસાર થાય છે અથવા XUV૭૦૦ હાઈવે પર લોકોનું ધ્યાન ખેંચે ત્યારે તેની ડિઝાઇન પાછળ એક મહિલાની ક્રિયેટિવીટી નજરે પડે છે. રામક્રિપા અનંતન ૧૯૯૭ માં ઈન્ટિરિયર ડિઝાઇનર તરીકે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં જોડાયા હતા.૧૯૯૨માં, તેમણે BITS પિલાનીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએશન કર્યું. બાદમાં, તેમણે ૧૯૯૭ માં IIT બોમ્બેમાંથી ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઇનમાં માસ્ટર્સ પૂર્ણ કર્યું. મહિન્દ્રામાં જોડાતા પહેલા, તેમણે ટૂંકા સમય માટે થરમેક્સ (Thermax)માં કામ કર્યું હતું. ૨૦૨૧ માં, BITS પિલાનીએ તેમને ડિસ્ટિંગ્વિશ ડ અલ્મનસ એવોર્ડથી સન્માનિત કરાયા હતા. રામક્રિપા અનંતને થાર, XUV૫૦૦, XUV૩૦૦, XUV૭૦૦ અને મરાઝો સહિતના કેટલાક લોકપ્રિય મોડલ્સ સાથે સંકળાયેલી ટીમોનું નેતૃત્વ કર્યું છે. ૨૦૧૧માં લોન્ચ થયેલી XUV૫૦૦ એ કંપનીની ડિઝાઇન લેંગ્વેજમાં એક ફેરફાર ચિહ્નિત કર્યો. તેમનું કાર્ય TUV૩૦૦ અને KUV૧૦૦ પોર્ટફોલિયો સુધી પણ વિસ્તર્યું. તેમણે ૨૦૨૦માં રજૂ કરવામાં આવેલી સેકન્ડ-જનરેશન થાર અને ૨૦૨૧માં લોન્ચ કરાયેલી XUV૭૦૦માં યોગદાન આપ્યું હતું. ૨૦૨૧માં, તેમણે બે દાયકા કરતાં વધુ સમય પછી મહિન્દ્રા છોડી દીધી અને તેમની પોતાની ડિઝાઇન કન્સલ્ટન્સી KRUX સ્ટુડિયોની સ્થાપના કરી હતી.

e com અને q com દિવાળીમાં ઉછાળો



દિવાળીના તહેવારોમાં ઈ-કોમર્સ (ecom) અને ક્વિક કોમર્સ (qcom) પ્લેટફોર્મ્સ પર તહેવારોને લગતી ખરીદીમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો. સોનાના સિક્કા, મીઠાઈઓ અને ઉત્સવના ડેકોરેશનથી લઈને ફેશન, હોમ એપ્લાયન્સિસ અને પ્રીમિયમ હેમ્પર્સ સુધી ગ્રાહકો જરૂરિયાતની વસ્તુઓ ઉપરાંત પણ પૂરજોશમાં ખર્ચ કરી રહ્યા છે. ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સમાં, ફ્લિપકાર્ટ મિનિટ્સ (Flipkart Minutes) કંપનીના જણાવ્યા મુજબ તહેવારની જરૂરિયાતો, ઘર અને રસોડાની વસ્તુઓ, ડેકોરેશન અને ગિફ્ટિંગની માંગને કારણે ૩૦ ઓક્ટોબરથી ૫ નવેમ્બર દરમિયાન ઓર્ડરમાં ત્રણ ગણો વધારો નોંધાવ્યો હતો. દિવડા (દીવા)ના ઓર્ડરમાં ૧૨ ગણો વધારો નોંધાયો હતો, જ્યારે હોમ ડેકોરના ઓર્ડરમાં પાંચ ગણો અને જૂસર મિક્સર, એર ફ્રાયર તેમજ ઈન્ડક્શન કૂકટોપ સહિતના કિચન એપ્લાયન્સિસમાં ૧૦ ગણો વધારો થયો હતો. પૂજા સામગ્રીની માંગ ચાર ગણી વધી હતી, જ્યારે પરફ્યુમ, ડિઓડરન્ટ અને હેમ્પર્સ જેવી ગિફ્ટિંગ પ્રોડક્ટ્સમાં બે ગણાથી વધુનો ગ્રોથ જોવા મળ્યો હતો. દિવાળીના તહેવારોમાં ઓન લાઈન સેલની સ્કીમ તેમજ બજારોમાં થતી ભરચક ભીડથી ત્રસ્ત નવા ગ્રાહકો પણ ઈ કોમર્સ તરફ વળ્યા હતા. ક્વિક કોમર્સ પરની ખરીદીમાં પણ દિવાળીની આઈટમો લોકો મંગાવતા હતા.

સંવત ૨૦૮૨ પડકારરૂપ નીવડ્યા છતાં છેલ્લા દિવસોની રોકેટ તેજીએ નવા વર્ષ માટે આશા જીવંત બનાવી

સંવત ૨૦૮૩માં શેરબજારની ઝળહળતી તેજીના વાયરા રોકાણકોરોને નફાની તક આપશે



કોર્પોરેટ પ્લસ

ગણેશ દત્તા

ભારતીય શેર બજારો માટે સંવત ૨૦૮૨ પડકારજનક નીવડ્યું છે એ સૌ કોઈને પોત પોતાના રોકાણ પોર્ટફોલિયોમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં થયેલા ધોવાણ પરથી અહેસાસ થયો છે. ઈરાન પર અમેરિકા, ઈઝરાયેલના મહાયુદ્ધ અનેયુક્રેન-રશિયા યુદ્ધના લાંબા સમયથી સંઘર્ષની અસર, ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવોમાં ભડકો, વિદેશી સંસ્થાકીય રોકાણકારો-ફોરેન પોર્ટપોલિયો ઈન્વેસ્ટરો દ્વારા સંવત ૨૦૮૨ના મોટાભાગના દિવસોમાં શેરોમાં થયેલી સતત વેચવાલી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના કારણે વિશ્વ સાથે ભારતના આઈટી ક્ષેત્રમાં ઊભી થયેલી અનિશ્ચિતતાએ બજારના સેન્ટીમેન્ટને અસર કરી હતી. પરિણામે સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. જો કે, ૨૦૮૨ના અંત પૂર્વેના છેલ્લા ૧૦ દિવસમાં અમેરિકામાં મિડ-ટર્મ ચૂંટણીઓના ડેવલપમેન્ટના કારણે અને અન્ય પોઝિટીવ પરિબળો આકાર લેતાં જે પ્રકારે રોકેટ તેજી જોવાઈ છે એને ધ્યાનમાં લેતાં હવે સંવત ૨૦૮૩માં ભારતીય શેર બજારોમાં રિકવરી આગળ વધશે એવી આશા બજારના નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. નિષ્ણાંતોના અંદાજ મુજબ નવા વર્ષની શરૂઆત પૂર્વે રોકેટ તેજી છતાં સંવત ૨૦૮૩માં આગળ જતાં ધીમે ધીમે રિકવરી સાથે ભારતીય ઈક્વિટી-શેરબજાર ૧૨થી ૧૩ ટકા જેટલું વળતર આપી શકે છે. સેકન્ડરી માર્કેટ માટે સંવત ૨૦૮૨ ઘણા શેરોમાં નેગેટીવ વળતરનું નીવડ્યું છે, પરંતુ પ્રાઈમરી માર્કેટ એટલે કે આઈપીઓની ભરમારને કારણે સંવત ૨૦૮૨ ભારતીય શેર બજારના ઈતિહાસમાં ઐતિહાસિક વર્ષ સાબિત થયું છે. સંવત ૨૦૮૩માં પણ આઈપીઓની ભરમાર ચાલુ રહેવાની શકયતા છે.

સંવત ૨૦૮૩ માટે બજારનું સૌથી મોટું પોઝિટીવ પરિબળ કોર્પોરેટ પરિણામો-અર્નિંગ્સમાં સંભવિત સુધારો છે. કંપનીઓના નફામાં આગામી વર્ષોમાં ૧૩થી ૧૫ ટકાના સીએજીઆર-ચક્રવૃદ્ધિ થવાની અપેક્ષા છે. તાજેતરના બીજા ત્રિમાસિકના પરિણામોમાં પણ કોર્પોરેટ અર્નિંગ્સ-કમાણીમાં આશરે ૨૨ ટકાની વૃદ્ધિ જોવા મળી છે, જે ભારતીય કંપનીઓની મજબૂત નાણાકીય સ્થિતિ દર્શાવે છે. ખાસ કરીને ઈન્ડસ્ટ્રીયલ્સ, યુટિલિટીઝ, ફાઈનાન્શિયલ્સ, હેલ્થકેર અને મટિરિયલ્સ જેવા ક્ષેત્રોમાં કમાણીની વૃદ્ધિ વધુ વ્યાપક બની રહી છે.

છેલ્લા બે વર્ષ દરમિયાન બજારમાં આવેલા કરેકશનને કારણે શેરોના વેલ્યુએશનમાં પણ સુધારો થયો છે. અનેક કંપનીઓના પ્રાઈસ-ટુ-અર્નિંગ (પી/ઈ), પ્રાઈસ-ટુ-બુક અને અર્નિંગ યીલ્ડ જેવા માપદંડ લાંબા ગાળાની સરેરાશની નજીક અથવા તેનાથી નીચે પહોંચ્યા છે. આથી લાંબાગાળાના રોકાણકાર માટે ગુણવત્તાયુક્ત કંપનીઓના શેરોમાં તબક્કાવાર રોકાણ કરવાની તક ઊભી થઈ શકે છે.

ભારતીય શેર બજારને ટેકો આપતું બીજું મહત્વનું પરિબળ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ) અને મ્યુચ્યુઅલ ફંડોની સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) દ્વારા આવતું સતત રોકાણ રહ્યું છે. વિદેશી રોકાણકારો દ્વારા સંવત ૨૦૮૨માં મોટાભાગના દિવસોમાં વેચવાલી કરવામાં આવી ત્યારે સ્થાનિક રોકાણકારો બજારમાં ખરીદી કરીને ઘટાડાની અસરને મર્યાદિત રાખવામાં મદદરૂપ બની રહ્યા હતા. આ ઉપરાંત ભારતની મજબૂત સ્થાનિક વપરાશ આધારિત અર્થવ્યવસ્થા, યુવા પેઢી, સરકારી મૂડી ખર્ચ, મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને પ્રોત્સાહન આપતી પીએલઆઈ સ્કિમો અને મજબૂત વિદેશી હૂંડિયામણ ભંડાર મધ્યમથી લાંબા ગાળે ભારતીય અર્થતંત્ર માટે સકારાત્મક પરિબળો છે.

સંવત ૨૦૮૩માં હેલ્થકેર અને ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્ર રોકાણકારો માટે આકર્ષક બની શકે છે. ભારતીય દવા ઉત્પાદકોની નિકાસ ક્ષમતા, નવી દવાઓના વિકાસ અને વૈશ્વિક બજારમાં વધતી માંહ આ ક્ષેત્રને ટેકો આપી શકે છે. બેંકિંગ અને ફાઈનાન્શિયલ સર્વિસિઝ ક્ષેત્રમાં પણ સારી તકો જોવા મળી શકે છે. બેંકોની ક્લિન બેલેન્સશીટ, નિયંત્રિત એનપીએ-નોન પર્ફોર્મિંગ એસેટ્સ અને સ્થાનિક ધિરાણની વધતી માંગ આ ક્ષેત્રની વૃદ્ધિ માટે અનુકૂળ છે.

આ ઉપરાંત કેપિટલ ગુડઝ, ઈન્ફ્રાસ્ટ્રકચર, ટેક્સટાઈલ્સ, ઈલેક્ટ્રિકલ ઈક્વિપમેન્ટ, કેબલ્સ અને ઓટોમોબાઈલ ક્ષેત્રમાં પણ સરકારના મૂડી ખર્ચ અને મેન્યુફેકચરિંગ પ્રવૃતિઓને કારણે વૃદ્ધિની શકયતા છે. આઈટી અને ટેકનોલોજી ક્ષેત્રમાં એઆઈ આધારિત નવી સર્વિસિઝ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન લાંબા ગાળે વૃદ્ધિના નવા અવસર ઊભા કરી શકે છે. બિલ્ડિંગ મટિરિયલ્સ અને કન્ઝમ્પ્શન ક્ષેત્રને પણ હાઉસિંગ, શહેરીકરણ અને પ્રીમિયમ ઉત્પાદનોની માંગનો લાભ મળી શકે છે. આઠમાં પગાર પંચની સંભવિત અસરથી વપરાશ આધારિત ક્ષેત્રોને પણ ટેકો મળી શકે છે.

સકારાત્મક પરિબળો હોવા છતાં સંવત ૨૦૮૩ના શરૂઆતના બે-ત્રણ ત્રિમાસિક ગાળા અસ્થિર રહી શકે છે. ક્રુડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૮૦થી ૮૫ ડોલર કે તેથી વધુ રહે તો ભારતના આયાત ખર્ચ, ફુગાવા અને ચાલુ ખાતાની ખાધ પર દબાણ આવી શકે છે. આ ઉપરાંત વૈશ્વિક વ્યાજ દર, અમેરિકાની નીતિઓ, ભૌગોલિક રાજકીય તણાવ અને એફઆઈઆઈની સતત વેચવાલી બજારની તેજીને મર્યાદિત કરી શકે છે. ટેકનિકલ દ્રષ્ટિએ નિફટી માટે ૨૨૦૦૦નું સ્તર મહત્વપૂર્ણ સપોર્ટ માનવામાં આવે છે. જ્યારે મધ્યમ ગાળામાં ૨૬,૩૦૦નું લેવલ અને બજારમાં વ્યાપક તેજીના સંજોગોમાં ૨૮,૦૦૦ સુધીના લક્ષ્યાંકની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

એકંદર સંવત ૨૦૮૩ ભારતીય શેર બજાર માટે સુધારાનું વર્ષ બની શકે છે. મજબૂત સ્થાનિક અર્થતંત્ર, કોર્પોરેટ અર્નિંગ્સમાં વૃદ્ધિ, વેલ્યુએશનમાં થયેલો સુધારો અને સ્થાનિક રોકાણકારોના ટેકા બાદ હવે ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફઆઈઆઈઝની મોટાપાયે ખરીદી ચાલુ રહે તો બજાર માટે આશાસ્પદ રહેશે. અલબત હજુ વૈશ્વિક ડેવલપમેન્ટને લઈ અનિશ્ચિતતા અને ક્રુડ ઓઈલના ભાવને કારણે ટૂંકાગાળામાં ઉતાર-ચઢાવ ચાલુ રહી શકે છે. જેથી રોકાણકારોએ ઉતાવળમાં ખરીદી કરવાને બદલે તબક્કાવાર રોકાણ, યોગ્ય એસેટ એલોકેશન-ફાળવણી અને લાંબા ગાળાની વૃદ્ધિનો વ્યુહ અપનાવો જોઈએ. ગુણવત્તાયુક્ત કંપનીઓની પસંદગી અને જોખમનું યોગ્ય સંચાલન સંવત ૨૦૮૩માં સંપત્તિ સર્જન માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

સંવત ૨૦૮૩ માટે પસંદગીના ૧૦ શેરો

સંવત ૨૦૮૩ માટે વિવિધ ક્ષેત્રોમાં અહીં દર્શાવેલા શેરો ધ્યાનમાં લઈ શકાય. અહીં દર્શાવેલા ભાવ વર્તમાન ભાવ આધારિત છે અને તેમાં બજારની હિલચાલ પ્રમાણે ફેરફાર થઈ શકે છે.

(૧) જેનેસીસ ઈન્ટરનેશનલ કોર્પોરેશન લિમિટેડ. રૂ.૧૮૫ (કંપની ડિજિટલ મેપિંગ અને જિયોસ્પેશિયલ ટેકનોલોજી ક્ષેત્રમાં કાર્યરત છે.)

(૨) વેદાન્તા ઓઈલ એન્ડ ગેસ લિમિટેડ. રૂ.૩૧ (કંપની ઓઈલ એન્ડ ગેસ એક્સપ્લોરેશન ક્ષેત્ર સાથે સંકળાયેલ છે.)

(૩) યુનિવર્સલ કેબલ્સ લિમિટેડ. રૂ.૧૦૯૭ (કંપની પાવર કેબલ અને ઈલેક્ટ્રિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રમાં છે.)

(૪) અનંત રાજ લિમિટેડ. રૂ.૪૪૬ (કંપની ડેટા સેન્ટર અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં છે.)

(૫) એસઆરએમ કોન્ટ્રાકટર્સ લિમિટેડ. રૂ.૩૭૦ (કંપની રોડ, ટનલ અને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સ સાથે સંકળાયેલી છે.)

(૬) બન્નારી અમાન સુગર્સ લિમિટેડ. રૂ.૩૧૯૬ (કંપની ખાંડ ઉદ્યોગ અને તેની સાથે સંકળાયેલી પ્રવૃતિઓમાં કાર્યરત છે.)

(૭) નેલ્કો લિમિટેડ. રૂ.૭૨૯ (કંપની સેટેલાઈટ કોમ્યુનિકેશન અને ડિજિટલ કનેક્ટિવિટી ક્ષેત્રમાં કાર્યરત છે.)

(૮) હેસ્ટર બાયોસાયન્સિસ લિમિટેડ. રૂ.૨૩૫૨ (પશુચિકિત્સા અને પોલ્ટ્રી વેક્સિન ક્ષેત્રમાં કાર્યરત છે.)

(૯) વોકહાર્ટ લિમિટેડ. રૂ.૧૯૪૬ (કંપની ફાર્માસ્યુટિકલ્સ અને બાયોટેકનોલોજી ક્ષેત્રમાં કાર્યરત છે.)

(૧૦) ભારત બિજલી લિમિટેડ. રૂ.૨૪૯૫ (કંપની ટ્રાન્સફોર્મર, ઈલેક્ટ્રિકલ મોટર્સ અને પાવર ઈક્વિપમેન્ટ ક્ષેત્રમાં કાર્યરત છે.)

સેકન્ડરી માર્કેટ સાથે પ્રાઈમરી માર્કેટમાં ધમધમાટ ચાલુ રહેશે

સંવત ૨૦૮૩માં અનેક કંપનીઓ આઈપીઓ લાવવા કતારમાં

સંવત ૨૦૮૨માં પ્રાઈમરી માર્કેટે નવો ઈતિહાસ રચ્યો છે. ઐતિહાસિક સાબિત થયેલા આ સંવતમાં સેકન્ડરી માર્કેટ માટે પડકારરૂપ પણ પ્રાઈમરી માર્કેટ માટે વરદાનરૂપ નીવડ્યું છે. શેર બજારોના મેઈન બોર્ડ અને એસએમઈ પ્લેટફોર્મ પર મળીને કુલ ૩૬૭ આઈપીઓ-પબ્લિક ઈસ્યુઓ થકી રૂ.૨.૨૨ લાખ કરોડથી વધુ ભંડોળ એકત્ર થયું છે. જેમાં પ્રમુખ અને છેલ્લે જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ પ્રમુખ રહ્યા છે.


નવા સંવત ૨૦૮૩ માટે ભારતીય શેરબજાર માટે પ્રાઈમરી-આઈપીઓ માર્કેટ માટે સૌથી મોટું પોઝિટીવ પરિબળ આગામી આઈપીઓની વિશાળ પાઈપલાઈન છે. એટલે કે અનેક કંપનીઓ આઈપીઓ લાવવાની હરોળમાં છે. ૧૧૬ કંપનીઓને સેબીની મંજૂરી મળી ચૂકી છે અને તેમના આઈપીઓ માટે અંદાજિત રૂ.બે લાખ કરોડ ફંડ ઊભું થવાનું નિર્ધારિત છે. જ્યારે ૧૨૨ કંપનીઓએ સેબી સમક્ષ આઈપીઓના ડોક્યુમેન્ટ રજૂ કર્યા છે અને મંજૂરીની રાહ જોઈ રહી છે. બન્ને કેટેગરી મળીને આશરે ૨૩૮ કંપનીઓની આઈપીઓ પાઈપલાઈનનું કદ રૂ.૪.૩ લાખ કરોડ જેટલું છે. જો કે આ પૈકી કેટલી કંપનીઓ આઈપીઓ લાવી શકશે એનો ચોક્કસ આંક મૂકવો શક્ય નથી, છતાં વૈશ્વિક બજાર સેન્ટીમેન્ટ અને અન્ય પરિબળો પોઝિટીવ રહ્યા તો, ગત સંવત ૨૦૮૨ જેટલો આંક પાર થવાની સંભાવના રહેશે. અલબત આઈપીઓમાં કંપનીઓની છેલ્લા ત્રણ વર્ષની આવક અને નફાની વૃદ્ધિ, કંપનીનું દેવું અને રોકડ પ્રવાહ, પ્રમોટર્સ હોલ્ડિંગ અને તેમનો ટ્રેક રેકોર્ડ, આઈપીઓમાંથી મળનારા નાણાનો ઉપયોગ ક્યા હેતું માટે થશે, કંપનીના બિઝનેસ સામે રહેલા જોખમો અને સ્પર્ધા સહિતના પરિબળો રોકાણ સમયે ધ્યાનમાં રાખવા સલાહભર્યું છે. ગ્રે માર્કેટમાં ઉપજાવી કાઢેલા ઊંચા પ્રીમિયમની લાલચમાં આવીને રોકાણ માટેની આંધળી દોટ મૂકવી નહીં. રોકાણ પોતાના ખાતામાંથી પોતે કરવું, પોતાના ડિમેટ એકાઉન્ટ કે ટ્રેડિંગ એકાઉન્ટનો કોઈ સિન્ડિકેટને ઉપયોગ કરવા દેવો નહીં.

નવા મૂડી રોકાણ પર ૧૨થી ૧૩ ટકા વળતર શક્ય : સ્થાનિક સંસ્થાકીય ઈન્વેસ્ટરો બાદ હવે ફોરેન ફંડોની ભૂમિકા મહત્વની રહેશે



કોર્પોરેટ કમાણીમાં વૃદ્ધિ અને વેલ્યુએશનમાં સુધારો બજારને ટેકો આપશે : હેલ્થકેર, બેંકિંગ-ફાઈનાન્સ, ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે સારી તકો

મિડટર્મ ચૂંટણીમાં હાર્યા ટ્રમ્પ, ૪૨૦ અબજ ડોલરનો ઝાટકો મસ્કને



અમેરિકાના મિડટર્મ જંગના પરિણામો બાદ ઈલોન મસ્કને મોટો ઝાટકો લાગ્યો છે. ટેસ્લા અને સ્પેસએક્સના માર્કેટ કેપમાં બે દિવસમાં ૪૨૦ બિલિયન ડોલરથી વધુનો ઘટાડો નોંધાયો છે. મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સે હાઉસ અને સેનેટ પર કબ્જો મેળવ્યો છે અને ટેક્સાસમાં પણ ડેમોક્રેટ્સનો વિજય થયો છે. તેના લીધે રોકાણકારોને ધારણા છે કે મસ્ક અને તેમની કંપનીઓને માટે કડક નિયમોનો તથા વધુ ઈન્કવાયરીઓનો સામનો કરવો પડી શકે છે. મિડટર્મ ચૂંટણીમાં મસ્ક રિપબ્લિકન ઉમેદવારો અને મુદ્દાઓના સૌથી મોટા સમર્થક હતા, પરંતુ તેમણે જે ઉમેદવારોને સમર્થન આપ્યું હતું તેમાંથી મોટાભાગના ડેમોક્રેટ ઉમેદવારો સામે હારી ગયા છે. ટ્રમ્પનું રાજકીય પ્રભુત્વ ઘટતાં એલોન મસ્કને નવી સંસદીય તપાસનો સામનો કરવો પડી શકે છે અને તેમની કંપનીઓ પર કડક નિયમો લાગુ થઈ શકે છે તેવી રોકાણકારોની ચિંતા વચ્ચે ગયા ગુરુવારે બપોરે સ્પેસએક્સ અને ટેસ્લાના શેરમાં અનુક્રમે ૯% અને ૧૧% જેટલો ઘટાડો નોંધાયો હતો.

ધનતેરસ પર રૂ. ૧ લાખ કરોડથી વધુ સોના ચાંદીનું વેચાણ


અખિલ ભારતીય વેપારી મહાસંઘ (CAIT)ના જણાવ્યા અનુસાર, શુક્રવારે ધનતેરસના તહેવાર પર દેશભરમાં રૂ. ૧ લાખ કરોડથી વધુનું કારોબાર થયો હોવાનું મનાય છે. જેમાં માત્ર સોના અને ચાંદીનું વેચાણ રૂ. ૬૦,૦૦૦ કરોડથી વધુ રહેવાનો અંદાજ છે. વેપારી સંગઠને જણાવ્યું હતું કે ગ્રાહકોમાં ખરીદીનો ઉત્સાહ જળવાઈ રહ્યો છે અને તેઓ તહેવાર દરમિયાન જ્વેલરી, ચાંદીના સિક્કા અને પરંપરાગત ભેટ સોગાદો ખરીદી રહ્યા છે. ઓલ ઈન્ડિયા જ્વેલર્સ એન્ડ ગોલ્ડસ્મિથ ફેડરેશન (AIJGF) અનુસાર, માર્કેટમાં લાઈટવેઈટ જ્વેલરી, ચાંદીના સિક્કા અને પરંપરાગત ગિફ્ટ આઈટમ્સની માંગ વધી છે, જે દર્શાવે છે કે સોના-ચાંદીના ઊંચા ભાવ તહેવારોની ખરીદીમાં અવરોધરૂપ બન્યા નથી. સોનાના દાગીના ઉપરાંત ચાંદીના સિક્કા અને સુશોભનની વસ્તુઓ પણ ખરીદદારોને આકર્ષી રહી છે.

દેશમાં રૂનો નવો પાક ઘટી ૨૮૦ લાખ ગાંસડી અંદાજાયો

દેશમાં રૂ તથા યાર્ન બજાર તેમ જ ટેક્સટાઈલ ક્ષેત્રે સમીકરણો બદલાતા રહ્યા છે તથા હવે બજારોની નજર નવા વર્ષ પર મંડાઈ છે. અગાઉ આપણે રૂની નિકાસ નોંધપાત્ર કરતા હતા પરંતુ હવે પ્રવાહો પલ્ટાતા રહેતાં ઘરઆંગણે દરિયાપારથી રૂની ઈમ્પોર્ટ વધતી જોવા મળી છે. આ વર્ષે ચોમાસા પર અલનીનોની ઈમ્પેક્ટ પણ દેખાઈ છે તથા વિવિધ કૃષી પાકોના વાવેતર તથા પેદાશમાં ખરીફ મોસમમાં પીછેહટ થયા પછી તાજેતરમાં શરૂ થયેલી રવિ મોસમમાં પણ આવી પરિસ્થિતિ જોવા મળે એવા સંકેતો વહેતા થયા છે. દરમિયાન, ભારત સરકારે તાજેતરમાં દેશમાં થતી ડયુટી-ફ્રી કોટનની ઈમ્પોર્ટ કરવાની છૂટ ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી ચાલુ રાખવાનો નિર્ણય કર્યાના સમાચાર મળ્યા હતા. આના પગલે ઘરઆંગણે રૂની ઈમ્પોર્ટને વેગ મળશે એવી ગણતરી બજારના જાણકારો બતાવી રહ્યા હતા. ૨૦૨૬-૨૭ની રૂ મોસમ (ઓકટોબરથી સપ્ટેમ્બર) દરમિયાન દેશમાં રૂની ઈમ્પોર્ટ વધી ૭૦થી ૭૫ લાખ ગાંસડી (૧૭૦ કિલોની) થવાની શક્યતા જાણકારો દર્શાવતા હતા. ભારતમાં ૨૦૨૪-૨૫ની રૂ મોસમમાં રૂની ઈમ્પોર્ટ ૪૧ લાખ ગાંસડી થયા પછી ૨૦૨૫-૨૬ની મોસમમાં આવી આયાત વધી ૭૧ લાખ ગાંસડી થયાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. હવે ૨૦૨૬-૨૭ની નવી મોસમમાં આ આંકડો કદાચ ઉંચામાં ૭૫ લાખ ગાંસડી સુધી પહોંચી જવાની ગણતરી બજારમાં બતાવાતી થઈ છે.

સરકારે ડ્યુટી-ફ્રી કોટનની ઈમ્પોર્ટની મુદત લંબાવતા ખેડૂત વર્ગમાં નારાજગી

ભારતમાં સારી ગુણવત્તાવાળા રૂની ડયુટી-ફ્રી આયાત વધતાં તથા આ રૂમાંથી બનતા કાપડ ઉત્પાદનોની દરિયાપાર નિકાસ કરાતાં વિશ્વ બજારમાં ભારતના આવા કાપડ ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા વધવાની ગણતરી ટેક્સટાઈલ ક્ષેત્રના સૂત્રોએ દર્શાવી હતી. વિશ્વ બજારમાં કાપડ ઉત્પાદનોની બજારમાં ભારત સામે તાજેતરના વર્ષોમાં બંગલાદેશ તથા ચીનની હરિફાઈ વધી છે. જો કે ભારતે ડ્યુટી-ફ્રી કોટન ઈમ્પોર્ટની વધુ છૂટ આપતાં વિશ્વ બજારમાં કોટનના ભાવ પર પોઝીટીવ ઈમ્પેકટ દેખાયાના સમાચાર પણ મળ્યા હતા.ભારતમાં ડ્યુટી ફ્રી કોટનની ઈમ્પોર્ટની મંજૂરીનો સમય ૩૧મી ઓકટોબરે પૂરો થતો હતો અને હવે આ સમય લંબાવાતા દેશમાં કોટનની ડયુટી-ફ્રી ઈમ્પોર્ટ ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી કરી શકાશે એવું સરકારી સૂત્રો જણાવી રહ્યા હતા. આવી આયાત છૂટને ટેક્સટાઈલ ઉદ્યોગે તથા ગારમેન્ટ ઉદ્યોગે આવકાર આપ્યો છે. દરમિયાન, ડયુટી-ફ્રી ઈમ્પોર્ટની મુદત લંબાવાતાં ઘરઆંગણે રૂ બજારમાં પ્રથમ તબક્કે ભાવમાં ખાંડીદીઠ (૩૫૬ કિલો) રૂ.૪૦૦થી ૫૦૦નો ઘટાડો નોંધાયાના સમાચાર તાજેતરમાં મળ્યા હતા. આ દરમિયાન કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ ૨૦૨૫-૨૬ના પાકના માલોના ભાવ ખાંડીદીઠ રૂ.૪૦૦ ઘટાડયા હોવાનું રૂ બજારના જાણકારો બતાવી રહ્યા હતા.



ભારતમાં ૨૦૨૬-૨૭ની મોસમમાં રૂનો પાક ૨૮૦ લાખ ગાંસડીથી ઓછો આવવાનો અંદાજ બતાવાઈ રહ્યો છે. દેશમાં રૂની વાર્ષિક માગ સરેરાશ ૩૪૦થી ૩૬૦ લાખ ગાંસડી રહેતી હોય છે. દેશમાં રૂનો સ્ટોક ઘટી તાજેતરમાં પાંચ વર્ષના તળિયે ઉતર્યો હતો. દેશમાં વાર્ષિક ધોરણે ગણતાં રૂના બજાર ભાવ ૩૦થી ૩૫ ટકા વધ્યા છે. ભારતમાં ડયુટી-ફ્રી ઈમ્પોર્ટની છૂટ લંબાવાતા બ્રાઝીલ તથા અમેરિકાથી રૂની આયાત વધવાની શક્યતા જાણકારો બતાવતા હતા. આવા આયાતી રૂની ઈમ્પોર્ટ કોસ્ટ ખાંડી દીઠ રૂ.૬૭ હજાર આસપાસની મનાઈ રહી હતી, જો કે સરકારે ડયુટી-ફ્રી કોટનની ઈમ્પોર્ટની છૂટ લંબાવતા એક તરફ ગારમેન્ટ તથા ટેક્સટાઈલ ઉદ્યોગ રાજી થયો છે ત્યારે બીજી તરફ રૂ ઉગાડતા ખેડૂતોમાં આ પ્રશ્ને નારાજગી પણ જોવા મળી છે.

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ભારતની નવી પેઢીના ફાસ્ટ બોલરોનું ન્યુઝીલેન્ડ પ્રવાસમાં અસરકારક પ્રદર્શન

ગુરનૂર અને કંબોજ પણ ઝંઝાવાતી દેખાવ બાદ હવે વન ડે વર્લ્ડ કપની ટીમમાં સ્થાન મેળવવાના દાવેદાર

પસંદગીકારોની મુંઝવણમાં વધારો : બુમરાહ, અર્ષદીપ અને સિરાજની સાથે હર્ષિત રાણા તેમજ પ્રસિધ ક્રિષ્ના પણ ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલિંગ યુનિટનો હિસ્સો છે

નવી દિલ્હી, તા.૮

ભારતની નવી પેઢીના ફાસ્ટ બોલરો ગુરનૂર બ્રાર અને અંશુલ કંબોજે ન્યુઝીલેન્ડ પ્રવાસમાં ઝંઝાવાત જગાવતા યજમાન ટીમના બેટ્સમેનો પર પ્રભુત્વ જમાવ્યુ હતુ. આ સાથે ભારતે શરૂઆતની બંને વન ડેમાં જીત હાંસલ કરી હતી. અંશુલ પ્રથમ વન ડેમાં ૧૦ ઓવરમાં માત્ર ૨૨ રન આપીને બે વિકેટ ઝડપતાં પ્લેયર ઓફ ધ મેચ બન્યો હતો. જ્યારે ગુરનૂર બીજી વન ડેમાં ૧૦ ઓવરમાં ૩૦ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. યુવા ફાસ્ટ બોલરોના શાનદાર દેખાવને કારણે ભારતીય ક્રિકેટનું ભવિષ્ય વધુ ઉજ્જવળ જોવા મળી રહ્યું છે. તેની સાથે સાથે બંને ફાસ્ટરોએ આવતા વર્ષે રમાનારી વન ડે વર્લ્ડ કપની ટીમમાં સ્થાન મેળવવા માટે દાવેદારી નોંધાવી દીધી છે.

ભારતીય ફાસ્ટ બોલિંગ યુનિટ

હેડ કોચ ગંભીર અને કેપ્ટન ગિલ આવતા વર્ષે રમાનારા વન ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને યુવા ખેલાડીઓને અજમાવી રહ્યા છે અને ન્યુઝીલેન્ડ પ્રવાસમાં ગુરનૂર અને અંશુલે ઘાતક બોલિંગથી આગવો પ્રભાવ પાડ્યો છે. ભારતના બોલિંગ યુનિટમાં બુમરાહ અને સિરાજની સાથે અર્ષદીપ ટોચનું સ્થાન ધરાવે છે. તેમાંય બુમરાહ અને અર્ષદીપ તો વન ડે વર્લ્ડ કપની ટીમમાં લગભગ નક્કી જ મનાય છે. સિરાજની સાથે હર્ષિત રાણા અને પ્રસિધ ક્રિષ્ના પર ભારતીય ટીમ મેનેજમેન્ટના રડાર પર રહ્યા છે. હર્ષિત હાલ ઈજાના કારણે રમી રહ્યો નથી. પ્રસિધ પણ સમયસર ફિટ ન થઈ શકતા આ શ્રેણીમાં સામેલ નથી. જોકે ગુરનૂર અને અંશુલે જબરજસ્ત દેખાવ કરીને વર્લ્ડ કપની ટીમમાં સ્થાન મેળવવાની દાવેદારી નોંધાવી છે.

ગુરનૂર અને અંશુલે તક ઝડપી લીધી

પંજાબમાં જન્મેલા અને આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સની ટીમમાં સામેલ ૨૬ વર્ષના ગુરનૂર બ્રારને ચાલુ વર્ષે ૧૩મી જુને અફઘાનિસ્તાન સામે પહેલીવાર વન ડેમાં તક મળી હતી. તેણે ૧૧ વન ડેમાં કુલ ૨૧ વિકેટ ઝડપી છે અને ન્યુઝીલેન્ડ સામે ૩૦ રનમાં ઝડપેલી ચાર વિકેટ તેનો શ્રેષ્ઠ દેખાવ છે. ૨૫ વર્ષના અંશુલ કંબોજ રણજી ટ્રોફીમાં એક ઈનિંગમાં તમામ ૧૦ વિકેટ ઝડપવાની સિદ્ધિ મેળવી ચૂક્યો છે. જ નોંધાયો છે.

પસંદગીકારોની સામે વિકલ્પ વધ્યા

ગુરનૂર અને અંશુલે ન્યુઝીલેન્ડ પ્રવાસમાં આગવો પ્રભાવ પાડતાં તેમની પ્રતિભા દેખાડી છે અને આ સાથે ભારતીય ટીમના પસંદગીકારોની સામે વિકલ્પો વધ્યા છે. તેની સાથે-સાથે ટીમમાં કોની પસંદગી કરવી તે અંગેની મુંઝવણ પણ સર્જાઈ છે. ગુરનૂર અને અંશુલે તેમને મળેલી તક ઝડપી લીધી છે. હવે જ્યારે વન ડે ટીમમાં બુમરાહ, સિરાજ તેમજ હર્ષિત રાણા અને પ્રસિધ ક્રિષ્ના જેવા બોલરો કમબેક કરવા માટે તૈયાર હશે, ત્યારે પસંદગીકારો યુવા ફાસ્ટ બોલરો અંગે કેવો નિર્ણય લે છે, તે જોવું રસપ્રદ બની રહેશે. સામાન્ય રીતે ભારતીય ટીમનું સૌથી મજબૂત પાસું બેટિંગ યુનિટ રહ્યું છે, ત્યારે યુવા ફાસ્ટ બોલરોએ પણ તેમના આગમનનો અહેસાસ દુનિયાને કરાવ્યો છે.





રહાણેએ ભૂતપૂર્વ દિગ્ગજ ફાસ્ટ બોલરના ભારોભાર વખાણ કર્યા

શમીને ભારતીય ટેસ્ટ ટીમમાં કમબેક માટેની તક આપવાની જરુર હતી : રહાણે

શમીને વધુ સન્માન સાથે વિદાય આપી શકાઈ હોત : અતુલ વાસન

નવી દિલ્હી, તા.૮

ઘરઆંગણામાં શાનદાર દેખાવ કરવાની સાથે શમીએ ટેસ્ટ ટીમમાં પુનરાગમન માટે ત્રણ વર્ષના ઈંતજાર બાદ આખરે નિવૃત્તિ જાહેર કરી હતી. શમીની પ્રતિભાને બિરદાવતા ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ક્રિકેટર રહાણેએ કહ્યું છે કે, શમીએ ઘરઆંગણાના ક્રિકેટમાં શાનદાર દેખાવ કરી બતાવ્યો હતો અને આ કારણે તેને ટેસ્ટ ટીમમાં વધુ એક તક આપવાની જરુર હતી.





શમી છેલ્લે ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા સામેની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં રમ્યો હતો. ત્યાર બાદ તેને ટેસ્ટ ટીમમાં તક આપવામાં આવી નહતી. રહાણેએ કહ્યું કે, મારા મતે શમીને ટેસ્ટ ટીમમાં વધુ એક તક આપવાની જરુર હતી. તેણે આ માટે પ્રયાસ કર્યો હતો અને પ્રભાવશાળી દેખાવ પણ કર્યો હતો. તેના જેવા અનુભવી ખેલાડીએ ઘરઆંગણાના ક્રિકેટમાં પુનરાગમન કરીને સાતત્ય સાથે અસરકારક દેખાવ કરી બતાવ્યો હતો. આ કારણે તે ટીમમાં સ્થાન મેળવવાનો હકદાર હતો.

રહાણેએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરનો અનુભવ ધરાવતા ખેલાડીઓ ઘરઆંગણાના ક્રિકેટમાં પણ સાતત્ય સાથેનો દેખાવ કરતા રહે તેવી અપેક્ષા રાખી ન શકાય. આંતરરાષ્ટ્રીય મુકાબલામાં તેમનો અનુભવ ઉપયોગી સાબિત થતો હોય છે. તેની બોલિંગમાં જાદુ હતો. તેણે રણજી ટ્રોફીમાં પણ વિકેટો ઝડપી હતી. તેણે કમબેક માટે જે પ્રકારે પ્રયાસ કર્યા હતા, તે જોતા હું તેને ફરી એક વખત ટેસ્ટ ક્રિકેટમાં રમતો જોવા ઈચ્છતો હતો.

ભારતીય ટીમ માટે શમીની કટિબદ્ધતા અંગે રહાણેએ કહ્યું કે, તેણે ટેસ્ટ હોય તે વન ડે ભારતીય ટીમને વિજય અપાવતી બોલિંગ કરી હતી. તે ઘણી વખત પડકારજનક સ્થિતિમાંથી પસાર થયો છતાં તેણે તેની પ્રતિબધ્ધતાને જાળવી રાખતાં કમબેક કર્યું હતુ. મારે કહેવું જોઈએ કે અમે ભાગ્યશાળી હતા કે, તે અમારી ટીમમાં હતો.

નિવૃત્તિ જાહેર કરી ચૂકેલા શમીના વખાણ કરતાં રહાણેએ ઊમેર્યું કે, નેટ્સમાં મેં જેમનો સામનો કર્યો, તેમાં સૌથી ડેન્જરસ બોલર શમી હતો. કારણ કે તે બોલની સીમનો અસરકારક ઉપયોગ કરી શકતો. તે દરેક પરિસ્થિતિમાંથી ટીમને વિજય તરફ દોરવા માટે આતુર રહેતો અને તેનો આ મિજાજ ટીમમાં નવું જોમ લાવતો.

ભૂતપૂર્વ ક્રિકેટર અતુલ વાસને પણ શમીને કમબેકની તક ન મળી તે અંગે રંજ વ્યક્ત કર્યો હતો. વાસને કહ્યું, શમીએ કમબેક કરવા માટે સખત મહેનત કરી હતી. તેણે ઈજા છતાં પણ ભારતીય ટીમમાં પુનરાગમન કરવાની આશા સાથે ઘરઆંગણાના ક્રિકેટમાં સતત રમવાનું જારી રાખ્યું હતુ. તેને આ પ્રકારની નિવૃત્તિ જાહેર કરતો જોઈને મને દુઃખ થયું હતુ. તેને પણ ભુવનેશ્વર કુમારની જેમ ટીમમાં કમબેક કરવાની તક મળવી જોઈતી હતી.

હોજ ૧૪૦* અને વિક્હામના ૭૮ રન

બીજી ટેસ્ટમાં વિન્ડિઝની બીજી ઈનિંગમાં ત્રણ વિકેટે ૩૪૫ રન સાથે મજબૂત સ્થિતિ

આજે આખરી દિવસ : વિન્ડિઝ શ્રેણીમાં ૧-૦ની આગળ છે

સીલ્હેટ : બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટના ચોથા દિવસે વેસ્ટ ઈન્ડિઝે શાનદાર બેટિંગ કરતાં બીજી ઈનિંગ્સમાં દિવસના અંતે ત્રણ વિકેટે ૩૪૫ રનનો મોટો સ્કોર નોંધાવ્યો હતો. આ સાથે વેસ્ટ ઈન્ડિઝે બાંગ્લાદેશ સામે કુલ ૩૧૫ રનની સરસાઈ મેળવીને પાંચમા અને અંતિમ દિવસની રમત પહેલાં મેચમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે.પ્રથમ ઈનિંગ્સમાં વેસ્ટ ઈન્ડિઝે ૩૫૬ રન કર્યો હતા. તેના જવાબમાં બાંગ્લાદેશની ટીમે શાનદાર બેટિંગ કરતાં ૩૮૬ રન નોંધાવ્યા હતા અને ૩૦ રનની સરસાઈ મેળવી હતી. બાંગ્લાદેશ તરફથી તૌહીદ હૃદોયે અણનમ ૨૪૨ રનની યાદગાર ઈનિંગ્સ રમી હતી. તેની આ ઈનિંગ્સ ટેસ્ટ ક્રિકેટમાં બાંગ્લાદેશના બેટ્સમેનનો અત્યાર સુધીનો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર પણ બની હતી.



બીજી ઈનિંગ્સમાં વેસ્ટ ઈન્ડિઝે વધુ સાવચેતી અને આત્મવિશ્વાસ સાથે બેટિંગ કરી હતી. શરૂઆત કરી હતી. હોજ (૧૪૦*) અને વિક્હામ (૭૮) વચ્ચે ત્રીજી વિકેટની ૧૬૫ રનની ભાગીદારી નોંધાઈ હતી. ઓપનર કિંગ ૬૧ અને દા સિલ્વા ૩૬ રને આઉટ થયા હતા. રમતના અંતે હોજ જોડે પ્રથમ ઈનિંગમાં સદી ફટકારનાર જાંગુ ૨૦ રને રમતમાં છે. વેસ્ટ ઈન્ડિઝ માટે ઈનિંગ ડિક્લેર કયારે કરવી તે કોયડા સમાન છે. પ્રથમ ઈનિંગમાં રીદોયની બેવડી સદી સાથેનું ફોર્મ જોતા વેસ્ટ ઈન્ડિઝ ઈનિંગ ડીક્લરેશન અંગે ન પણ વિચારે. પ્રથમ ટેસ્ટ વિન્ડિઝ જીતી ગયું હોઈ આ આખરી બીજી ટેસ્ટ ડ્રો પરિણમે તો પણ શ્રેણી વિન્ડિઝ જ જીતે તે જોતા વિન્ડિઝ ડિક્લેર કરવાનું બીનજરૂરી જોખમ ન પણ લે.

યુથ ઓલિમ્પિક : ભારતને બીચ કુસ્તીમાં સિલ્વર



ડાકાર : ભારતની તાન્યાએ સેનેગલની રાજધાની ડાકારમાં ચાલી રહેલા યુથ ઓલિમ્પિક ગેમ્સમાં મહિલાઓની બીચ કુસ્તીમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તાન્યાએ ૭૫ કિગ્રા વજન વર્ગની સેમિ ફાઈનલમાં અમેરિકાની મેટિલ્ડા રુબીને ૩-૧થી મહાત આપી હતી. જોકે ફાઈનલમાં તેનો ચીનની મિન ઝૂહાઓ સામે ૧-૨થી પરાજય થયો હતો અને તેને સિલ્વરથી સંતોષ માનવો પડ્યો હતો.

હાલમાં ચાલી રહેલા યુથ ઓલિમ્પિકમાં આ પહેલીવાર બીચ કુસ્તીને સામેલ કરવામાં આવી છે અને તેમાં ભારત માટે સૌપ્રથમ મેડલ જીતવાનો રેકોર્ડ તાન્યાએ નોંધાવ્યો છે. તાન્યા અગાઉ અઝરબૈજાનના બાકુમાં યોજાયેલી અંડર-૧૭ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ૬૯ કિગ્રાની ફ્રિસ્ટાઈલ કુસ્તીમાં બ્રોન્ઝ જીતી હતી.

ભારતના ૨૦૮ સામે પાકિસ્તાનના ૪૮.૧ ઓવરમાં ૨૦૯/૭

અંડર-૧૯ એશિયા કપ : પાકિસ્તાન સામેની વન ડેમાં ભારતનો ત્રણ વિકેટથી પરાજય

અર્જુન રાજપુતની ૧૦૭ રનની લડાયક ઈનિંગ ભારતને જીતાડી ન શકી : વિકેટકિપર ઝહૂરના ૧૦૦*

અલ-અમીરાત, તા.૮

ભારતની અંડર-૧૯ મેન્સ ટીમને કંગાળ બેટિંગ બાદ પાકિસ્તાન અંડર-૧૯ ટીમ સામેની એશિયા કપની વન ડેમાં ૧.૫ ઓવર બાકી હતી, ત્યારે ત્રણ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતની અંડર-૧૯ ટીમ ૪૬.૩ ઓવરમાં ૨૦૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જેમાં અર્જુન રાજપુતના ૧૦૭ રન મુખ્ય હતા. જવાબમાં પાકિસ્તાનની અંડર-૧૯ ટીમે ૪૮.૧ ઓવરમાં સાત વિકેટે ૨૦૯ રન કર્યા હતા અને જીત હાંસલ કરી હતી. આ જીતની સાથે પાકિસ્તાને સેમિ ફાઈનલમાં પ્રવેશ નિશ્ચિત કર્યો હતો. જ્યારે ભારતને આ માટે ૧૦મીએ રમાનારી આખરી મેચમાં યુએઈ સામે જીતવું પડશે. ઓમાનમાં ચાલી રહેલી ટુર્નામેન્ટમાં ભારતીય ટીમના કેપ્ટન



લક્ષ્ય રાયચંદાનીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરી હતી. કેપ્ટન લક્ષ્ય ૦, વિનીથ ૮ અને યશવર્ધન ચૌહાન ૧ રને આઉટ થયા હતા. આર્યવીર સેહવાગે ૨૨ રન સાથે સંઘર્ષ કર્યો હતો. જોકે ભારત ૪૨/૪ પર ફસડાયું હતુ. અર્જુન રાજપુતે એકલા હાથે સંઘર્ષ કરતાં ૮૫ બોલમાં પાંચ છગ્ગા અને ૧૧ ચોગ્ગા સાથે ૧૦૭ રન ફટકાર્યા હતા. અન્વય દ્રવિડે ૧૦, માનલ ચૌહાણે ૧૧, યશવીર ગૌડે ૪, કાવ્ય પટેલે ૨૩, મોહિત ઉલ્વાએ ૭, ઈશાન સૂદે અણનમ બે રન નોંધાવ્યા હતા. અલી રેઝા, રિઝવાનુલ્લાહ અને નાકિબ શફિકે ૩-૩ વિકેટ ઝડપી હતી. જવાબમાં પાકિસ્તાન પણ ૬૧/૫ પર ફસડાતા ભારતીય ટીમને જીતની આશા હતી. જોકે સાતમા ક્રમે બેટિંગમા ઉતરેલા ઝહૂરે ૧૦૮ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૩ છગ્ગા સાથે અણનમ ૧૦૦ રન ફટકારતાં બાજી પલ્ટી હતી. ઝહૂરે હસ્નાન દાર (૩૮) સાથે છઠ્ઠી વિકેટમાં ૧૦૭ રન જોડ્યા હતા અને પુંછડિયા બેટ્સમેનોની મદદથી ટીમને જીતાડી હતી. માનલ ચૌહાણે ૩૨ રનમાં ત્રણ અને મોહિત ઉલ્વાએ ૪૫ રનમાં બે વિકેટ મેળવી હતી.

બીજી ટેસ્ટ : તિલક વર્મા ૮૧*, જુરેલ ૭૧

ભારત 'એ'ની પ્રથમ ઈનિંગ પાંચ વિકેટે ૪૬૪ના સ્કોર પર ડિક્લેર

લિંકન : વાસી ભારત 'એ' ટીમે ન્યુઝીલેન્ડ 'એ' ટીમ વચ્ચેની ત્રીજી ટેસ્ટના બીજા દિવસની રમતના અંતનો સ્કોર : ભારત 'એ' પ્રથમ ઈનિંગ : ૪૬૪/૫ ડિક્લેર (૧૪૬ ઓવર) યશસ્વી જયસ્વાલ ૧૦૨, સાઈ સુદર્શન ૮૮, દેવદત્ત પડિક્કલ ૧૫, ધ્રુવ જુરેલ ૭૧, તિલક વર્મા અણનમ ૮૧, રવીન્દ્ર જાડેજા ૨૫, વોશિંગ્ટન સુંદર અણનમ ૫૦. વધારાના ૩૨ રન.ન્યૂઝીલેન્ડ 'એ' પ્રથમ ઈનિંગ : ૩૬/૨ રાઈસ મારિયુ ૦, કર્ટિસ હેફી અણનમ ૧૯,, ડીન ફોક્સક્રોફ્ટ અણનમ ૧૦,ગીબશન અણનમ ૧, પ્રસિધ કિશ્રા બે વિકેટ)

વર્લ્ડ જુનિયર સોફ્ટ ટેનિસમાં બ્રોન્ઝ જીતનારી ભારતીય ટીમમાં ગુજરાતના બે ખેલાડી સામેલ



અમદાવાદ : ચીનના જિન્ગશાનમાં રમાયેલી વર્લ્ડ જુનિયર સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશિપમાં ભારતની જુનિયર બોઈઝ ટીમે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતીય ટીમે લીગ મેચમાં નોર્થકોરિયાની ટીમને અને ક્વાર્ટર ફાઈનલમાં ચીનની ટીમને હરાવી હતી. જોકે સેમિ ફાઈનલમાં જાપાન સામે પરાજય થયા ભારતીય ટીમને બ્રોન્ઝથી સંતોષ માનવો પડ્યો હતો. બ્રોન્ઝ જીતનારી ભારતીય ટીમમાં ગુજરાતના જૈનિન વેગડા અને વંશ ડોરિયાનો સમાવેશ થયો હતો. જૈનિને નોર્થ કોરિયા સામે સિંગલ્સ અને નિપુન સાન્ગતે સાથે મળીને ચીન સામે ડબલ્સ મેચ જીતી હતી. વંશે નોર્થ કોરિયા સામેની સિંગલ્સ મેચ જીતી હતી.

રિયલ મેડ્રિડે બાર્સેલોના સાથે પોઈન્ટમાં બરાબરી કરી

લા લીગા ફૂટબોલ : રિયલ મેડ્રિડે વેલેન્સિયાને ૩-૦થી પરાજય આપ્યો

એટલેટીકો મેડ્રિડ પણ પોઈન્ટ ટેબલમાં ટોપ પર પહોંચવાનું દાવેદાર

વેલેન્સિયા , તા. ૮

સ્પેનિશ ફૂટબોલની પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ લા લીગામાં ટાઈટલ જીતવાની સ્પર્ધા હવે વધુ રસપ્રદ બની છે. રિયલ મેડ્રિડે વેલેન્સિયાને તેના જ ઘરઆંગણે ૩-૦થી હરાવીને પોઈન્ટ ટેબલમાં બાર્સેલોનાની બરાબરી કરી લીધી છે. જોકે ગોલ તફાવતના આધારે બાર્સેલોના હજુ પણ પ્રથમ સ્થાને છે. બીજી તરફ, ત્રીજા ક્રમે રહેલી એટલેટિકો મેડ્રિડ પણ ટોચની બંને ટીમોને પડકારવાની સ્થિતિમાં છે. રવિવારે બાર્સેલોના અને એટલેટિકો મેડ્રિડ વચ્ચે રમાનારી ટક્કર આ સ્પર્ધાને નવો વળાંક આપી શકે છે.



રિયલ મેડ્રિડે શાનદાર રમતનું પ્રદર્શન કર્યું હતું અને સતત આઠમી જીત નોંધાવી હતી. આ વિજય સાથે રિયલ મેડ્રિડના ૧૨ મેચમાં ૩૦ પોઈન્ટ થયા છે. બાર્સેલોનાના પણ ૧૧ મેચમાં ૩૦ પોઈન્ટ છે. જોકે બાર્સેલોનાનો ગોલ તફાવત પ્લસ ૩૪ છે, જ્યારે રિયલ મેડ્રિડનો પ્લસ ૨૧ છે. તેથી બાર્સેલોના હજુ ટોચ પર છે અને તેની પાસે એક મેચ ઓછી રમવાનો ફાયદો પણ છે.

રિયલ મેડ્રિડની આ જીતમાં ફેડરિકો વાલ્વેર્દે, આર્દા ગુલેર અને કિલિયન એમબાપેએ ગોલ નોંધાવ્યા હતા. મેચની ૨૮મી મિનિટે વાલ્વેર્દેએ શાનદાર શોટ દ્વારા ટીમને સરસાઈ અપાવી હતી. ત્યારબાદ ૩૬મી મિનિટે આર્દા ગુલેરે જુડ બેલિંગહામના પાસનો લાભ ઉઠાવીને સ્કોર ૨-૦ કર્યો હતો. બીજા હાફમાં ૭૫મી મિનિટે ગુલેરના પાસ પર એમબાપેએ ગોલ કરીને જીત નિશ્ચિત કરી હતી.

વેલેન્સિયાની રિયલ મેડ્રિડ સામેની હાર તેના માટે ચિંતાનો વિષય છે. ૧૨ મેચમાં માત્ર નવ પોઈન્ટ સાથે તે ટેબલમાં ૧૯મા સ્થાને છે અને રેલિગેશનના જોખમનો સામનો કરી રહી છે.

પાકિસ્તાનની ટીમ દબાણ હેઠળ ઉતરશે

આજથી પ્રવાસી શ્રીલંકા અને પાકિસ્તાન વચ્ચે પ્રથમ ટેસ્ટ

સવારે ૧૦થી મેચ

લાહોર, તા. ૮

પાકિસ્તાન ક્રિકેટમાં મોહમ્મદ રિઝવાનની મુશ્કેલીઓનો અંત આવતો નથી. શ્રીલંકા સામેની આવતીકાલથી રાવલપિંડીમાં શરુ થતી ટેસ્ટ માટેની ટીમમાં તેને સ્થાન નથી અપાયું. બીજી ટેસ્ટ ૧૭ નવેમ્બરથી લાહોરમાં રમાશે. બંને મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો હિસ્સો છે. ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાં પાકિસ્તાનનો ૩-૦થી પરાજય થયો હતો. ત્યારથી રિઝવાન ટેસ્ટ ટીમની બહાર છે.



આ પહેલાં ઓગસ્ટમાં ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન પણ રિઝવાન સહિત સાત ખેલાડીઓને પ્રવાસની વચ્ચે જ ટીમમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. ઈમામ-ઉલ-હકને પણ શ્રીલંકા સામેની શ્રેણી માટે સ્થાન મળ્યું નથી. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ૭ નવેમ્બરે જાહેર કરેલી સુધારેલી ૧૬ સભ્યોની ટીમમાં ચાર ખેલાડીઓનો સમાવેશ કર્યો છે. અનુભવી ઓલરાઉન્ડર આમિર જમાલનું પુનરાગમન થયું છે, જ્યારે અલી શબ્બીર, મુહમ્મદ તૈયબ આરિફ અને સાકિબ ખાનને પ્રથમ વખત પાકિસ્તાનની ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું છે. બીજી તરફ અલી ઉસ્માન અને અબ્દુલ્લા ફઝલને ટીમમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. આ ફેરફારો શ્રીલંકા સામેની શ્રેણી પહેલાં રમાયેલી ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચ બાદ કરવામાં આવ્યા છે. નવા ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટના દબાણમાં કેવું પ્રદર્શન કરે છે અને પાકિસ્તાનની ટીમ ઈંગ્લેન્ડ સામેની નિરાશાજનક હાર પછી કેવી રીતે વાપસી કરે છે.

પાકિસ્તાન (સંભવિત) : અવાઈસ, મિન્હાસ, આરિફ, બાબર (કેપ્ટન), શકીલ, આગા, ઘોરી (વિ.કી.), જમાલ, રઝાઉલ્લાહ, અબ્બાસ, શાકિબ ખાન.

શ્રીલંકા (સંભવિત) : સૂરિયાબંદારા, ઉદાના (વિ.કી.), ચાંદીમલ, કામિન્દુ મેન્ડિસ, ધનંજયા, દિનુશા, કુસલ મેન્ડિસ (કેપ્ટન), જયસુર્યા, નુવાનથા, આસિથા ફર્નાન્ડો, મદુશંકા.

૨૦૨૬ની સીઝનમાં માયામી તરફથી ૨૬ ગોલ ફટકાર્યા

મેસીની MLSની સતત બીજી સીઝનમાં ગોલ્ડન બુટ એવોર્ડ જીતવાની સિદ્ધિ

હવે માયામીની નજર ટાઈટલ જીતવા પર મંડાઈ છે

માયામી, તા. ૮

ફૂટબોલના મેદાન પર મેસ્સીનો જાદુ હજુ પણ યથાવત્ છે. આર્જેન્ટિનાના આ મહાન ખેલાડીએ અમેરિકાની મેજર લીગ સોકરમાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ પોતાના નામે કરી છે. મેસ્સીએ સતત બીજી સિઝનમાં ગોલ્ડન બૂટ એવોર્ડ જીતીને ઈતિહાસમાં નવો અધ્યાય લખ્યો છે. ૨૦૨૬ની નિયમિત સિઝનમાં ૩૧ મેચમાં ૨૬ ગોલ સાથે તે ટુર્નામેન્ટનો સર્વશ્રેષ્ઠ ગોલસ્કોરર બન્યો છે. સતત બે સિઝનમાં આ એવોર્ડ જીતનાર તે પ્રથમ ખેલાડી બન્યો છે.

બીજા ક્રમે રહેલા એફસી ડલાસના પેટાર મુસાએ ૨૨ ગોલ નોંધાવ્યા હતા. જ્યારે નેશવિલ એસસીના સેમ સરિજ ૨૧ ગોલ સાથે ત્રીજા સ્થાને રહ્યો હતો. વાનકુવર વ્હાઈટકેપ્સના બ્રાયન વ્હાઈટે ૨૦ ગોલ કર્યા હતા. આમ, મેસ્સીએ બીજા ક્રમના ખેલાડી કરતાં ચાર ગોલ વધુ કરીને ગોલ્ડન બૂટ પોતાના નામે કર્યો હતો. ગયા વર્ષે ૨૦૨૫ની સિઝનમાં તેણે ૨૯ ગોલ કરીને આ એવોર્ડ જીત્યો હતો. મેસ્સીની આ સિદ્ધિની જાહેરાત ઈન્ટર મિયામીની નિયમિત સિઝનની છેલ્લી મેચ બાદ થઈ હતી. ચાર્લોટ એફસી સામે રમાયેલી મેચમાં ઈન્ટર માયામીએ ૩-૦ની સરસાઈ મેળવ્યા બાદ પણ મેચ ૩-૩થી ડ્રો રહી હતી. મેસ્સી પોતે આ મેચમાં ગોલ કરી શક્યો નહોતો, પરંતુ તેની બે કોર્નર કિકમાંથી ટીમે પ્રથમ બે ગોલ કર્યા હતા.હવે મેસ્સી અને ઈન્ટર મિયામીની નજર પ્લેઓફ પર છે. ગત સિઝનમાં પ્રથમ વખત MLS કપ જીતનાર ઈન્ટર મિયામી આ વખતે પણ પોતાનો ખિતાબ જાળવી રાખવા માગશે. પ્રથમ રાઉન્ડમાં તેનો મુકાબલો કોલંબસ ક્રુ સામે થશે.



ભારતીય અમેરિકનોએ મતદાનનો મિજાજ બદલ્યો

ટ્રમ્પ વિરોધી મત માટે આંતરિક નીતિ જવાબદાર, ભારત પ્રત્યેનું વલણ નહિ

વોશિંગ્ટન, તા.૮

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીમાં ભારતીય અમેરિકનોએ રિપબ્લિકન પક્ષ વિરુદ્ધ મતદાન કર્યું તેનું મુખ્ય કારણ ભારત પ્રત્યે અમેરિકાની નીતિ નહિ પણ ટ્રમ્પ વહીવટીતંત્રની આંતરિક નીતિઓ પ્રત્યેની નારાજગી હતી. અમેરિકન યુનિવર્સિટીના રાજકીય વિજ્ઞાનના સહાયક પ્રોફેસર સુમિત્રા બદ્રીનાથને જણાવ્યું કે રોજગાર, અર્થતંત્ર, મોંઘવારી,ઈમિગ્રેશન અને ભેદભાવ જેવા મુદ્દાઓએ ભારતીય અમેરિકન મતદારોના વલણને પ્રભાવિત કર્યું.

વંશીય ભેદભાવ અને કડક ઈમિગ્રેશન નિયમો છતાં અમેરિકામાં અભ્યાસ અને રોજગારનું આકર્ષણ યથાવત

બદ્રીનાથનના જણાવ્યા અનુસાર ભારતીય અમેરિકનો સામાન્ય રીતે ટ્રમ્પની ઈમિગ્રેશન નીતિઓ, આયાત જકાત અને એચ૧-બી વિઝા સંબંધિત નિર્ણયો પ્રત્યે નકારાત્મક અભિપ્રાય ધરાવે છે. ખાસ કરીને ચૂંટણી દરમ્યાન ભારત વિરોધી નિવેદનોએ ભારે નારાજગી ફેલાવી હતી. રિપબ્લિકન નેતા બો ફ્રેન્ચની યુનિવર્સિટી ઓફ ટેક્સાસના વિદ્યાર્થીઓને નિશાન બનાવતી ટિપ્પણીઓએ પણ રાજકીય પક્ષોની સરહદો પાર કરીને નારાજગી વધારી હતી.

ચૂંટણીમાં છ ભારતીય અમેરિકન ઉમેદવારો અમેરિકન પ્રતિનિધિગૃહમાં ચૂંટાયા, જ્યારે ૩૦થી વધુ ઉમેદવારોએ રાજ્ય વિધાનસભાઓ અને અન્ય જાહેર હોદ્દાઓ પર જીત મેળવી. બીજી તરફ, ઓહાયોના ગવર્નરપદની ચૂંટણીમાં વિવેક રામાસ્વામીનો પરાજય થયો. રિપબ્લિકન પક્ષે કોંગ્રેસનું નિયંત્રણ ગુમાવ્યું અને ડેમોક્રેટ્સને બહુમતિ મળી. જો કે ડેમોક્રેટ્સની નવી બહુમતી ભારત પ્રત્યેની નીતિઓમાં કેવો ફેરફાર લાવશે તે કહેવું મુશ્કેલ છે.

ટ્રમ્પની કડક ઈમિગ્રેશન નીતિઓ અને ભારતીયો સામેના ભેદભાવની ફરિયાદો છતાં અમેરિકામાં અભ્યાસ અને કારકિર્દી બનાવવાનું આકર્ષણ ઘટ્યું નથી.

મંદાકિની નદીમાં લાખો 'દીપદાન'થી ચિત્રકૂટ ધામ પ્રકાશનો સમુદ્ર બન્યું

(પીટીઆઈ) સતના (મ.પ્ર.), તા. ૮

અત્રે હાલમાં યોજાઈ રહેલા દિવાળી મેળા દરમિયાન મંદાકિની નદીમાં માટીના હજારો દીવડા તરતા મૂકવા માટે ત્રણ દિવસથી ભેગા થયેલા લગભગ૧૮ લાખ યાત્રાળુઓના પરિણામે ભગવાન રામના વનવાસ સાથે સંકળાયેલું મધ્યપ્રદેશનું પવિત્ર ધામ ચિત્રકૂટ, જાણે આછા અજવાળાનો નકશીદાર ચાકળો બની રહ્યું....! ફ્લોલિંગ ટેન્ટ, અનાજના થેલા અને પિત્તળના દીવા સાથે ઉત્તરપ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશના લાખો ભાવિકો ચિત્રકૂટમાં આવી પહોંચ્યા છે, જેના પરિણામે મંદાકિની નદીનો ૧૦ કિલોમીટરનો પટ્ટો, એક ટેન્ટ સિટિ બની રહ્યો છે.

ભગવાન રામે વનવાસના ૧૪ વર્ષમાંથી ૧૧ વર્ષ ચિત્રકૂટમાં ગાળ્યા હતા

હિંદુ પુરાણો અનુસાર, ભગવાન રામ, એમના સહધર્મચારિણી સીતાજી અને લઘુબંધુ લક્ષ્મણે વનવાસના ૧૪ વર્ષમાંથી લગભગ ૧૧ વર્ષ ચિત્રકૂટમાં ગાળ્યા અને મંદાકિની નદીનું પાણી પીધું. ચિત્રકૂટ નગર મધ્યપ્રદેશના સતના જિલ્લાથી ઉત્તરપ્રદેશના ચિત્રકૂટ જિલ્લા સુધી પથરાયેલું છે. ચિત્રકૂટ જિલ્લો અગાઉ કાર્વિ જિલ્લા તરીકે ઓળખાતો.

ધનતેરસે શરૂ થતો વાર્ષિક પાંચ દિવસનો મેળો, વનવાસ પૂરો કરી તથા દુષ્ટ રાવણના રામ રમાડી અયોધ્યામાં રામજીના થયેલા પુનરાગમનની યાદમાં યોજાય છે.

'દીપદાન' તરીકે ઓળખાતી તેલવાળા દીવા નદીમાં તરતા મૂકવાની વિધિમાં શુક્રવારે છ લાખ ભાવિકો જોડાયા, શનિવારે આઠ લાખ ભાવિકોએ દીવડા તરતા મૂક્યા, જ્યારે રવિવારે ચાર લાખ ભાવિકોએ એ પુણ્યકાર્યનો લાભ લીધો. ફક્ત દિવાળીની સાંજે જ ૧૦ લાખથી વધુ ભક્તો 'દીપદાન' કરે એવી અપેક્ષા છે. મધ્યપ્રદેશની મંદાકિની નદીના તટે ૭૦ ઘાટ આવ્યા છે, જ્યારે બાકીના ઘાટ, ઉત્તરપ્રદેશના ચિત્રકૂટ જિલ્લામાં છે.

અયોધ્યામાં ૧૦મા દીપોત્સવની ભવ્ય ઉજવણી



ઉત્તર પ્રદેશના અયોધ્યામાં ૧૦મા દીપોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સરયૂ નદી અને રામ કી પૈડી ખાતે ભવ્ય ડ્રોન શોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી રામ જન્મભૂમિ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા અને ઈતિહાસને રજૂ કરવામાં આવ્યો હતો. અયોધ્યા નગરી લાખો દીવડાઓ અને રંગબેરંગી આતશબાજીથી ઝળહળી ઉઠી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સરયૂ ઘાટ ખાતે ભવ્ય મહાઆરતી કરી હતી.

સેન્સેક્સ ૮૧૪૪૨ સુધી જઈ ૮૧૦૨૮, નિફ્ટી ૨૫૧૩૨ સુધી ઉછળી અંતે ૪૪ પોઈન્ટ ઘટીને ૨૪૯૮૬એ બંધ

સંવત ૨૦૮૩ના

(પહેલા પાનાનું ચાલુ)

ભારતી એરટેલ રૂ.૧૩ ઘટીને રૂ.૨૦૮૩.૨૫, એક્સિસ બેંક રૂ.૬ ઘટીને રૂ.૧૩૧૪, લાર્સન એન્ડ ટુબ્રો રૂ.૧૩.૯૦ ઘટીને રૂ.૪૧૦૫, એચડીએફસી બેંક રૂ.૨.૮૦ઘટીને રૂ.૭૮૪.૨૦ રહ્યા હતા.

જ્યારે સન ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ રૂ.૫૫.૧૦ વધીને રૂ.૧૯૧૫.૧૦, ટાટા સ્ટીલનો ત્રિમાસિક ચોખ્ખો નફો ૧૬ ટકા વધીને રૂ.૩૭૦૦ કરોડ થતાં શેરમાં લેવાલીએ રૂ.૩.૫૦વધીને રૂ.૧૮૯.૫૦, મારૂતી સુઝુકી રૂ.૧૦૧ વધીને રૂ.૧૨,૮૩૭, અદાણી પોર્ટસ રૂ.૧૩.૯૦ વધીને રૂ.૧૯૫૦.૫૦, પાવર ગ્રીડ કોર્પ રૂ.૨ વધીને રૂ.૨૬૧.૫૦, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૪.૯૦ વધીને રૂ.૧૩૨૩ રહ્યા હતા.

હેલ્થકેર ઈન્ડેક્સ ૮૩૭ પોઈન્ટ ઉછળ્યો

હેલ્થકેર શેરોમાં આજે સન ફાર્મા અને દિવીઝ લેબ. સહિતના શેરોમાં કંપની પરિણામોનું મજબૂત આકર્ષણ રહ્યું હતું. દિવીઝ લેબ.નો ત્રિમાસિક ચોખ્ખો નફો ૬૪ ટકા વધીને રૂ.૧૧૨૭ કરોડ થતા શેર રૂ.૭૭૫.૨૫ ઉછળીને રૂ.૧૧,૦૮૦.૨૫ની બાવન સપ્તાહની નવી ઊંચાઈએ રહ્યો હતો.

વનગ્લોબલ રૂ.૨૩.૪૫ વધીને રૂ.૩૮૯, એપીએલ લિમિટેડ રૂ.૪૨.૭૦ વધીને રૂ.૧૦૦૮.૫૦, એસ્ટર ડીએમ રૂ.૩૮.૦૫ વધીને રૂ.૭૫૦.૯૫ રહ્યા હતા.

બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૮૩૭.૮૯ પોઈન્ટ ઉછળીને ૫૨૫૦૨.૪૭ બંધ રહ્યો હતો. એ ગ્રુપના આજે પ્રમુખ વધનાર શેરોમાં ફિનોલેક્ષ કેબલ્સ રૂ.૨૧૮.૧૦ ઉછળીને રૂ.૧૩૦૯.૭૦, બાન્કો ઈન્ડિયા રૂ.૮૯.૪૦ ઉછળીને રૂ.૬૮૭.૯૦, આરઆર કાબેલ રૂ.૧૯૬.૨૫ ઉછળીને રૂ.૨૧૧૫.૬૫, ઈન્ડિયા ગ્લાયકોલ રૂ.૧૮.૩૦ વધીને રૂ.૩૧૩, પાવર મેક રૂ.૧૩૮.૭૦ વધીને રૂ.૨૪૧૪, ટીડી પાવર રૂ.૩૩.૪૫ વધીને રૂ.૬૧૦.૧૦, લોઈડ્સ એન્ટર રૂ.૩.૭૧ વધીને રૂ.૬૪.૯૦ રહ્યા હતા.

ઈરાનના

(પહેલા પાનાનું ચાલુ)

માહિતી મળી જતાં તેણે તેને અટકાવી દીધું હતું.

દરમિયાન ઈઝરાયેલના વિપક્ષના નેતા ગાદી આઈસનકોટે સેનાને ચેતવણી આપી છે કે નેતન્યાહુ પાસે કોઈ જનાદેશ નથી, તેથી સેનાએ તેમની 'રાજકીય જરૂરિયાતો' માટે યુદ્ધમાં ઉતરવું જોઈએ નહીં. જોકે, પૂર્વ સેના પ્રમુખ આઈસનકોટે અત્યાર સુધી ગાઝા, હિઝબુલ્લા કે ઈરાન પર હુમલાની નેતન્યાહુની યુદ્ધ સંબંધિ નીતિઓનું મોટાભાગે સમર્થન જ કર્યું છે.

મ.જાપાનમાં ૫.૭નો ભૂકંપનો આંચકો : ૨૨ લોકો ઘાયલ

ટોકયો,તા.૮

મધ્ય જાપાનમાં રવિવારે વહેલી સવારે આવેલા ૫.૭ ની તીવ્રતાવાળા ભારે ભૂકંપથી બારીઓના ટૂકડા થઈ ગયા, લોકો એમના મકાનોમાંથી બહાર દોડી ગયા, ઓછામાં ઓછા ૨૨ લોકો ઘાયલ થયા.

જાપાનના હવામાન વિભાગે આ ધરતીકંપ ૫.૭ હોવાનું જણાવ્યું, જ્યારે અમેરિકાના જિઓલોજિકલ સર્વે વિભાગે એ ૫.૫ નો હોવાનું જણાવ્યું, ભારે ભૂકંપ પછી નાના-નાના આંચકા પણ આવતા રહ્યા.

ઐચિ પ્રીફેક્ચર પાસેના વિશાલ વિસ્તારને ભૂકંપથી અસર થઈ, જેમાં હમામાત્સુ શહેરનો પણ સમાવેશ થયો હતો. હમામાત્સુ, ક્યોટો અને નારાની પ્રાચીન રાજધાનીઓ છે. અહીંથી નજીક આવેલા યામાનાશિમાં માઉન્ટ ફિજિ, જ્યારે ગિફુ આવેલા છે.

જાપાનીઝ ટીવી સમાચારમાં તૂટી ગયેલી સ્ટોર-બારીઓ તથા શેરીઓમાં વિખરાયેલા ટુકડા દર્શાવાયા હતા. એક બૂક સ્ટોરના પુસ્તકો અભેરાઈ પરથી ઊડી જઈ જમીન પર ઢગલો થઈને પડ્યા હતા. ભૂકંપથી બચવા માટે ભાગી જવાનો પ્રયાસ કરી રહેલા લોકો ઉતાવળમાં દાદર પરથી ગબડી જતાં ઘાયલ થયા. રવિવારે વહેલી સવારે ૧.૦૪ વાગ્યે આવેલા ભૂકંપનું એપિસેન્ટર શિઝુઓકા ક્ષેત્રમાં ધરતીની સપાટીથી ૪૦ કિલોમીટર નીચે હતું.

કોલંબિયા લશ્કરી મથક પર ડ્રોન-હુમલો : ૩ સૈનિકોનાં મોત

બોગોટા,તા.૮

ઉત્તર કોલંબિયાના લશ્કરી મથક પર કરાયેલા ડ્રોન હુમલામાં ત્રણ સૈનિકોના મોત થયા, જ્યારે અન્ય ૧૬ જણ ઘવાયા.

સાન લુકાસ પર્વત-શ્રેણીની તળેટીમાં આવેલા નાના શહેર સાન્તા રોસા ડેલ સુર પર હુમલો કરનારનું નામ સત્તાવાળાઓએ જાહેર કર્યું નથી.

સાન્તા રોસાની આસપાસના વિસ્તારમાં સોનાની સમૃધ્ધ ખાણો આવેલી છે. ગલ્ફ કલાન, નેશનલ લિબરેશન આર્મી અને કોલંબિયાના ક્રાંતિકારી સશસ્ત્ર દળોના પૂર્વ સભ્યોના નેતૃત્વયુક્ત નાના જૂથો વચ્ચે સાન્તા રોસા પરના કબજા અંગે લાંબા સમયથી વિવાદ ચાલતો રહ્યો છે. સોશ્યલ મીડિયા પર જોવા મળેલા ફૂટેજમાં ત્રણ વિસ્ફોટોના પગલે જામેલા ધૂમાડાના વાદળો તથા રેતીની થેલીઓથી બનેલા આશ્રયસ્થાનોમાં સ્વરક્ષાનો પ્રયાસ કરી રહેલા સૈનિકો જણાયા હતા. આ હુમલા માટે જવાબદાર માટે છૂપાવાનું કોઈ આશ્રયસ્થાન બાકી રહે નહિ.

ઓપનએઆઈનું

(પહેલા પાનાનું ચાલુ)

રોકાણમાં જાપાનની સોફ્ટબેંક અને યુએઈના ટેક્નોલોજી ફંડ એમજીએક્સે પણ ભાગ લીધો હતો.

ઓપનએઆઈને મળેલા ૧૧ અબજ ડોલર સમગ્ર રોકાણ રાઉન્ડનો અંતિમ આંકડો નથી. રિપોર્ટ મુજબ, આવનારા અઠવાડિયામાં આ ભંડોળ વધીને કુલ ૨૦ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. કંપનીએ શરૂઆતમાં ૩૦ અબજ ડોલરથી વધુ ભંડોળ એકત્ર કરવાની યોજના બનાવી હતી. તે સમયે કંપનીનું વેલ્યુએશન ૧.૫ ટ્રિલિયન ડોલર સુધી પહોંચાડવાનો પ્રયાસ હતો.

જોકે, રોકાણકારોનો ઉત્સાહ ઘટતાં કંપનીએ પોતાની યોજનામાં ફેરફાર કર્યો છે.

આ ફેરફાર પાછળનું એક મોટું કારણ એઆઈ સેક્ટરમાં રોકાણને લઈને વધી રહેલી ચિંતા છે. અબજો ડોલરના ખર્ચને લઈને રોકાણકારો સાવચેત બન્યા છે. શેરબજારમાં એઆઈ કંપનીઓના શેરમાં થયેલા ઘટાડાની પણ આ સ્થિતિ પર અસર પડી છે. ઓપનએઆઈએ માર્ચ ૨૦૨૬માં અગાઉના ફંડિંગ રાઉન્ડમાં ૧૨૨ અબજ ડોલર એકત્ર કર્યા હતા, ત્યારે કંપનીનું વેલ્યુએશન ૮૫૨ અબજ ડોલર હતું. હવે નવું વેલ્યુએશન ૧.૨૫ ટ્રિલિયન ડોલર સુધી પહોંચ્યું છે.

હોર્મુઝમાં

(પહેલા પાનાનું ચાલુ)

મજબૂર કરાયા છે. સાથે તેણે અત્યાર સુધીમાં ઈરાનના ૧૦ કોમર્શિયલ ઓઈલ ટેન્કરોનો નાશ કર્યો છે. પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાનના યુદ્ધ સાથે સાઉદી અરબ અને હુથી બળવાખોરોનું યુદ્ધ પણ દિવસે ને દિવસે વકરી રહ્યું છે.

સાઉદી અરબના હવાઈ હુમલાના જવાબમાં હુથી બળવાખોરોએ રવિવારે સાઉદીની રાજધાની રિયાધ અને સરકારી ઓઈલ રિફાઈનરી અરામકોની ઈમારત પર મિસાઈલ હુમલા કર્યા હતા. હુથી સૈન્ય પ્રવક્તા યાહ્યા સારીએ દાવો કર્યો કે તેમણે બેલિસ્ટિક મિસાઈલો, ક્રૂઝ મિસાઈલો અને ડ્રોનનો ઉપયોગ કરીને સાઉદીના મુખ્ય રણનીતિક તથા સૈન્ય સ્થળો પર છ અભિયાન ચલાવ્યા છે. હુથી પ્રવક્તા મુજબ તેમણે રિયાધ સ્થિત કિંગ ખાલેદ આંતરરાષ્ટ્રી એરપોર્ટ, ઓઈલ સ્ટોરેજ ટેન્કો અને અરામકોના ડિસ્ટિલેશન ટાવરને નિશાન બનાવ્યા હતા. અન્ય હુમલો ખુરૈસ સ્થિત અરામકોના સ્થળો પર અને ત્રીજો હુમલો દવાદમી ક્ષેત્રમાં પમ્પિંગ સ્ટેશન પર કરાયો હતો. અન્ય એક અભિયાનમાં નજરાન સ્થિત નેશનલ ગાર્ડ કેમ્પમાં સાઉદી સૈન્ય ટુકડીઓ, પાંચમા અભિયાનમાં અલ-જૌફના પૂર્વીય વિસ્તારો તથા છઠ્ઠા અભિયાનમાં મારિબમાં સાઉદી સેનાના સ્થળોને નિશાન બનાવાયા હતા. તેમણે ચેતવણી આપી કે સાઉદી અરબે સના, અલ-જૌફ, તાઈઝ, સાદા અને મારિબ સહિત અનેક પ્રાંતોમાં ૧૦૫ હવાઈ હુમલા કર્યા હતા, જેના જવાબમાંઆ હુમલા કરાયા હતા અને હજુ આગળ પણ આવા હુમલા ચાલુ રહેશે.

કોમર્શિયલ જહાજમાં જાનહાનિ ટાળવા ક્રૂને અગાઉથી જ હુમલાની જાણ કરાઈ હતી : અમેરિકન સેના

૧૨૦ બેઠકોની સંસદમાં બહુમત માટે ૬૧ બેઠક જરૂરી : નેતન્યાહુને ૫૩ બેઠકો, આઈસેનકોટને ૪૮, આરબ પાર્ટીઓને ૧૯ બેઠકો મળી

ઈઝરાયેલમાં

(પહેલા પાનાનું ચાલુ)

સરકાર રચવા ત્રણ વિકલ્પો છે. તેઓ નેતન્યાહુ સાથે સત્તાની વહેંચણી કરી શકે છે અથવા આરબ પક્ષોનો ટેકો લઈને નવી સરકાર બનાવી શકે છે, પરંતુ તેમના પક્ષના જ કેટલાક સભ્યો આરબ પક્ષોનો ટેકો લેવાનું સમર્થન નથી કરતા. આઈઝેનકોટ માટે ત્રીજો વિકલ્પ અલ્ટ્રા-ઓર્થોડોક્સ પાર્ટીના સમર્થનનો છે, જેઓ તેમની કોમ્યુનિટી માટે સૈન્ય તાલિમમાં છૂટછાટની માગ કરી રહ્યા છે.

બીજીબાજુ નેતન્યાહુને વડાપ્રધાન બનતા રોકવા માટે આરબ પાર્ટીઓએ અગાઉથી જ આઈઝેનકોટને સમર્થનનો દાવો કર્યો છે ત્યારે નેતન્યાહુએ વિપક્ષ અને આરબ પાર્ટીઓના સંભવિત ગઠબંધનને ઈઝરાયેલ માટે જોખમી ગણાવ્યું છે. નેતન્યાહુએ કહ્યું કે વિપક્ષ અને આરબ પાર્ટીઓ વચ્ચે સંભવિત ગઠબંધન ઈઝરાયેલને બરબાદ કરી નાંખશે. ઈઝરાયેલમાં ગયા મહિને યોજાયેલી સંસદીય ચૂંટણીમાં ૧૨૦ બેઠકોમાંથી બહુમતી માટે ૬૧ બેઠકની જરૂર હોય છે ત્યારે બેન્જામિન નેતન્યાહુના લીકુડ પક્ષના ગઠબંધનને સૌથી વધુ ૫૩ બેઠકો મળી છે જ્યારે મુખ્ય વિપક્ષી નેતા ગાદી આઈઝેનકોટના નેતૃત્વમાં યાશર પાર્ટીના ગઠબંધને ૪૮ બેઠકો જીતી છે. આ સાથે ઈઝરાયેલમાં આરબ લઘુમતી સમુદાયનું નેતૃત્વ કરનારા બે પક્ષોને ૧૯ બેઠકો મળી છે.

ક્રૂડની આયાત કરનારા દેશ દૂરનાં દેશો પાસેથી ઓઈલ મંગાવી રહ્યાં હોવાથી જહાજોને લાંબો માર્ગ પસાર કરવો પડતા ટ્રાન્ઝિસ્ટ ક્રૂડનું પ્રમાણ વધ્યું

સમુદ્રમાં

(પહેલા પાનાનું ચાલુ)

ભારતની ક્રૂડ આયાત દરરોજ ૫૬ લાખ બેરલનાં વિક્રમજનક સ્તરે પહોંચી ગઈ છે. ભારતે પશ્ચિમ એશિયાથી દરરોજ ૨૩ લાખ બેરલ ક્રૂડ ઓઈલની આયાત કરી હતી જ્યારે રશિયાથી દરરોજ ૨૦ લાખ બેરલ ક્રૂડ ઓઈલની આયાત કરવામાં આવી હતી.

શિપ ટુ શિપ ટ્રાન્સફર વધવાને કારણે ખાડી દેશોમાંથી તેલનાં પુરવઠામાં છેલ્લા બે મહિનામાં સુધારો જોવા મળ્યો છે. અમેરિકા અને ચીન પછી ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો ક્રૂડ ઓઈલનો વપરાશકાર છે.

ભારત પોતાની જરૂરિયાતનાં લગભગ ૯૦ ટકા ક્રૂડ ઓઈલની આયાત કરે છે. દેશમાં ક્રૂડ ઓઈલની દૈનિક વપરાશ ૫૫ લાખ બેરલ છે. એટલે કે સમુદ્રમાં હાલમાં જેટલું ક્રૂડ ઓઈલ ટ્રાન્ઝિસ્ટમાં છે તેનાથી ભારતની ૨૩૨ દિવસ એટલે કે આઠ મહિનાની જરૂરિયાત પૂર્ણ થઈ શકે છે.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

રાજકીય બહાનાબાજી અને આક્ષેપો. દિલ્હીમાં જે સરકાર હોય એ પ્રદુષણ માટે પંજાબ અને હરિયાણામાં ખેડૂતો જે પાક સળગાવે છે એને જવાબદાર ગણે છે જ્યારે વિરોધ પક્ષો સરકારની અણઆવડતને જવાબદાર ગણાવે છે. હવે કોંગ્રેસના સાંસદ શશી થરૂરએ દિલ્હીમાં વધતા પ્રદુષણ બાબતે કેન્દ્ર અને રાજ્ય સરકારને સાથે રહીને કામ કરવા અપીલ કરી છે. એમણે કહ્યું છે કે હમણાની પરિસ્થિતિ એવી છે કે, જ્યારે કેન્દ્ર સરકારની સાથે દિલ્હી, હરિયાણા અને પંજાબની સરકારોએ હવે બેસીને પ્રદુષણ ઓછુ કરવાની યોજના બનાવવી જોઈએ. આ માટે રાજકીય ઈચ્છા શક્તિ જરૂરી છે.

રાહુલ ગાંધીએ અમિત શાહને કહ્યું, મોદીને સમજાવો

રાહુલ ગાંધીએ ફરી એક વખત નરેન્દ્ર મોદીને ઓપન ડીબેટ માટે ચેલેન્જ કર્યા છે. એમણે કહ્યું છે કે કોઈપણ મંચ પર, કોઈ પણ સમયે અને કોઈપણ જગ્યાએ તેઓ વડાપ્રધાન સાથે ચર્ચા કરવા માટે તૈયાર છે. રાહુલ ગાંધીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને અપીલ કરી છે કે, તેઓ વડાપ્રધાનને આ ચર્ચા માટે મનાવે અને એમને ભ્રમિત નહીં કરે. રાહુલ ગાંધીએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, 'અમિત શાહજી, મોદીજીને ભ્રમિત નહીં કરો. એમને મારી સાથે જાહેરમાં ચર્ચા કરવા માટે મનાવી લો. કોઈપણ મંચ પર, કોઈ પણ સમયે. ગભરાવ નહીં.' ગૃહરાજ્ય મંત્રી અમિત શાહે એવી ટીપ્પણી કરી હતી કે જો રાહુલ ગાંધીએ ચર્ચા કરવી હોય તો સંસદમાં કરે અમે તૈયાર છીએ. જો કોંગ્રેસની તૈયારી હોય તો અમે આ માટે વિશેષ સત્ર બોલાવવા માટે પણ તૈયાર છીએ.

સરકાર ઉથલાવવા ૩૦ કરોડની ઓફર?

મદુરાઈમાં તમીલગા વેતરી કડગમ (ટીવીકે)ના ધારાસભ્યને લાંચ આપવાની કોશિષ કરવાના આરોપ હેઠળ ઓલ ઈન્ડિયા અન્ના દ્રવીડ મુનેત્ર કડગમ (એઆઈએડીએમકે)ના નેતા અને મદુરાઈના ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર પી એમ મનનની ધરપકડ કરવામાં આવી છે. જોકે ધરપકડ પછી થોડા કલાકોમાં જ કોર્ટે એમને ૨૫ હજાર રૂપિયાના જાત જામીન પર છોડી દીધા છે. આરોપ છે કે મનનએ અવિશ્વાસ પ્રસ્તાવ વખતે ટીવીકેના ધારાસભ્યને સરકાર વિરૂદ્ધ મત આપવા માટે ૨૫ થી ૩૦ કરોડ રૂપિયા આપવાની ઓફર કરી હતી. આરોપ હતો કે, મનનએ મદુરાઈ સેન્ટ્રલથી ચૂંટાયેલા ટીવીકેના ધારાસભ્ય મધર બદરુદ્દીન જેને મુસ્તફા નામથી પણ ઓળખવામાં આવે છે એમને ફોડવાની કોશિષ કરી હતી. કિસ્સાની તપાસ માટે પોલીસે ખાસ ટીમ બનાવી છે.

ઝોમેટોના સ્થાપકના નવા તીકડમથી ડોક્ટરો નારાજ

મગજમાં લોહીના ભ્રમણથી માંડીને શરીર પર પડતા ઓર્ગેનિક તણાવ સુધીની જાણકારી ફક્ત ૮૫ હજાર રૂપિયાના ડિવાઈસ ટેમ્પલથી મળી જશે એવી વાત ઝોમેટોના સ્થાપક દિપીદર ગોયલએ કરી છે. જોકે આ ટેક્નીક સામે ડોક્ટરોએ પ્રશ્નો કર્યા છે. ડોક્ટરોનું કહેવું છે કે ડિવાઈસની ઉપયોગીતા જે રીતે સાબિત કરવામાં આવે છે એની કોઈ વૈજ્ઞાનિક કે સ્વતંત્ર શોધ કરવામાં આવી નથી. લમણા સાથે ચોંટાડવાનું આ ડિવાઈસ નાની ગોળી આકારનું છે જેમાં પ્રકાશ આધારીત સેન્સર લગાડવામાં આવ્યા છે. એવો દાવો કરવામાં આવે છે કે આ ડિવાઈસ બ્રેઈનફલો દ્વારા મગજમાંના લોહિના ભ્રમણ 'એન્ટ્રોપી' સ્કોર દ્વારા શરીર પર પડનાર ઓર્ગેનિક દબાણ માપી શકશે. ડિવાઈસ ત્વચાની નીચેની રક્તવાહીનીઓ મારફકે સંદેશો લે છે જેને કારણે મગજમાં થતું લોહીનું ભ્રમણ માપવાનો દાવો સાચો લાગતો નથી.

મતુઆ સંપ્રદાયની પ્રતિક્ષા પૂરી થશે?

પશ્ચિમ બંગાળમાં સીએએને લઈને રાજકારણ તેજ થઈ ગયું છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેંદુ અધિકારીએ જાહેરાત કરી હતી કે, સીએએ હેઠળ નાગરીકતા મેળવવા માટે યોગ્ય તમામ લોકોની અરજીઓનો નિકાલ ૩૧મી ડિસેમ્બર સુધીમાં કરવામાં આવશે. એમણે વચન આપ્યું છે કે કોઈપણ યોગ્ય વ્યક્તિ નાગરીકતા મેળવવાથી વંચીત નહીં રહે.

નિશ્ચિત સમયમાં દરેકને પ્રમાણપત્ર આપવામાં આવશે. નદિયા જિલ્લાના અરંગહાટા ખાતે આવેલા કાલી પૂજા પંડાલનું ઉદઘાટન કરવા ગયેલા શુભેંદુ અધિકારીએ કહ્યું હતું કે નદિયા અને ઉત્તર ૨૪ પરઘણા જિલ્લામાં સીએએ હેઠળ લગભગ ૨.૫ લાખ અરજીઓ મળી છે. આ બંને જિલ્લા બાંગ્લાદેશની સરહદ સાથે જોડાયેલા છે. અહીં બાગ્લાદેશના ઘૂસણખોરોની મોટી વસ્તી હોવાનું કહેવાય છે એમા મતુઆ સંપ્રદાયના લોકો પણ છે જેઓ લાંબા સમયથી ભારતની નાગરીકતા માંગી રહ્યા છે.

કોલકત્તા મહાનગરપાલિકાની ચૂંટણી હાઈકોર્ટે અટકાવી

પશ્ચિમ બંગાળમાં કોલકત્તા મહાનગરપાલિકાની ચૂંટણીની તૈયારી કલકત્તા હાઈકોર્ટના હુકમને કારણે અટકી ગઈ છે. હાઈકોર્ટની ખંડપીઠે ચૂંટણી કમિશનને સૂચના આપી છે કે વોર્ડ સિમાંકન સાથે જોડાયેલી અરજી પર બેંચનો નિર્ણય આવતા પહેલા ચૂંટણીની જાહેરાત કરવામાં આવે નહીં. મામલો એટલા માટે અગત્યનો છે કે કોલકત્તા નગરનિગમમાં વોર્ડોની સંખ્યા હમણા ૧૪૪થી વધારીને ૨૦૯ કરવાની તૈયારી છે. આ સિમાંકનને ચેલેન્જ કરતી અરજી કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. જસ્ટીસ શબ્યસાચી ભટ્ટાચાર્ય અને જસ્ટીસ અર્જૂન રે મુખર્જીની બેંચે આ હુકમ કર્યો છે. અરજી કરનાર અને કોલકત્તા મહાનગરપાલિકાના ભૂતપૂર્વ કોર્પોરેટર દીપુ દાસે સિમાંકન પ્રક્રિયાને ગેરકાયદેસર ગણાવીને જાહેરનામુ રદ કરવા માટે દાદ માંગી હતી. એમનું કહેવું છે કે વોર્ડોની સિમા નક્કી કરતી વખતે વાસ્તવીક વસ્તીની ગણતરી કરવાને બદલે મતદાર યાદીને આધાર બનાવવામાં આવી હતી.

અભિષેક બેનર્જીના ઘરની બહાર અડધી રાત્રે બબાલ

કોલકત્તામાં તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અભિષેક બેનર્જીના ઘરની બહાર મોટી બબાલ થઈ હતી. આ બબાલ એમના જન્મદિવસની ઉજવણી વખતે થઈ હતી.

ટીએમસી અને ભાજપના કાર્યકરો વચ્ચે હાથાપાઈ પણ થઈ હતી. અભિષેક બેનર્જીનો આરોપ છે કે ભાજપના સમર્થકોએ એમના કાર્યકર્તાઓ સાથે મારપીટ કરી હતી અને પથ્થરોથી હુમલો કર્યો હતો.

એમના કહેવા પ્રમાણે છેલ્લા છ મહિનામાં એમનો જીવ લેવા માટે સાતમી વખત કોશિષ કરવામાં આવી છે. જોકે ભાજપએ આ આરોપોને નાટક ગણાવ્યું છે. કોલકત્તાના કાલીઘાટ સ્થિત અભિષેક બેનર્જીના રહેઠાણે રાત્રે લગભગ ૨ વાગ્યે બંને પક્ષના કાર્યકરો વચ્ચે બબાલ શરૂ થઈ ગઈ હતી. એ વખતે ટોળામાંથી કોઈકને ચોર કહીને સૂત્રોચ્ચાર થયા હતા. ત્યાર પછી વિવાદ વધી ગયો હતો. કેટલાક કાર્યકરોને ઝપાઝપીમાં ગંભીર ઈજા પણ થઈ હતી.

સિએટલમાં

(પહેલા પાનાનું ચાલુ)

ટ્રમ્પે યુએસ કેપિટોલ પરના હુમલાખોરોની સજા માફ કરી હતી.

આ હિન્દુ વિરોધી અને વંશવાદી દેખાવોની આકરી ટીકા કરતા અમેરિકન સાંસદ પ્રમિલા જયપાલે કહ્યું, દિવાળી એક મહત્વપૂર્ણ તહેવાર છે અને ભારતીય અમેરિકન સમુદાયને કોઈપણ ડર વિના આ તહેવાર ઊજવવાનો પૂરો અધિકાર છે. આ નફરતપૂર્ણ અને ભેદભાવવાળા દેખાવોનું સિએટલ કે અમેરિકામાં કોઈ સ્થાન નથી. પ્રમિલા જયપાલ તાજેતરમાં જ વોશિંગ્ટન રાજ્યના ૭મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટથી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ માટે બીજી વખત ચૂંટણી જીત્યાં છે. આ સાથે અનેક ભારતીય મૂળના અમેરિકનોએ પણ આ દેખાવોની આકરી ટીકા કરી હતી.

સિએટલમાં દેખાવો વચ્ચે સમગ્ર અમેરિકામાં દિવાળીની ભવ્ય ઊજવણી થઈ હતી. ન્યૂયોર્કનાં ગવર્નર કૈથી હોચુલે ૮ નવેમ્બરને સત્તાવાર રૂપે દિવાળી જાહેર કરી હતી.

બીજીબાજુ વોશિંગ્ટનમાં ગવર્નર બોબ ફર્ગ્યુસને પણ ૮ નવેમ્બરને દિવાળી દિવસ જાહેર કર્યો.

દરમિયાન રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે ભારત અને ભારતીયોને દિવાળીની શુભેચ્છા પાઠવતા એક્સ પર એક વીડિયો સંદેશામાં કહ્યું, દિવાળીના દીપક આપણને હંમેશા સંદેશો આપે છે કે વહેંચવાથી પ્રકાશ ક્યારેય ઓછો થતો નથી, પરંતુ વધે છે. તેમણે બંને દેશ વચ્ચે પરસ્પર સન્માન અને વિશ્વાસ વધે તેવી આશા વ્યક્ત કરી હતી.

પાક.માં દિવાળી ઊજવાઈ : શાહબાઝ, ઝરદારીએ હિન્દુઓની પ્રશંસા કરી

ઈસ્લામાબાદ, તા.૮

પાકિસ્તાનમાં હિન્દુ સમુદાયે દિવાળીની ઊજવણી કરી હતી. વડાપ્રધાન શાહબાઝ શરીફ અને રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ પાકિસ્તાન તેમજ દુનિયાભરના હિન્દુ સમુદાયને દિવાળીના તહેવારની શુભેચ્છા પાઠવી હતી. પાકિસ્તાનમાં હિન્દુ સમુદાયે મંદિરોમાં પૂજા-અર્ચના કરી અને દીપ પ્રગટાવી તહેવાર ઊજવ્યો હતો.

રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ દેશના વિકાસમાં લઘુમતી સમુદાયના યોગદાનની પ્રશંસા કરી. તેમણે કહ્યું દિવાળીનો આ તહેવાર નફરત, અસહિષ્ણુતા અને નિરાશાના અંધકાર પર પ્રકાશના વિજયનો પ્રતીક છે. આ પર્વ માનવ સંબંધો અને સામાજિક જીવનમાં શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વને પ્રોત્સાહન આપવાનો સંદેશો આપે છે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લો ભાવનગર, તાલુકો ભાવનગર, મોજે વેળાવદરની સીમના સર્વે/બ્લોક નંબરઃ ૨/૩૩ પૈકી ૧ ની ૪૪૨૧૨ સમચોરસમીટર, જેનો સીટી સર્વેમાં સમાવેશ થતાં વોર્ડ વેળાવદર (બીનખેતી) ના સીટી સર્વે નંબરઃ NA/ 2/33પૈકી 1ની ૪૪૨૧૨ સમચોરસમીટરની જમીન મુળ માલિકો તે (૧) મહેશભાઈ ભાયાભાઈ જાસોલીયા (૨) પંકજભાઈ ભાયાભાઈ જાસોલીયાના સંયુકત માલીકીપણા કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવીને તેઓએ મજકુર જમીન રજીસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ લેનારાઓ તે (૧) ભૌમીક મનુપ્રસાદ પટેલ તેમજ (૨) રીશીકેશ દિપકભાઈ શાહનાઓએ મજકુર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, ગીરો કે બોજો ન હોવાનું જણાવીને તેઓએ મજકુર જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. અમારા અસીલે મજકુર જમીન પરત્વેના ટાઈટલ ચોખ્ખા, માર્કેટેબલ અને બોજા રહિત હોવા બાબતના સર્ટીફીકેટ અભિપ્રાયની માગણી અમો પાસે કરેલ છે. મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, બોજો કે લાગભાગ હોય તો તેઓએ તેવા હક્ક, હિસ્સા, બોજા કે લાગભાગની લેખિત જાણ દસ્તાવેજી પુરાવાની નકલો સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન સાતમાં અમોને નીચે જણાવેલ સરનામે કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, બોજો કે લાગભાગ નથી અને હોય તો તેઓએ જતા (વેઈવ) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે કોઈનો વાંધો તકરાર ધ્યાને લીધા સિવાય મજકુર જમીન અંગેનું હયાત પરિસ્થિતિ પ્રમાણેનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ/અભિપ્રાય આપવામાં આવશે. તેમજ મજકુર જમીનના વેચાણ અંગેની કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે.

તારીખઃ ૦૮-૧૧-૨૦૨૬

REf : N-1880

TRIVEDI'S LAW OFFICE & Asso.

સોલીસીટર્સ, એડવોકેટસ, નોટરી

૬૧૨ થી ૬૧૪, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, પાલડી, અમદાવાદ-૬.

ફોનઃ ૨૬૫૭૬૦૦૮, ૪૦૩૨૯૦૦૮

જાહેર નોટિસ

મોજે શીલજ ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૯ (બોપલ) ઘાટલોડીયા તાલુકાના મોજે - શીલજ ગામની સીમના બ્લોક નં.૧૩૫૨ બ ની હે.આરે.ચો.મી. : ૦-૬૯-૮૬ ની ખેતીની જમીન (૧) પ્રકાશભાઈ રમણલાલ પટેલ (૩૮.૨૦% હિસ્સો), (૨) ભરતભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (૩૬.૮૦% હિસ્સો) તથા (૩) સમીરભાઈ નટવરભાઈ પટેલ (૨૫ % હિસ્સો) ની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

Date.09/11/2026.

મનીષ કનુભાઈ પટેલ, એડ્વોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES

ઠે. એ/૨૦૨, સેકન્ડ ફલોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

પ્રથમ વાર્ષિક પુણ્યતીથી એ શ્રદ્ધાંજલિ




સ્વ. દિનેશભાઇ મફતલાલ પ્રજાપતિ
સ્વર્ગવાસ તા.૯-૧૧-૨૦૨૫

સદાય શાંત અને હળવુ સ્મિત આપની એ અણમોલ તાસીર હતી, સ્મરોણાં આજે પણ સજીવ છે. આપની એ શાંત તસ્વીર હતી. વીતી ગયુ એક વર્ષ આપની અણધારી વિદાયને પ્રભુને પ્રાર્થના એટલી જ કે પરમ શાંતિ આપને આપે.

હર્ષદભાઇ મફતલાલ પ્રજાપતિ (ભાઇ)
આકાશ દિનેશભાઇ પ્રજાપતિ (પુત્ર)
સાગર હર્ષદભાઇ પ્રજાપતિ (ભત્રીજો)

Firm : Shree Jalaram Bricks Mfg. Co.

પંદરમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. પ્રહલાદભાઈ માધવદાસ પટેલ (પી. એમ. પટેલ- લણવાવાળા)
જન્મ તા. ૦૧-૦૩-૧૯૪૯ સ્વ. તા. ૦૯-૧૧-૨૦૧૧

ધર્મો રક્ષતિ રક્ષિતઃ સત્યં સદા વિજયતે નૃણામ્ ।
સત્કર્માભિરતો જીવો યાતિ વિષ્ણુપરં પદમ્ ।।
(રક્ષાયેલો ધર્મ સદા મનુષ્યનું રક્ષણ કરે છે અને સત્યનો જ વિજય થાય છે. જીવનભર સત્કર્મો અને ધર્મમાં લીન રહેનાર જીવ પરમપદ (મોક્ષ) પ્રાપ્ત કરે છે.)
આપનું સાદગીપૂર્ણ અને પરોપકારી જીવન સદા અમારું માર્ગદર્શક રહેશે. આપના આપેલા સંસ્કાર અમારા હૃદયમાં જીવંત છે.
આપની પુણ્યતિથિએ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અને સદ્ગતિ અર્પે એવી ભાવભરી પ્રાર્થના.

આપના ઋણાનુરાગી

ગં.સ્વ.જ્યોત્સનાબેન પ્રહલાદભાઈ પટેલ

પ્રદીપકુમાર પ્રહલાદભાઈ પટેલ
જીગ્નાબેન પ્રદીપકુમાર પટેલ
કથન પ્રદીપકુમાર પટેલ
વિશ્વા કથન પટેલ
તનીશ પ્રદીપકુમાર પટેલ
મહેન્દ્રકુમાર લીલાભાઈ પટેલ
કિરણબેન મહેન્દ્રકુમાર પટેલ
પ્રિયાંક મહેન્દ્રકુમાર પટેલ
આસ્થા પ્રિયાંક પટેલ
ક્રિશિવ પ્રિયાંક પટેલ

ફર્મ : વિશ્વા ગ્રુપ ઓફ કંપનીઝ

LACMA ગાલા : સેલેબ્સના સ્ટાઈલ સ્ટેટમેન્ટ ચર્ચામાં



લોસ એન્જલસમાં યોજાયેલા **LACMA Art+Film Gala**માં હોલિવૂડની જાણીતી અભિનેત્રીઓ, મોડલ્સ, મ્યુઝિશિયન્સ અને ફેશન ઈન્ડસ્ટ્રીની હસ્તીઓએ પોતાના સ્ટાઈલિશ અંદાજથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. અન્યા ટેલર-જોય, કિમ કર્દાશિયન, નિકોલ કિડમેન, પેરિસ હિલ્ટન, એલેક્સ કન્સાની, એશ્લી પાર્ક સહિત અનેક સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી. અન્યા ટેલર-જોયે વિન્ટેજ પિયર કાર્ડિનનો ૧૯૯૭ના કલેક્શનનો ગાઉન પહેર્યો હતો. ફ્લોરલ એમ્બ્રોઈડરી અને લહેરાતી ઓર્ગેન્ઝા ડ્રેપવાળા આ આઉટફિટમાં તેનો લુક ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. બીજી તરફ, કિમ કર્દાશિયન ગુચીના બર્ગન્ડી સિક્વિન ગાઉનમાં જોવા મળી હતી. લોન્ગ સ્લીવ અને હાઈ નેકવાળા આ ગાઉનની પાછળની તરફ ઓપન બેક ડિઝાઈન હતી. પેરિસ હિલ્ટને સિલ્વર એમ્બેલિશમેન્ટવાળો ગાઉન અને સિક્વિન ગ્લવ્સ પહેરીને ગ્લેમરસ અંદાજ રજૂ કર્યો હતો. રોઝી હન્ટિંગ્ટન-વ્હાઈટલીએ બ્લેક ગાઉનમાં બેક કટઆઉટ ડિઝાઈન સાથે સ્ટાઈલિશ લુક આપ્યો હતો. જુલિયા ગાર્નરે બ્લેક સ્ટ્રેપલેસ ગાઉન સાથે ખાસ ગોલ્ડ ઈયરિંગ્સ પહેરી હતી. આ કાર્યક્રમમાં ફેશનની સાથે કલા અને સિનેમાની સિદ્ધિઓની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે જાણીતા કલાકાર વિજા સેલ્મિન્સ અને ફિલ્મ નિર્માતા ડેનિસ વિલનેવને સન્માનિત કરવામાં આવ્યા હતા. અભિનેતા લિયોનાર્ડો ડી કેપ્રિયો અને **LACMA** ટ્રસ્ટી ઈવા ચાઓએ કાર્યક્રમની સહ-અધ્યક્ષતા કરી હતી. પોપ ગ્રુપ બ્લેકપિંકની રોઝેએ સંગીતમય પર્ફોર્મન્સ આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગાલાનું આયોજન લોસ એન્જલસ કાઉન્ટી મ્યુઝિયમ ઓફ આર્ટ (**LACMA**) દ્વારા કરવામાં આવે છે. ૨૦૧૧થી યોજાતા આ વાર્ષિક કાર્યક્રમનો હેતુ મ્યુઝિયમમાં ફિલ્મ સંબંધિત પ્રદર્શન, શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો છે.

૧૧ નવે. પછી નવા એપિસોડનું શૂટિંગ થશે

કેબીસીમાં નવા એપિસોડ અટક્યા, અમિતાભનાં સ્વાસ્થ્ય વિશે અટકળો

મુંબઈ, તા. ૮

'કૌન બનેગા કરોડપતિ ૧૮'ના નવા એપિસોડનું પ્રસારણ હાલ પૂરતું અટકાવી દઈ જૂના એપિસોડસ પ્રસારિત કરાતાં અમિતાભ બચ્ચનની તબિયત બગડી હોવાની અટકળો વહેતી થઈ હતી. જોકે, એક દાવા અનુસાર અમિતાભની તબિયત નહીં પરંતુ તારીખોમાં ગરબડના કારણે શૂટિંગ શિડ્યૂલ ખોરવાયું છે. સૂત્રોના જણાવ્યા મુજબ અમિતાભ બચ્ચન ૧૧ નવેમ્બર પછી જ શૂટિંગ માટે ઉપલબ્ધ રહેશે. ત્યાર પછી જ નવું શૂટિંગ શરૂ થશે. હાલ છેલ્લો નવો એપિસોડ ૩૦ ઓક્ટોબરનો ઉપલબ્ધ છે. દર્શકોની પૂછપરછના જવાબમાં ચેનલ અને પ્લેટફોર્મે સ્પષ્ટતા કરી છે કે દર્શકોએ નવા રસપ્રદ એપિસોડ જોવા માટે થોડી રાહ જોવી પડશે. બીજી તરફ અમિતાભ બચ્ચને પોતાના બ્લોગમાં નિયમિત દિનચર્યામાં ધીમે-ધીમે પાછા ફરવા વિશે લખ્યું હતું. તેમણે વધતી વયે સામાન્ય ભૂલકણાપણા અને શાળાના દિવસોની યાદો શેર કરી હતી. તાજેતરમાં ઘૂંટણની ઈજાને કારણે થોડો આરામ કર્યા પછી, તેમણે સોશિયલ મીડિયા અને બ્લોગ દ્વારા ચાહકોને ફરી કાર્યરત થવાની ખાતરી આપી હતી.



બચ્ચનની તબિયત નહિ પરંતુ તારીખોમાં ગરબડથી શૂટિંગ અટકયાનો પણ દાવો

નશા અને હિંસાનો પ્રચાર ટાળવાનો પ્રયાસ


દિલજીત દોસાંઝના કોન્સર્ટમાં દારુ, હિંસાને લગતાં ચાર ગીતો પર પ્રતિબંધ

મુંબઈ, તા. ૮

મશહૂર ગાયક દિલજીત દોસાંઝના ૧૫ નવેમ્બરે ઈન્દોરમાં યોજાનાર ઓરા ઈન્ડિયા ટૂર કોન્સર્ટમાં તેના ચાર ગીતો ગાવા પર પ્રતિબંધ મુકાયો છે. 'પટિયાલા પેગ' અને 'જટ્ટ ફાયર કરદા' જેવા ગીતોમાં દારૂ, ડ્રગ્સ અને હિંસાનો ઉલ્લેખ હોવાથી બાળકો પર ખરાબ અસર ન પડે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ચંડીગઢના ડો. પંડિતરાવ ધરેણવરની ફરિયાદ પછી જિલ્લા બાળ સુરક્ષા અધિકારીએ આ આદેશ આપ્યો હતો.

ફરિયાદમાં પંજાબ-હરિયાણા હાઈકોર્ટના જૂના ચૂકાદાનો હવાલો આપીને બાળકોને સ્ટેજ પર ન બોલાવવા અને ગાયકના કારતૂસવાળા પટ્ટા પહેરવા સામે પણ વાંધો ઉઠાવાયો છે, જેથી બોલ બદલ્યા પછી પણ આ ગીતો રજૂ નહીં કરી શકાય.



સુરક્ષા અને ધમકીઓની આશંકાઓ વચ્ચે દિલજીતે સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરી કે તેનો આ કાર્યક્રમ નક્કી કરેલા સમયે જ યોજાશે. અગાઉ દિલ્હીમાં યોજાયેલા શોની જેમ અહીં પણ ભારે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર દેશમાં યોજાઈ રહેલી આ સંગીત યાત્રાને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ સાથે ઉત્સુકતા જોવા મળી રહી છે.

વિવાદો હોવા છતાં ઈન્દોરમાં દોસાંઝનો શો નિર્ધારીત સમયે જ યોજાશે

સૌરવ અને તેની બાયોપિકના સર્જકો કોર્ટમાં

દૂસરા ફિલ્મ સામે કોપીરાઈટ કેસમાં સૌરવ ગાંગુલીનો વિજય

મુંબઈ, તા. ૮

'દૂસરા' ફિલ્મમાં સૌરવ ગાંગુલીની સંમતિ વિના તેની પર્સનાલિટીનો કમર્શિયલ ઉપયોગ કરવા સામે દિલ્હી હાઈકોર્ટે નિર્માતાઓને કડક આદેશો આપ્યા છે. સૌરવની પોતાની અધિકૃત બાયોપિક 'દાદા' ટાઈટલ હેઠળ રજૂ થવાની છે તે સંદર્ભમાં સૌરવ અને તેની બાયોપિકના સર્જકોએ આ કાનૂની રક્ષણ મેળવ્યું હતું.



અદાલતે રમેશ દવે પ્રોડક્શન્સને 'દૂસરા' ફિલ્મની શરૂઆત અને અંતમાં હિન્દી તેમજ અંગ્રેજીમાં સ્પષ્ટ ડિસ્ક્લેમર દર્શાવવા આદેશ આપ્યો છે. ઉપરાંત બે અઠવાડિયામાં રૂા. બે કરોડની બિનશરતી બેન્ક ગેરન્ટી જમા કરાવવાનો આદેશ જારી કર્યો છે. આ શરતોનું પાલન નહિ કરવા પર ફિલ્મના ઓટીટી રીલિઝ સહિતના તમામ વ્યાવસાયિક ઉપયોગ અને પ્રસારણ પર તાત્કાલિક રોક લગાવી દેવામાં આવશે. કોર્ટે નોંધ કરી કે ૨૦૨૨ની નેટવેસ્ટ ફાઈનલ અને શર્ટ લહેરાવવાની ઘટનાઓ ગાંગુલીના વારસા સાથે અભિન્ન રીતે જોડાયેલી છે.


દૂસરામાં સૌરવને દર્શાવતાં દ્રશ્યો વખતે ખાસ ડિસ્ક્લેમર આપવું પડશે

દિવાળી પાર્ટીમાં બંનેની સાથે હાજરી

ઈશા દેઓલે ભૂતપૂર્વ પતિ સાથે દિવાળીની ઉજવણી કરી

મુંબઈ, તા. ૮

હેમા માલિનીની પુત્રી ઈશા દેઓલ અને તેના ભૂતપૂર્વ પતિ ભરત તખ્તાની તાજેતરમાં દિવાળી પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. વર્ષ ૨૦૦૪માં બાર વર્ષના લગ્નજીવન પછી બંનેએ પરસ્પર સંમતિથી છૂટાછેડા લીધા હતા, તેમ છતાં બંને વચ્ચે સારા સંબંધો જળવાયેલા છે. તેઓ અવારનવાર મિત્રો સાથે લંચ કે જાહેર પ્રસંગોએ એકસાથે જોવા મળે છે.



દિવાળી ઉત્સવ નિમિત્તે ઈશા પોસ્ટલ-ગુલાબી સાડીમાં અને ભરત ક્રીમ રંગના બંધ ગળાના સૂટમાં સજ્જ થઈને આવ્યા હતા. તેમણે ખુશમિજાજ સાથે પાપારાઝી સમક્ષ પોઝ આપ્યા હતા.

અગાઉ પણ સ્મૃતિ ખન્ના સહિતના મિત્રો સાથેની સન્ડે લંચ પાર્ટીમાં બંને સાથે દેખાયા હતા, જેની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી હતી.

ઈશા અને ભરતને રાધ્યા તેમજ મિરાયા નામની બે પુત્રીઓ છે. ઈશાએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે સંબંધોમાં બદલાવ છતાં બાળકોના ઉછેર પર કોઈ અસર ન પડે તે તેમની પ્રાથમિકતા છે.

બાળકોના સ્વસ્થ ઉછેર માટે છૂટાછેડા પછી પણ મિત્રતા ટકાવી રાખવાનો નિર્ણય

એક તરફ ફટાકડાં અને પરાળીનો ધુમાડો ત્યાં બીજી તરફ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં વ્યાપક પલટો છે

નવેમ્બરમાં વરસાદ : દિલ્હીના પ્રદૂષણમાં રાહત કે નવી આફત?

દર વર્ષે શિયાળાનું આગમન થતાં જ દેશની રાજધાની દિલ્હી અને આસપાસના રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં શ્વાસ લેવો મુશ્કેલ બની જાય છે. હવામાં ઝેર ઘોળાવવાની આ પ્રક્રિયા કોઈ નવી નથી, પરંતુ દર વર્ષે દિલ્હીવાસીઓ વરસાદ પ્રદૂષણના કણોને ધોઈ નાખશે અને વાતાવરણ ચોખ્ખું બની જશે. વરસાદથી પ્રદૂષણમાં તાત્કાલિક ધોરણે આંશિક ઘટાડો નોંધાય છે તે હકીકત છે, પરંતુ આ જ વરસાદી ભેજ અને બદલાતું તાપમાન પાછળથી અત્યંત

> વરસાદ પડ્યા પછી વાતાવરણમાં ભેજ ખૂબ વધી જાય છે. જ્યારે હવા અત્યંત ભેજવાળી અને ઠંડી હોય, ત્યારે હવામાં રહેલા કેટલાક રાસાયણિક પ્રદૂષકો, ખાસ કરીને સલ્ફેટ્સ, નાઈટ્રેટ્સ અને કાર્બનિક કણો હાઈગ્રોસ્કોપિક બની જાય છે, એટલે કે તેઓ પાણીને પોતાની તરફ આકર્ષિત કરીને શોષી લે છે. તેના કારણે ધુમ્મસનું પ્રમાણ વિશેષ રીતે વધી જાય છે : શિયાળાની રાતો લાંબી અને શાંત હોય છે, જેના કારણે પૃથ્વીની સપાટી ઝડપથી ગરમી ગુમાવીને અત્યંત ઠંડી થઈ જાય છે. ઠંડી હવા ભારે હોવાથી તે ઉપર જઈ શકતી નથી અને ઉપર રહેલું ગરમ હવાનું સ્તર એક અદ્રશ્ય ઢાંકણની જેમ કામ કરે છે. વાહનોમાંથી નીકળતો ધુમાડો, કારખાનાઓનું ઉત્સર્જન, બાંધકામની ધૂળ અને કચરો બાળવાથી પેદા થતા કણો આ ઠંડા હવામાં જ ફસાઈ જાય છે અને પ્રદૂષણનું પ્રમાણ વધે છે : વાસ્તવિકતા એવી છે કે, પ્રદૂષણ ઘટાડવામાં કોઈને રસ નથી, લોકોને પોતાની સુવિધાઓ માટે ખાનગી વાહનો જોઈએ છે અને તેથી દેશમાં વાહનો સતત વધતા રહે છે, મોટાપાયે પેટ્રોલ-ડીઝલ વપરાય છે તેના કારણે સરકારી તિજોરીઓ છલકાતી રહે છે અને મંત્રી, નેતાઓની જાહોજલાલી અને વિદેશયાત્રાઓના ખર્ચ નીકળતા રહે છે, ભોગવવાનું માત્ર કુદરતને છે

આ અસહ્ય ગૂંગળામણમાંથી મુક્તિ મેળવવા માટે કોઈ કુદરતી ચમત્કારની રાહ જોતા રહે છે. તેમાંય આ ઋતુમાં જ્યારે પણ વાદળો ઘેરાય છે અથવા વરસાદની આગાહી થાય છે, ત્યારે સામાન્ય જનતામાં એવી આશા જાગે છે કે ભયાનક સ્મોગનું રૂપ ધારણ કરી લે છે.

નવેમ્બર મહિનાની શરૂઆતમાં જ દિલ્હીની હવાની ગુણવત્તા જોખમી સ્તરે પહોંચી ગઈ છે. તાજેતરમાં દિલ્હીનો સરેરાશ ૨૪ કલાકનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (**AQI**) ૩૬૯ નોંધાયો હતો, જ્યારે શહેરના ૫૯ મોનિટરિંગ સ્ટેશનોમાંથી ૨૨ સ્ટેશનો પર રાત સુધીમાં **AQI** 'ગંભીર' શ્રેણીમાં પ્રવેશી ચૂક્યો હતો. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે દિવાળીના ફટાકડા અને પરાળી સળગાવવાની ઘટનાઓ દિલ્હીના વાયુ પ્રદૂષણમાં બળતામાં ઘી હોમવાનું કામ કરે છે, પરંતુ આ વખતે તો હજુ દિવાળીના તહેવારો પહેલાં જ હવામાં ઝેર પ્રસરી ચૂક્યું છે.

વાતાવરણમાં આવેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ ઉત્તર ભારતમાં ઋતુચક્ર બદલાઈ રહ્યું છે. દિલ્હીવાસીઓને આશા હતી કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સારો વરસાદ લાવશે અને રાહત મળશે, પરંતુ હવામાન વિજ્ઞાન અનુસાર વરસાદ, ભેજ, તાપમાન અને પ્રદૂષકો વચ્ચેનો સંબંધ એટલો સીધો નથી.

વિજ્ઞાનની દ્રષ્ટિએ વરસાદ હવામાં રહેલા પ્રદૂષકોને સાફ કરવા માટે સૌથી શક્તિશાળી કુદરતી પરિબળ ગણાય છે. વિજ્ઞાનમાં આ સમગ્ર પ્રક્રિયાને વેટ ડિપોઝિશન અથવા નેચરલ સ્કેવેન્જિંગ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રક્રિયા મુખ્યત્વે બે વૈજ્ઞાનિક તબક્કામાં વહેંચાયેલી છે : વોશઆઉટ અને રેનઆઉટ. જ્યારે આકાશમાંથી વરસાદનાં ટીપાં જમીન તરફ પડે છે, ત્યારે તે વાતાવરણમાં તરતા રહેલા મોટા રજકણો, જેમ કે ધૂળ, માટી, રાખ, પરાગરજ અને પાર્ટિક્યુલેટ મેટર ૧૦ (**PM10**) ને પોતાની સાથે સમેટીને જમીન પર લાવી દે છે. આ પ્રક્રિયાને વોશઆઉટ કહેવામાં આવે છે, જેમાં ટીપું પ્રદૂષક કણ સાથે ભૌતિક રીતે અથડાઈને તેને નીચે પાડે છે.

બીજી તરફ, રેનઆઉટ પ્રક્રિયા વાદળોના સ્તરે થાય છે, જ્યાં હવામાં તરતા અત્યંત બારીક કણો જળબાષ્પ માટે સંઘનન કેન્દ્ર (**Condensation Nuclei**) તરીકે કામ કરે છે. ભેજ આ કણોની આસપાસ એકત્રિત થઈને પાણીનું ટીપું બને છે અને પછી વરસાદ સ્વરૂપે વરસી પડે છે. આ બંને પ્રક્રિયાઓ મળીને હવામાંથી વિશાળ માત્રામાં કચરો સાફ કરી નાખે છે. છતાં પણ, આ કુદરતી સફાઈ વ્યવસ્થા સંપૂર્ણ નથી. વરસાદ હવામાં રહેલા અતિ સૂક્ષ્મ કણો, ખાસ કરીને પાર્ટિક્યુલેટ મેટર ૨.૫ (**PM2.5**) ને સંપૂર્ણપણે દૂર કરી શકતો નથી. ઘણી વખત જો વરસાદ અત્યંત હળવો હોય કે માત્ર ઝરમર છાંટા પડ્યા હોય, તો તે પ્રદૂષણને સાફ કરવાને બદલે હવામાં ભેજનું પ્રમાણ વધારી દે છે, જેના કારણે **PM૨.૫** કણોનું સંકેન્દ્રણ ઘટવાને બદલે ઊલટું વધી જવાની શક્યતા રહે છે.

ઉત્તર ભારતમાં શિયાળાની ઋતુના હવામાનનો સૌથી મોટો નિયામક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છે. આ એક બિન-ચક્રવાતી વાતાવરણીય પ્રણાલી છે જે ભૂમધ્ય સમુદ્ર, યુરોપ અને પશ્ચિમ એશિયાના વિસ્તારોમાંથી ઉત્પન્ન થાય છે. આ પ્રણાલી પશ્ચિમી જેટ સ્ટ્રીમ પવનોની સાથે પૂર્વ દિશા તરફ આગળ વધે છે અને ઈરાન, અફઘાનિસ્તાન તથા પાકિસ્તાન વટાવીને ભારતીય ઉપખંડમાં પ્રવેશે છે. ઉત્તર ભારતના રાજ્યો, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, દિલ્હી અને પશ્ચિમી ઉત્તર પ્રદેશ સુધી તેની સીધી અસર જોવા મળે છે. હિમાલય પર્વતમાળામાં થતી શિયાળાની બરફવર્ષા અને મેદાની વિસ્તારોમાં પડતો વરસાદ આ પશ્ચિમી વિક્ષોભને આભારી છે.

સૌથી રસપ્રદ પ્રશ્ન એ છે કે જો વરસાદ પ્રદૂષણને સાફ કરે છે, તો પછી વરસાદ બાદ દિલ્હીમાં પરિસ્થિતિ કેમ વધુ વિકટ બની જાય છે? તેનો જવાબ ભેજ અને સ્મોગ વચ્ચેના ભૌતિક-રાસાયણિક સંબંધમાં છુપાયેલો છે.

વરસાદ પડ્યા પછી વાતાવરણમાં ભેજ ખૂબ વધી જાય છે. જ્યારે હવા અત્યંત ભેજવાળી અને ઠંડી હોય, ત્યારે હવામાં રહેલા કેટલાક રાસાયણિક પ્રદૂષકો, ખાસ કરીને સલ્ફેટ્સ, નાઈટ્રેટ્સ અને કાર્બનિક કણો હાઈગ્રોસ્કોપિક બની જાય છે, એટલે કે તેઓ પાણીને પોતાની તરફ આકર્ષિત કરીને શોષી લે છે. તેમાંય **PM૨.૫** કણો જ્યારે ભેજનું શોષણ કરે છે ત્યારે તેમનું કદ ફૂલીને મોટું થઈ જાય છે.

જ્યારે તાપમાન નીચું હોય અને પવનો શાંત હોય, ત્યારે હવામાં રહેલી જળબાષ્પ આ સૂક્ષ્મ પ્રદૂષક કણોની આસપાસ જમા થવા લાગે છે. આ પ્રદૂષક કણો પાણીનાં ટીપાં બનવા માટે ન્યુક્લિયસનું કામ કરે છે. આ રીતે પ્રદૂષણ અને ભેજના પરસ્પર મિશ્રણથી અત્યંત ઘટ્ટ ઝેરી ધુમ્મસ પેદા થાય છે. શિયાળામાં દિલ્હી ગેસ ચેમ્બર કેમ બને છે તે સમજવા માટે વાતાવરણીય તાપમાનના વિપર્યય એટલે કે ટેમ્પરેચર ઈન્વર્ઝનના વિજ્ઞાનને સમજવું અનિવાર્ય છે. સામાન્ય કુદરતી નિયમ મુજબ, જમીન નજીકની હવા ગરમ હોય છે અને વાતાવરણમાં જેમ ઊંચાઈએ જઈએ તેમ તાપમાન ઘટતું જાય છે, એટલે કે હવા ઠંડી થતી જાય છે. ગરમ હવા હળવી હોવાથી તે કુદરતી રીતે ઉપર તરફ ચડે છે અને તેની સાથે જમીન પર પેદા થયેલું તમામ પ્રદૂષણ પણ ઊંચા વાતાવરણમાં વહી જાય છે, જ્યારે ઉપરની ઠંડી હવા નીચે આવે છે. આ સતત ચાલતા સંવહન ચક્રને કારણે પ્રદૂષણ એક જગ્યાએ જમા થતું નથી. પરંતુ શિયાળાની રાતો લાંબી અને શાંત હોય છે, જેના કારણે પૃથ્વીની સપાટી ઝડપથી ગરમી ગુમાવીને અત્યંત ઠંડી થઈ જાય છે. ઠંડી હવા ભારે હોવાથી તે ઉપર જઈ શકતી નથી અને ઉપર રહેલું ગરમ હવાનું સ્તર એક અદ્રશ્ય ઢાંકણ (**Lid**) ની જેમ કામ કરે છે. વાહનોમાંથી નીકળતો ધુમાડો, કારખાનાઓનું ઉત્સર્જન, બાંધકામની ધૂળ અને કચરો બાળવાથી પેદા થતા કણો આ ઠંડા હવામાં જ ફસાઈ જાય છે. પરિણામે, જમીનથી થોડાક જ સો મીટરના અંતરમાં આખું પ્રદૂષણ કેદ થઈ જાય છે અને લોકો શ્વાસમાં સીધું આ ઝેર લેવા મજબૂર બને છે.

સામાન્ય લોકો ધુમ્મસ, ધૂંધ અને સ્મોગ વચ્ચેનો ભેદ સમજતા નથી અને આ શબ્દોને એકબીજાના સ્થાને વાપરતા હોય છે, પરંતુ વિજ્ઞાન અનુસાર આ ત્રણેય અવસ્થાઓ સ્પષ્ટ રીતે અલગ છે :

ધુમ્મસ એક સંપૂર્ણ કુદરતી ઋતુજન્ય પ્રક્રિયા છે. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ઘણું ઊંચું હોય અને



તાપમાન ઓછું હોય, ત્યારે જળબાષ્પ ઠંડી પડીને અત્યંત ઝીણાં પાણીનાં ટીપાંમાં ફેરવાઈ જાય છે. આ ટીપાં હવામાં તરતા રહે છે અને દ્રશ્યતા (**Visibility**) ઘટાડે છે, પરંતુ તેમાં પ્રદૂષણ હોતું નથી. બીજી તરફ ધૂંધ એટલે, જ્યારે હવામાં ધૂળ, માટી કે અન્ય સૂક્ષ્મ શુષ્ક રજકણોનું પ્રમાણ વધી જાય છે, ત્યારે સૂર્યપ્રકાશનું વિખેરણ થાય છે અને દૂરની વસ્તુઓ ઝાંખી દેખાય છે.

હેઝમાં ભેજનું પ્રમાણ ઓછું હોય છે અને રજકણો શુષ્ક હોય છે. ત્રીજો સ્મોગ શબ્દ મૂળભૂત રીતે બે શબ્દોના જોડાણથી બન્યો છે, **Smoke** (ધુમાડો) અને **Fog** (ધુમ્મસ). જ્યારે કુદરતી ધુમ્મસમાં વાહનો, ઉદ્યોગો અને પરાળીનો રાસાયણિક ધુમાડો ભળી જાય છે, ત્યારે સ્મોગ બને છે. આ વાતાવરણીય પરિસ્થિતિ અત્યંત ઝેરી હોય છે, જેમાં ઓઝોન, સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ઓક્સાઈડ જેવા હાનિકારક વાયુઓનો સમાવેશ થાય છે.

જાણકારોના મતે, પ્રદૂષણમાંથી મુક્તિ મેળવવા માટે માત્ર વરસાદ જ પૂરતો નથી, બલ્કે વરસાદ સાથે તેજ પવનોની ગતિ હોવી સૌથી નિર્ણાયક પરિબળ છે.

ન્યુઝ ફોકસ

મોટી-મોટી પાર્ટીઓ, ઉજવણીઓ અને વૈશ્વિક બેઠકોમાં પ્રદુષણની ચર્ચા ફેશન બની ગઈ છે

વર્તમાન સ્થિતિમાં જે પ્રદુષણ વિશે રોકકળ ચાલી રહી છે તે માત્ર દેખાડો છે. જે નેતાઓ, સંસ્થાઓના અધિકારીઓ, સરકારી અધિકારીઓ અને બીજા ઘણા લોકો વારંવાર પ્રદુષણ ઘટાડવા માટે મિટિંગો કરે છે, બેઠકો રાખે છે, વૈશ્વિક નેતાઓની બેઠકો થાય છે, વૈશ્વિક સમિટ થાય છે તેના આયોજનમાં જ કેટલું પ્રદુષણ ફેલાય છે તેના તરફ કોઈની નજર જતી નથી. મોટા મોટા અધિકારીઓ, દેશના વડાઓ, મોટી મોટી સંસ્થાના અધિકારીઓ આવી વૈશ્વિક બેઠકોમાં ચાર્ટર પ્લેન લઈને, મોંઘીદાટ ગાડીઓ લઈને અને કાફલા લઈને પહોંચે છે. તેના દ્વારા જે પ્રદુષણ થાય છે તેની તરફ કોઈનું ધ્યાન જ નથી. આ સિવાય સામાન્ય લોકોની વાત કરીએ તો લોકોને સરકારી વાહનો કે સેવાઓમાં રસ નથી. દરેકને પોતાની સગવડ અને લક્ઝરી માટે પોતાનું વાહન જોઈએ છે. તેમાં જે હદે પેટ્રોલ-ડીઝલનો વ્યય થાય છે તે લોકો વિચારતા નથી. લોકો પણ દિવાળી, ક્રિસમસ, ન્યૂયર અને બીજા ઘણા પ્રસંગે પાર્ટીઓનું આયોજન કરે છે.

ધનિકો દ્વારા પણ આવી મોંઘીદાટ પાર્ટીઓ રખાય છે. તેમાં લક્ઝુરિયસ ગાડીઓમાં આવતા લોકો માત્ર ફેશન ખાતર પોલ્યુશનની ચર્ચાઓ કરે છે. હવે પોલ્યુશન વિશે વાત કરવી તે બુદ્ધિજીવી વર્ગમાં એક ફેશન થઈ ગઈ છે. લોકોને પ્રદુષણ ઘટાડવામાં કે તેના વિશે પગલાં લેવામાં રસ નથી પણ તેની ચર્ચા કરવામાં અને પોતાનું જ્ઞાન વ્યક્ત કરવામાં વધારે રસ છે. આ એક સોશિયો-પોલિટિકલ ફેશન થઈ ગઈ છે.

હેપ્પી બર્થડે ટુ અડવાણી...સેલ્યુટ ટુ મોદી



કોઈપણ સંસ્થાના પાયામાં એક-બે વ્યક્તિનું અમૂલ્ય યોગદાન હોય. તેવું જ યોગદાન ભાજપના વિકાસમાં અટલ બિહારી વાજપેયી અને લાલકૃષ્ણ અડવાણીનું રહ્યું. આ બે મહાનુભાવોએ પાર્ટીને ૨ સાંસદોની પાર્ટીથી લઈને સંસદમાં બહુમત સુધી પહોંચાડી. પરંતુ, તેમના યોગદાનને ભૂલાઈ દેવામાં આવ્યું. લાલકૃષ્ણ અડવાણીની હયાતી ખાલી સ્પેશિયલ પ્રસંગો માટે ફોટો મોમેન્ટ્સ સુધી સીમિત રહી છે. રવિવારે લાલકૃષ્ણ અડવાણીએ ૧૦૦મા વર્ષમાં પ્રવેશ કર્યો. આ પ્રસંગે પીએમ મોદી સહિતના ભાજપ નેતા ફોટા પડાવવા પહોંચી ગયા હતા. ફોટા પડાવવા એટલે કહેવું પડે છે કારણ કે, મોદીના વિકાસમાં લાલકૃષ્ણ અડવાણીનું અમૂલ્ય યોગદાન રહ્યું હતું. જો અડવાણી ન હોત, તો ૨૦૦૨ પછી મોદી સીએમ ન રહ્યા હોત. અને વડાપ્રધાન પણ ન બન્યા હોત. વડાપ્રધાન બન્યા પછી મોદી દરેક સભામાં લાઉડસ્પીકર પરથી કહેતા હોય છે કે, નહેરુએ સરદાર સાહેબ સાથે અન્યાય કર્યો. ગુજરાતીઓની લોકલાગણી જીતવામાં મોદી બાહોશ છે. સરદાર સાહેબને અન્યાય એ ગુજરાતીઓની લાગણી જીતવાનું કૌશલ્ય મોદીમાં છે. બીજી બાજુ, નરેન્દ્ર મોદીને રાજકીય જીવનદાન આપનારા અડવાણીની શું પરિસ્થિતિ? આજે લાલકૃષ્ણ અડવાણી ફોટો સેશન માટેનું એક સરસ જીવંત સ્ટેચ્યુ બનીને રહી ગયા છે. તેમને કેબિનેટમાં પણ સ્થાન ન આપ્યું. રાષ્ટ્રપતિનો હોદ્દો પણ ન આપ્યો. માત્ર ભાજપના મોભી કહી દીધા. નહેરુએ તો સરદાર સાહેબને નાયબ વડાપ્રધાન બનાવીને કેબિનેટમાં સ્થાન આપ્યું. ખેર...મોદીની આ જ ખાસિયત છે. મોદી આ પ્રકારના નિર્ણયો લઈને પણ પબ્લિક સેન્ટીમેન્ટ પોતાની તરફ જાણવી રાખે છે. કેશુભાઈ પટેલના કિસ્સામાં શું થયું? મોદીએ તેમને પદ પરથી દૂર કરાવ્યા. પદ પરથી દૂર કરાવીને પબ્લિક સેન્ટીમેન્ટ જાણવી રાખ્યો. દર પ્રસંગે તેમના આશીર્વાદ લેવા અચૂક પહોંચતા. એવું જ હાલ ભાજપના નહીં દેશના સૌથી સિનિયર નેતા લાલકૃષ્ણ અડવાણી સાથે કરાઈ રહ્યું છે. જેણે તારવ્યા એમને જ વનવાસ આપવામાં આવ્યો. ભાજપના નેતાઓ સારી રીતે જાણે છે કે, અડવાણી સાથે અન્યાય કરાઈ રહ્યો છે. પરંતુ, કોઈ બોલવા જ તૈયાર નથી. ભલભલા ભાજપના નેતાઓને ડર છે કે, મોદી મોદી સિવાય કંઈ પણ બોલવું કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકવા જેવું છે. મોદીના આ કૌશલ્યને સલામ કરવી પડે!!

રાજધાનીમાં સ્મોગની ચાદર છવાઈ

દિલ્હીમાં ફટાકડાએ બાજી બગાડી હવા ઝેરી બની, એક્યુઆઈ ૩૭૧

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૮

રાજધાની દિલ્હીમાં દિવાળીની ઊજવણી શરૂ થતા જ હવા વધુ ઝેરી બની ગઈ છે. રવિવારે સાંજે આતશબાજીના કારણે દિલ્હીના અનેક વિસ્તારોમાં ધૂમાડા અને સ્મોગની ચાદર છવાઈ ગઈ હતી. હવામાં ફટાકડાની ગંધ ભળી જતા લોકોના શ્વાસ રુંધાવા લાગ્યા હતા. દિલ્હીમાં એક્યુઆઈ સાંજે ૭.૦૦ કલાકે ૩૭૧ નોંધાયો હતો, જે અત્યંત ખરાબ શ્રેણીમાં આવે છે. દિવસ દરમિયાન પણ સરેરાશ એક્યુઆઈ ૩૭૬ રહ્યો હતો.

જહાંગીરપુરીમાં સૌથી વધુ ૪૬૦ એક્યુઆઈ, હવામાં ફટાકડાની ગંધથી લોકોના શ્વાસ રુંધાયા

દિલ્હીમાં સુપ્રીમ કોર્ટે ગ્રીન ફટાકડા ફોડવાની મંજૂરી આપી છે ત્યારે દિલ્હીવાસીઓ રવિવારે સવારે ટોક્સિક હવાના વાતાવરણમાં ઉઠ્યા હતા. આ સમયે એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) 'ગંભીર' કેટેગરીમાં ૩૮૩ નોંધાયો હતો. સમગ્ર શહેરમાં ૫૪ મોનિટરિંગ સ્ટેશન્સમાંથી ૨૪માં હવાની ગુણવત્તા 'ગંભીર' કેટેગરીમાં નોંધાઈ હતી જ્યારે બાકીના સ્ટેશન્સ પર 'અતિ ખરાબ' કેટેગરીમાં નોંધાઈ હતી.

દિલ્હીવાસીઓ રવિવારે સાંજે દિવાળીની ઊજવણી કરવા બહાર નીકળ્યા ત્યારે ફટાકડાના પ્રદૂષણથી બચી શક્યા નહોતા. શહેરમાં એક્યુઆઈ 'અત્યંત ખરાબ' કેટેગરીમાં ૩૭૧ નોંધાયો હતો. શહેરના કેટલાક વિસ્તારમાં એક્યુઆઈ ૪૦૦ જેટલો નોંધાયો હતો. જહાંગીરપુરીમાં એક્યુઆઈ સૌથી ખરાબ ૪૬૦ના સ્તરે પહોંચ્યો હતો.

સગીરાની સ્થિતિને ધ્યાનમાં રાખી મધ્ય પ્રદેશ હાઈકોર્ટનો નિર્ણય

રેપ પીડિતા માટે દિવાળીની રજામાં હાઈકોર્ટ ખુલી, ગર્ભપાતને મંજૂરી

ભોપાલ, તા. ૮

મધ્ય પ્રદેશ હાઈકોર્ટની ગ્વાલિયર બેંચે દિવાળીની રજાઓ વચ્ચે પણ એક મામલાની સુનાવણી કરી હતી અને રેપ પીડિતાને ૨૬ સપ્તાહના ગર્ભનો ગર્ભપાત કરાવવાની મંજૂરી આપી હતી. ૧૪ વર્ષીય પીડિતા માટે દિવાળીની રજા છતા પણ કોર્ટ ખોલવામાં આવી હતી.

૨૬ સપ્તાહના ગર્ભની સાંજ સુધીમાં અબોર્શન પ્રક્રિયા માટે ડોક્ટરોને હાઈકોર્ટનો આદેશ

મધ્ય પ્રદેશ હાઈકોર્ટના જજ મિલિંદ રમેશ ફડકેએ પીડિતાને રાહત આપતા કમલારાજા હોસ્પિટલ અને જીઆર મેડિકલ કોલેજના ડીનને અનુભવી ડોક્ટરોની ટીમ બનાવીને ગર્ભપાતની પ્રક્રિયા પૂર્ણ કરવા આદેશ કર્યો હતો. જે દિવસે આદેશ આપ્યો તે જ દિવસે સાંજ સુધીમાં ગર્ભપાત કરી લેવાની સુચના ડોક્ટરોને આપવામાં આવી હતી.

સાથે જ કોર્ટે કહ્યું હતું કે આવા મામલામાં દરેક દિવસ મહત્વપૂર્ણ માનવામાં આવે છે, એક દિવસનો વિલંબ પણ ગંભીર પરિણામ લાવી શકે છે અને પીડિતાના સ્વાસ્થ્યને અસર કરી શકે છે. આવા મામલાઓમાં સુનાવણી માટે હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટો માટે ગાઈડલાઈન પણ જાહેર કરી હતી.

હવેથી આવા મામલા આગળ લઈ જતા પહેલા નીચલી કોર્ટોએ સ્પષ્ટ મેડિકલ બોર્ડ રિપોર્ટ જમા કરવાનો રહેશે, જેમાં પીડિતાની શારીરિક સ્થિતિ, કેટલા સપ્તાહનો ગર્ભ છે, ગર્ભપાત કરાવવો સુરક્ષિત છે કે કેમ તે આ રિપોર્ટમાં ધ્યાનમાં રાખવાનું રહેશે.

રાજ્યનાં મુખ્ય ચૂંટણી કમિશનરે ભૂલ સ્વીકારી

કર્ણાટકમાં એસઆઈઆર પછી પણ મતદાર યાદીમાં અનેક ભૂલો

(પીટીઆઈ) બેંગાલુરુ, તા. ૮

કર્ણાટકમાં એસઆઈઆર પછી પણ કેટલાક વિધાનસભા વિસ્તારોમાં મતદાર યાદીઓમાં ખામીઓ જોવા મળી છે.

'સર' પછી પણ મતદારોનાં એકથી વધુ ચૂંટણી કાર્ડ અને એકથી વધુ મતદાર યાદીમાં નામ

સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પછી બે અલગ અલગ જગ્યાની મતદાર યાદીઓમાં એક જ મતદારનું નામ અને ડુપ્લિકેટ વોટર આઈડી સામે આવ્યા છે. આ કેસ બે અલગ અલગ વિધાનસભા વિસ્તારના છે.

રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારીએ અરજીઓની પ્રક્રિયામાં થયેલ ખામીઓનો સ્વીકાર કર્યો છે. આ અંગે એક સ્પષ્ટીકરણ જારી કરવામાં આવ્યું છે.

આ સ્પષ્ટીકરણમાં સીઈઓ ઓફિસે જણાવ્યું છે કે મતદાર અરજીઓને સંભાળવામાં થયેલ બે અલગ અલગ ભૂલોને કારણે આ કેસો સામે આવ્યા છે.

પ્રથમ કેસમાં કેટલાક અરજકર્તાઓએ એસઆઈઆર દરમિયાન સિટિઝન સર્વિસ પોર્ટલનાં માધ્યમથી એકથી વધારે ફોર્મ નં. ૬ જમા કરાવ્યા હતાં. દરેક અરજીને અલગ અલગ પ્રોસેસ કરવામાં આવી હોવાથી અજાણતામાં એક જ મતદાર માટે અનેક એપિક નંબરો જનરેટ થઈ ગયા હતાં.

બીજો કેસ એ લોકો સાથે જોડાયેલો છે જેમણે ઘર બદલ્યા છે. જે મતદારોએ પોતાનું ઘર એક વિધાનસભા વિસ્તારમાંથી બીજા વિધાનસભા વિસ્તારમાં બદલ્યું તેમનો વિધાનસભા વિસ્તાર પણ બદલાઈ ગયો હતો. જો કે સરનામું બદલવા માટે ફોર્મ નંબર ૮ની અરજીઓને મંજૂરી મળી જતાં તેમના નામ નવા વિધાનસભા વિસ્તારની મતદાર યાદીમાં આવી ગયા હતાં. જો કે જૂના વિધાનસભા વિસ્તારમાંથી નામ હટાવવા માટે ફોર્મ નં. ૭ વિલંબિત રહેતા તેમના નામ જૂના વિધાનસભા મત વિસ્તારની મતદાર યાદીમાં પણ ચાલુ રહ્યાં હતાં.

સરકાર કાયદા અનુસાર પ્રક્રિયા કરશે : અસદુઝ્ઝમા

બાંગ્લાદેશનાં કાયદા પ્રધાને શેખ હસીનાને દોષિત ગુનેગાર ગણાવ્યા

(પીટીઆઈ) ઢાકા, તા. ૮

બાંગ્લાદેશનાં કાયદા પ્રધાન મોહમ્મદ અસદુઝ્ઝમાંને રવિવારે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાને દોષિત ગુનેગાર ગણાવ્યા હતાં જણાવ્યું હતું કે ઢાકાએ તેમના પ્રત્યાર્પણ માટે ભારતને વિનંતી કરી છે. સ્થાનિક મીડિયાનાં એક અહેવાલમાં આ સમાચાર પ્રકાશિત કરવામાં આવ્યા છે.

બાંગ્લાદેશ સરકાર શેખ હસીનાને ભારતથી પરત લાવવા જરૂરી પગલાં લઈ રહી છે

ઢાકામાં એક તાલીમી વર્કશોપનું ઉદ્ઘાટન કર્યા પછી પત્રકારોના પ્રશ્નનાં જવાબમાં અસદુઝ્ઝમાંને જણાવ્યું હતું કે સરકાર શેખ હસીનાને ભારતથી પરત લાવવા માટે તમામ જરૂરી પગલા લઈ રહી છે અને યોગ્ય પ્રક્રિયાનું પાલન કરશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમારા માટે તે એક ગુનેગાર છે. અમારા ટ્રિબ્યુનલ દ્વારા દોષિત ઠેરવવામાં આવેલ ગુનેગાર. અમારા માટે આ તેમની ઓળખ છે.

શેખ હસીનાને બાંગ્લાદેશ પરત લાવવા અંગે પૂછવામાં આવતા કાયદા પ્રધાન જણાવ્યું હતું કે સરકાર કાયદા અનુસાર કાર્ય કરશે અને લાગણીઓને વશ થશે નહીં.

સરકારી બીએસએસ ન્યૂઝ એજન્સીએ અસદુઝ્ઝમાંનાં સંદર્ભથી જણાવ્યું હતું કે જો કે કાયદા મંત્રાલય આ કેસમાં ડાયરેક્ટ સામેલ નથી પણ ગૃહ બાબતોનું મંત્રાલય ચિંતિત છે કારણકે આ ભારતની સાથે પ્રત્યાર્પણ સંધિ સાથે જોડાયેલી બાબત છે.

આ કેસને કાયદાકીય રીતે ઉકેલવામાં આવશે. લાગણીઓને કોઈ સ્થાન આપવામાં આવશે નહીં. અમે સંધિ હેઠળ અને યોગ્ય પ્રક્રિયા હેઠળ શેખ હસીનાને પરત મોકલવાની વિનંતી કરી છે.

આ ભારત સરકાર સાથે સંકળાયેલી બાબત છે. અમે પ્રત્યાર્પણ સંધિ હેઠળ તેમને પરત લાવવા માટે ભારત સરકારને વિનંતી કરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જો ભારત સરકાર શેખ હસીનાને અમને પરત સોંપે છે તો અમે કાયદા મુજબ આગળની કાર્યવાહી કરીશું.

ઈટાલી : ૮૫૦ ગ્રામ ટ્રફલ ૧.૦૩ કરોડમાં વેચાઈ



ઈટાલીની ફેમસ વ્હાઈટ ટ્રફલ ફરી એકવાર તેની ઊંચી કિંમતને કારણે ચર્ચામાં આવી છે. ઈટાલીના અલબા સિટીમાં યોજાયેલા ૨૭મા વર્લ્ડ અલબા વ્હાઈટ ટ્રફલ ઓક્શનમાં ૮૫૦ ગ્રામ વજનની એક સફેદ ટ્રફલ લગભગ રૂપિયા ૧.૦૩ કરોડમાં વેચાઈ. હોંગકોંગના એક ખરીદદારે આ ટ્રફલ ખરીદી હતી. અલબાની સફેદ ટ્રફલ વિશ્વની સૌથી મોંઘી અને સ્વાદિષ્ટ ખાદ્ય વસ્તુઓમાં ગણાય છે. તેની ખાસ સુગંધ અને સ્વાદને કારણે વિશ્વભરના જાણીતા શેફ અને ખાણીપીણીના શોખીનોમાં તેની ભારે માંગ રહે છે. આ હરાજીમાં ૧.૦૦૯ કિલોગ્રામ વજનની બીજી એક વિશાળ ટ્રફલ લગભગ રૂપિયા ૧.૧૩ કરોડમાં વેચાઈ હતી.

નક્સલમુક્ત ભારતની આ પ્રથમ દિવાળી : બસ્તરમાં વડાપ્રધાન

જવાનોની ત્યાગ અને તપસ્યાને કારણે નક્સલવાદનો અંત થયો : પીએમ મોદી

બસ્તર, તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તરમાં સુરક્ષાદળોના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી. સાથે જ બસ્તરમાંથી નક્સલવાદના અંતના વખાણ પણ કર્યા હતા. મોદીએ જવાનો સાથે વાતચીત દરમિયાન કહ્યું હતું કે દરેક જવાન મારા પરિવારનો હિસ્સો છે. ત્યાગ અને તપસ્યાથી નક્સલી આતંકનો અંત આવ્યો હતો.

જંગલોમાંથી તો નક્સલીઓનો સફાયો કરી દેવાયો છે પરંતુ દિમાગી નક્સલોનું જોખમ યથાવત્ : વડાપ્રધાન

બસ્તરમાં સુરક્ષાદળોના જવાનો જેવા પહેરવેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જવાનોને સંબોધ્યા હતા, મોદીએ કહ્યું હતું કે આજે દુનિયાના દરેક ખુણામાં કરોડો ભારતીયો પ્રકાશના પાવન પર્વની ઉજવણી કરી રહ્યા છે.

દૂર દૂરથી લોકો પોતાના ઘરે પહોંચ્યા છે. પરિવારજનો સાથે હળવા મળવાનો આ એક મોટો મહોત્સવ છે. હું પણ દિવાળીની ઉજવણી કરવા માટે તમારી(જવાનો) વચ્ચે આવ્યો છું. વડાપ્રધાને વધુમાં કહ્યું હતું કે સરહદે અને દેશની અંદર રાષ્ટ્રની સુરક્ષા કરનારા, રાષ્ટ્રના પ્રહરી, મા ભારતીના વીર, આપ તમામ લોકો મારા પરિવારજનો છો. તમે તમામ લોકો મારા પરિવારનો હિસ્સો છો.

મોદીએ કહ્યું હતું કે આ વખતે હું દિવાળી ઉજવવા માટે બસ્તરના જંગલોમાં આવ્યો છું. તમારી વચ્ચે આવ્યો છું. આ એ ભૂમિ છે જ્યાં એક સમયે નક્સલી આતંકનો કેર હતો, જવાનોના ત્યાગ-તપસ્યાના કારણે નક્સલી આતંકનો અંત આવ્યો અને વિકાસની શરૂઆત થઈ. જવાનોના વખાણ કરતા મોદીએ કહ્યું હતું કે આ એક અસાધારણ સફળતા છે. જેનો મોટો શ્રેય જવાનોને જાય છે. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ૨૦૨૬ની દિવાળી વિશેષ છે કેમ કે નક્સલવાદ સામેની લડાઈમાં વિજય થયો છે. આ પ્રથમ દિવાળી છે કે જ્યાં દેશના દરેક જિલ્લામાં નક્સલવાદનો અંત આવ્યો છે. કરોડો દેશવાસીઓ નક્સલવાદના ભયને હરાવી ચુક્યા છે. હાલ જંગલોમાંથી તો નક્સલીઓનો સફાયો કરી નખાયો છે પરંતુ દિમાગી નક્સલો આપણી વચ્ચે છૂપાયેલા છે.

ગેંગસ્ટરો સામે પંજાબ પોલીસને મોટી સફળતા

હત્યાઓ, ખંડણી સહિતના ૩૦ કેસોમાં વોન્ટેડ ગેંગસ્ટર ગુરવિંદર ભારત લવાયો

અમૃતસર, તા. ૮

પંજાબ પોલીસે વિદેશમાં છૂપાયેલા ગેંગસ્ટરો સામે મોટી કાર્યવાહી કરી છે અને ગુરવિંદર સિંહ ઉર્ફ આફરીદીને ભારત લાવવામાં સફળતા પ્રાપ્ત કરી છે. પંજાબ પોલીસની એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ (એજીટીએફ)એ કેન્દ્રીય એજન્સીઓ સાથે મળીને આ ગેંગસ્ટરનું આફ્રીકી દેશ ઈથિયોપિયાથી ડિપોર્ટેશન કરાવ્યું હતું. દસ મહિનાના પ્રયાસ બાદ પંજાબ પોલીસને આ સફળતા મળી હતી.

એક કિશોર, સરપંચ, તાલુકા પ્રમુખ સહિત પાંચની હત્યામાં સામેલ ગુરવિંદર ફેક પાસપોર્ટની મદદથી વિદેશ ભાગ્યો હતો

પંજાબના ડીજીપી ગૌરવ યાદવે જણાવ્યું હતું કે આફ્રિકન દેશમાંથી પ્રથમ વખત પંજાબ પોલીસ દ્વારા કોઈ ગેંગસ્ટરને ભારતમાં ડિપોર્ટ કરાવવામાં સફળતા મળી છે. ભાગેડુ ગેંગસ્ટર ગુરવિંદર ઉર્ફ આફરીદી ટાર્ગેટ કિલિંગ સાથે સંકળાયેલો છે.

ડોની બાલપ્રભ દાસુવાલ ગેંગમાં ગુરવિંદર કિંગપિન માનવામાં આવે છે. જેની પાછળ આશરે પાંચ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. પંજાબમાં ખંડણી, ટાર્ગેટ કિલિંગ, નાણાકીય ગુના અને સંગઠીત ગુનાઓમાં આ ગેંગ સક્રીય છે. જેને ભારત લવાયેલ ગુરવિંદર અંજામ આપતો હતો.

ગુરવિંદરને પાંચ હત્યા, હત્યાનો પ્રયાસ, ધંડણી, હથિયારનો ગુના સહિતના ૩૦ જેટલા ગંભીર મામલામાં વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. જે પાંચ લોકોની હત્યા કરવામાં આવી તેમાં સરપંચ રાજવિંદર, ૧૨ વર્ષનો બાળક ગુરસેવક સિંઘ, વિકી ચુધ, જસવંતસિંહ, કોંગ્રેસના તાલુકા પ્રમુખ ગુરનેલસિંહ વગેરેનો સમાવેશ થાય છે.

યુએઈથી કેન્યા અને બાદમાં ઈથિયોપિયા પહોંચ્યો હતો

ગેંગસ્ટર ગુરવિંદર ફેક પાસપોર્ટની મદદથી ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ મુંબઈ એરપોર્ટથી યુએઈ ભાગી ગયો હતો. આ દરમિયાન તેણે ઈસ્તંબુલથી મેક્સિકો ભાગવા પ્રયાસ કર્યો હતો પરંતુ યુએઈ પાછો ધકેલાયો હતો. બાદમાં આ વર્ષે એપ્રીલ મહિનામાં તે કેન્યામાં ભાગી ગયો હતો. બાદમાં ઈથિયોપિયા પહોંચ્યો હતો. હવે ત્યાંથી તેને ભારત લાવવામાં આવ્યો છે અને વધુ પૂછપરછ ચાલી રહી છે.

ભાજપને વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૬૦૭૪ કરોડનું દાન મળ્યું

કોંગ્રેસનું દાન દસકામાં સૌથી ઝડપી ૭૫ ટકા ઘટ્યું, માત્ર રૂ. ૧૩૦ કરોડ મળ્યા

નવી દિલ્હી, તા. ૮

કોંગ્રેસ પક્ષને મળતા દાનમાં આ વર્ષે ૭૫ ટકાનો ઘટાડો થયો છે. દસકામાં આ સૌથી મોટો વાર્ષીક ઘટાડો માનવામાં આવે છે. ૨૦ હજારથી વધુનુ દાન વર્ષ ૨૦૨૫-૨૬માં ઘટીને ૧૩૦.૬૯ કરોડે પહોંચી ગયું છે. વર્ષ ૨૦૨૪-૨૫માં આ રકમ રૂ. ૫૧૭.૩૯ કરોડ હતી, એટલે કે એક જ વર્ષમાં સીધો ૭૫ ટકાનો ઘટાડો થયો છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૮૧ કરોડ, ૨૦૨૪-૨૫માં રૂ. ૫૧૭ કરોડ મળ્યા બાદ અચાનક મોટો ઘટાડો થયો

કોંગ્રેસના દાનમાં આ વર્ષે ઘટાડો થયો તેના અગાઉના બે વર્ષમાં મોટો વધારો નોંધાયો હતો. જેમ કે વર્ષ ૨૦૨૩-૨૪માં કોંગ્રેસને ૨૮૧.૪૮ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું. જે બાદ વધારો થયો હતો અને ૨૦૨૪-૨૫માં રૂ. ૫૧૭.૩૯ કરોડે પહોંચી ગયું હતું. હવે અચાનક જ વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૫ ટકાનો ઘટાડો થયો છે અને સીધુ ૧૩૦.૬૯ કરોડે પહોંચી ગયું છે, દસકામાં વાર્ષીક સૌથી મોટો ઘટાડો માનવામાં આવે છે. આ પહેલા વર્ષ ૨૦૧૫-૧૬માં કોંગ્રેસના દાનમાં ૮૬ ટકાનો ઘટાડો થયો હતો.

બીજી તરફ ભાજપને વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૨૦,૦૦૦થી વધુનું રૂ. ૬૦૭૪ કરોડ દાન મળ્યું હતું, જે કોંગ્રેસને મળેલા દાનથી બાર ગણુ વધારે છે. જોકે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ભાજપને કેટલુ દાન મળ્યું તેની માહિતી ચૂંટણી પંચ દ્વારા હજુસુધી જાહેર કરવામાં નથી આવી તેવો દાવો આ રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. જોકે છેલ્લા ૧૨ નાણાકીય વર્ષોમાં કોંગ્રેસ કરતા ભાજપને તમામ વર્ષે વધુ દાન મળ્યું છે. જોકે દાનના આ રિપોર્ટમાં પક્ષને રૂ. ૨૦,૦૦૦થી ઓછું કુલ દાન કેટલુ મળ્યું, મેમ્બરશિપ ફી, કુપન કલેક્શન વગેરેની વિગતો સામેલ નથી.

પેટ્રોલમાં ઈથેનોલનાં પ્રમાણ અંગે સીએમ શિવકુમારનું કડક વલણ

કર્ણાટકમાં ઈથેનોલ મુદ્દે હવે ડિસ્ટ્રિબ્યુટરો, બ્લેડિંગ એજન્સીઓની પણ તપાસ થશે

નવી દિલ્હી, તા. ૮

કર્ણાટકમાં પેટ્રોલમાં ઈથેનોલનું વધારે પ્રમાણ અંગે ચાલી રહેલ તપાસ હવે ફક્ત રિટેલ આઉટલેટ સુધી મર્યાદિત રહી નથી. હવે આ તપાસ ફ્યૂઅલ ડિસ્ટ્રીબ્યુટર અને બ્લેડિંગ એજન્સીઓ સુધી પણ પહોંચી ગઈ છે.

તપાસ અધિકારીઓ ફ્યૂઅલ સપ્લાય ચેનનાં વિભિન્ન તબક્કાઓમાંથી નમૂના, રેકોર્ડ, દસ્તાવેજ જમા કરી રહ્યા છે

મુખ્યપ્રધાન ડી કે શિવકુમારે રવિવારે જણાવ્યું હતું કે ખાદ્ય, નાગરિક પુરવઠા અને કાયદેસર માપ વિજ્ઞાન દ્વારા કરવામાં આવી રહેલી હેઠળ તપાસ અધિકારીઓ ફ્યૂઅલ સપ્લાય ચેનનાં વિભિન્ન તબક્કાઓમાંથી નમૂના, રેકોર્ડ અને દસ્તાવેજ જમા કરી રહ્યાં છે. મીડિયા સાથે વાત કરતા સીએમ ડી કે શિવકુમારે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે વાહન ચાલકોની એ ફરિયાદોને ગંભીરતાથી લીધી છે જેમાં ફરિયાદકર્તાએએ જણાવ્યું હતું કે પેટ્રોલમાં ઈથેનોલનું વધુ પ્રમાણનાં કારણે વાહનોનાં પ્રદર્શન અને માઈલેજ પર વિપરિત અસર પડી રહી છે. તેમણે જણાવ્યું હતું કે ફક્ત પેટ્રોલ પંપો પર જ નહીં પણ એ જગ્યાઓએ પણ તપાસ કરવામાં આવી રહી છે જ્યાં ઈથેનોલને પેટ્રોલમાં મિક્સ કરવામાં આવે છે અને વિતરિત કરવામાં આવે છે. મિશ્રણ ક્યાં અને કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તે અંગેનાં દસ્તાવેજ પણ જમા કરવામાં આવ્યા છે. ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન રિઝવાન અરશદ સોમવારે આ અંગે એક વિગતવાર રિપોર્ટ જારી કરશે.

મુખ્યપ્રધાને જણાવ્યું હતું કે ઈથેનોલનું પ્રમાણ નિર્ધારિત માત્રાથી વધુ હોવાની ફરિયાદો મળ્યા પછી કર્ણાટકમાં ૬૭ જગ્યાઓથી પેટ્રોલનાં નમૂના લેવામાં આવ્યા હતાં અને તેની તપાસ કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા ડી કે શિવકુમારે જણાવ્યું હતું કે ઈંધણની ગુણવત્તા, વાહનોનાં પ્રદર્શન અને જન સુરક્ષા સાથે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં.



દક્ષિણેશ્વર કાલી મંદિર ખાતે ભક્તોનું ઘોડાપુર

દિવાળીના દિવસે દેશભરના મંદિરોમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. પશ્ચિમ બંગાળના કોલકાતામાં હુગલી નદીના કિનારે આવેલા દક્ષિણેશ્વર કાલી મંદિરમાં પણ ભક્તોનું ઘોડાપુર જોવા મળ્યું હતું. આ એ જ પવિત્ર સ્થાન છે જ્યાં સંત રામકૃષ્ણ પરમહંસજીને દિવ્ય જ્ઞાન અને ઈશ્વર સાક્ષાત્કાર પ્રાપ્ત થયો હતો. આ મંદિરની સ્થાપના ૧૮૫૫માં જાણીતા રાણી રાસમણી દ્વારા કરવામાં આવી હતી. આ મંદિર મા કાલીના એક દયાળુ સ્વરૂપ 'મા ભવતારિણી' ને સમર્પિત છે. રામકૃષ્ણ પરમહંસજીએ અહીં વર્ષો સુધી મુખ્ય પૂજારી તરીકે સેવા આપી હતી.

દિવાળીની ઉજવણી વચ્ચે સુરક્ષાદળો વધુ એલર્ટ

કાશ્મીરમાંથી બે શંકાસ્પદ આતંકીઓ ચીનની પિસ્તોલ, ગ્રેનેડ સાથે ઝડપાયા

શ્રીનગર, તા. ૮

જમ્મુ કાશ્મીરના કુલગામમાં સુરક્ષાદળોએ ચેકિંગ દરમિયાન આતંકીઓના બે સહયોગીઓની ધરપકડ કરી છે. આ બન્ને શંકાસ્પદ આતંકીઓ પાસેથી એક ચીની પિસ્તોલ, દારૂગોળો, હેન્ડ ગ્રેનેડ જપ્ત કરવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસ, સીઆરપીએફ અને એસઓજીના જવાનો દ્વારા સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

શ્રીનગરમાં ચાર વોન્ટેડ આતંકીઓની શોધખોળ માટે બેનરો લગાવાયા, માહિતી આપનારાને ઈનામની જાહેરાત



સુરક્ષા એજન્સીઓ આ કાર્યવાહીને આતંકીઓ સામેની મોટી સફળતા માની રહી છે. બે યુવકો તહિર બિલાલ, મુનીબ યાસીન કુલગામ તરફ હથિયારો સાથે જઈ રહ્યા હતા. જે હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે તે આ બન્ને પાસે ક્યાંથી આવ્યા? શું તેઓ પોતે આતંકી છે કે પછી આતંકીઓ સુધી આ હથિયારો પહોંચાડી રહ્યા હતા તેને લઈને તપાસ કરવામાં આવી રહી છે. જ્યારે રવિવારે જ શ્રીનગરના લાલ ચોક વિસ્તારમાં એક બેનર લગાવાયું હતું. જેમાં ચાર આતંકીઓના સ્થળો અંગે જાણકારી માગવામાં આવી છે.

પ્રતાપ પાર્કની દિવાલ પર લગાવાયેલ આ બેનરમાં ચાર આતંકીઓની જાણકારી આપવા માટે સ્થાનિકોને અપીલ કરવામાં આવી હતી.


જે આતંકીઓની માહિતી હાલ માગવામાં આવી રહી છે તેમાં મોહમ્મદ લતીફ ભટ પણ સામેલ છે, ભટ આ વર્ષે જુલાઈ મહિનામાં અનંતનાગમાં એક પોલીસકર્મીની હત્યામાં સામેલ હતો. અન્ય આતંકીઓના નામ બિલાલ અહમદ મીર, મોહમ્મદ ઉમર મીર અને આબિદ છે. જાણકારી આપનારાને ઈનામ આપવા અને માહિતી ગુપ્ત રાખવાની પણ જાહેરાત કરાઈ છે. આ ચારેય આતંકીઓ હાલ વોન્ટેડ છે અને સુરક્ષાદળો તેમની શોધખોળ કરી રહ્યા છે.

૨૦૧૫માં ઓનલાઈન ચીટિંગની વાત પોલીસ કે કોઈ માનતું નહોતું!

ગુજરાતે સાયબર ક્રાઈમમાં કરેલી પ્રગતિ ! ૨૦૧૬માં ૩૬૨ કેસમાંથી વધી ૧ લાખ કેસ

અમદાવાદ, રવિવાર

એક સમય હતો કે જ્યારે દિવાળીના તહેવારોમાં ઘર બંધ હોય ત્યારે ઘરફોડ ચોરી ન થાય તે માટે પૂરતી તકેદારી રખાતી હતી. સમય બદલાતાં હવે ઘર ઉપરાંત બેન્ક ખાતાંમાંથી ઓનલાઈન ચોરી ન થઈ જાય તે માટે સતર્ક રહેવું પડે છે. ગુજરાતમાં ઓનલાઈન છેતરપિંડીનું સાયબર ક્રાઈમ વર્ષ ૨૦૧૫-૧૬ના અરસામાં શરૂ થયું હતું. વર્ષ ૨૦૨૬માં દશકો થયો છે ત્યારે સાયબર ચીટિંગનું નેટવર્ક આંતરરાષ્ટ્રીય અને બેકાબૂ બની ચૂક્યું છે. ગુજરાતમાં જ વર્ષ ૨૦૧૬માં સાયબર ઠગાઈના ૩૬૨ ગુના નોંધાયા હતાં તે ચાલુ વર્ષ ૨૦૨૬માં એક લાખનો આંક વટાવી



ચૂક્યાં છે. જાણકારો કહે છે કે, વર્ષ ૨૦૨૦થી કોરોનાના બે વર્ષના સમયગાળામાં ઓનલાઈન વ્યવહારો વધતાં સાયબર ગઠિયાઓને જાણે ફાવતું જડી ગયું હતું. ઓનલાઈન અને મોબાઈલ ફોન ઉપર બેન્કિંગ છે તે હકીકત છે.

ઈન્ટરનેટ અને આધુનિક મોબાઈલ ફોનનો વ્યાપ વધવા સાથે સાયબર ઠગાઈના કિસ્સામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. હજારો રૂપિયાથી કરોડો રૂપિયા સુધીની ઓનલાઈન ઠગાઈના દર વર્ષે થતી હોવા મુદ્દે સ્થાનિક પોલીસ આશંકીત રહેતી હતી. પોલીસ જ નહીં ભોગ બનનારની વાત તેમના નજીકના લોકો પણ માનવા તૈયાર નહોતાં. વર્ષ ૨૦૧૬માં ગુજરાતમાં સાયબર ક્રાઈમના ૩૬૨ ગુના નોંધાયાં હતાં. વર્ષ ૨૦૧૯ સુધી ગુજરાતમાં પ્રતિવર્ષ સાયબર ક્રાઈમનો આંક ૮૦૦થી વધ્યો નહોતો. પરંતુ, કોવિડ-૧૯ એટલે કે વર્ષ ૨૦૧૯ના અંત ભાગમાં કોરોના આવ્યો તે પછી વર્ષ ૨૦૨૦નું વર્ષ સાયબર ચીટિંગમાં ઉછાળા માટે કારણભૂત બની રહ્યું હતું. જો કે, આ શરૂઆત પહેલાં ગુજરાત પોલીસ સક્રિય બની ચૂકી હતી અને સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૨૦માં હેલ્પલાઈન પણ શરૂ કરી હતી.

વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાં સાયબર ક્રાઈમના કુલ ૧૨૮૩ ગુના નોંધાયા

ગુજરાતમાં સાયબર ચીટિંગ ૨૦૨૧થી સતત વધ્યું છે

ગુજરાતમાં સાયબર ચીટિંગની ઘટનાઓનો સ્વિકાર વર્ષ ૨૦૧૬થી થયો છે. જો કે, સાયબર ઠગાઈના કિસ્સા ઉછાળો કોરોના રોગચાળા પછી સતત વધી રહ્યાં છે. નેશનલ ક્રાઈમ રિપોર્ટીંગ પોર્ટલ ઉપર નોંધાતાં બનાવોની સંખ્યા આ મુજબ છે. સાયબર ઠગાઈથી બચવા સ્વયંજાગૃતિ શ્રેષ્ઠ માર્ગ છે.

વર્ષ	કુલ બનાવો
૨૦૧૬	૩૬૨
૨૦૧૭	૪૫૮
૨૦૧૮	૭૦૨
૨૦૧૯	૭૮૪
૨૦૨૦	૧૨૮૩
૨૦૨૧	૧૮૧૫૯
૨૦૨૨	૮૨૦૮૫
૨૦૨૩	૧૩૭૦૪૫
૨૦૨૪	૧૬૭૮૯૨
૨૦૨૫(જુન સુધી)	૮૮૩૮૩
૨૦૨૬(જુલાઈ સુધી)	૧૦૬૩૮૩

ડિજિટલ ફોડ આચરવા ચાઈનીઝ ગઠિયાઓ સક્રિય

વિતેલા ચાર વર્ષ દરમિયાન ડિજિટલ ફોડ આચરવા ચાઈનીઝ ગઠિયાઓ સક્રિય બન્યાં હતાં અને કમ્બોડિયા, મ્યાનમાર, રશિયા સહિતના દેશોમાં કોલ સેન્ટર્સ ખોલીને ભારતમાંથી યુવકો, યુવતીઓને નોકરીના બહાને બોલાવી ગોંધી રાખી છેતરપિંડીના કોલ, મેસેજીસ કરવામાં આવી રહ્યાં છે. હવે તો સાયબર ગઠિયાઓ ક્યા સ્વરૂપે મેસેજ મોકલે અને છેતરપિંડીની માયાજાળમાં ફસાઈ જવાય તે કોઈ નિશ્ચિતપણે કહી શકતું નથી.

સાયબર ઠગાઈ સામે ગુજરાત પોલીસ ૨૦૧૯થી કાર્યરત થઈ ગઈ પણ લોકજાગૃતિનો અભાવ છે

કામગીરીનો પૂરતો અનુભવ ન ધરાવનારાં નાગરિકો આજની તારીખે સાયબર ઠગાઈનો ભોગ બની રહ્યાં છે. ગુજરાત પોલીસ છેતરપિંડીના સાયબર ક્રાઈમ સામે વર્ષ ૨૦૧૯થી સક્રિય થઈ છે પણ હજુ લોકજાગૃતતાનો અભાવ હોવાથી સાયબર ગઠિયાઓ ફાવી રહ્યાં એક લાખથી વધુ કેસ ગુજરાત પોલીસ પાસે કોરોના પછીથી આવી રહ્યાં છે. એ વાત અલગ છે કે, આમાંથી નોંધપાત્ર ગુના જ પોલીસ ચોપડે ચડી રહ્યાં છે. જાણકાર પોલીસ અધિકારી સૂત્રો કહે છે કે, વર્ષ ૨૦૧૫-૧૬ના ગાળામાં સાયબર ક્રાઈમ આચરીને લોકો સાથે છેતરપિંડી કરનારા ગુનેગારો પૈકી ૯૦ ટકા ગુનેગારો ઝડપાઈ ચૂક્યાં હતાં. પણ, કોરોનાના પગલે લોકો ઘરોમાં કેદ થતાં બે વર્ષ દરમિયાન મોબાઈલ ફોનનો ઉપયોગ વધ્યો સાથે જ ઓનલાઈન બેન્કિંગ પણ વધ્યું હતું. અનેક લોકોએ પોતાના મોબાઈલ ફોનથી બેન્કિંગ અને ઓનલાઈન ખરીદી અને ચૂકવણીઓ શરૂ કરી હતી. આ વર્ષો દરમિયાન ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સ-એપનો ઉપયોગ વધવા સાથે જ બ્લેક મેઈલિંગ, નકલી પ્રોફાઈલ બનાવવી, નકલી એકાઉન્ટ બનાવવા, મહિલાઓની પ્રોફાઈલ મોર્ફ કરી બદનામી અને સ્ટોકિંગ સહિતની ગુનાખોરીમાં ઉછાળો આવ્યો હતો.

વર્ષ ૨૦૨૦થી કોરોનાના બે વર્ષના સમયગાળામાં ઓનલાઈન વ્યવહારો વધતાં જ સતત વધી રહેલું સાયબર છેતરપિંડીનું નેટવર્ક આંતરરાષ્ટ્રીય અને બેકાબૂ





એકમાત્ર કાળીચૌદશે જ પૂજા અને હવનની પવિત્ર પરંપરા

મહુડી ઘંટાકર્ણ મહાવીર તીર્થધામના મહાહવનમાં શ્રદ્ધાનો સાગર છલકાયો

ગાંધીનગર, રવિવાર

ગાંધીનગર જિલ્લાના વિશ્વવિખ્યાત જૈન તીર્થધામ મહુડી ખાતે કાળી ચૌદશના પાવન અવસરે આસ્થા અને શ્રદ્ધાનો અલૌકિક સંગમ જોવા મળ્યો હતો. વર્ષમાં માત્ર એક જ વખત યોજાતા શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવના પરંપરાગત વા ષક મહાહવન અને વિશેષ કેસર પૂજનમાં ભાગ લેવા ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી હજારો જૈન-જૈનેતર ભક્તો ઉમટી પડ્યા હતા.

બપોરે ૧૨થ૩૯ કલાકે મંત્રોચ્ચાર અને ગગનભેદી ઘંટનાદ સાથે શરૂ થયેલા હવનમાં ભાવિકોએ મનોકામના પૂ ત અર્થે નાડાછડીમાં ૧૦૮ ગાંઠ વાળી સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના કરી હતી.

વહેલી સવારથી જ પવિત્ર યાત્રાધામ મહુડીમાં ઉત્સવપૂર્ણ અને ભક્તિમય માહોલ સર્જાયો હતો. ધા મક વિધિઓના પ્રારંભે સર્વપ્રથમ પદ્મપ્રભુ

દિવ્ય પ્રતિમા પર સોનાનો વરખ ચડાવાતા પ્રતિમાનું તેજોમય સ્વરૂપ દર્શનાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

ભગવાનનું પ્રક્ષાલન પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની વિશેષ પ્રક્ષાલન વિધિ શા ોક્ત મંત્રોચ્ચાર સાથે હાથ ધરાઈ હતી. ભગવાનને ભાવપૂર્વક કેસરનો ચઢાવો ચઢાવવા સાથે ધૂપપૂજન, ફૂલપૂજન, મુગટપૂજન તેમજ આભૂષણ પૂજન કરવામાં આવ્યું હતું. દિવ્ય પ્રતિમા પર સોનાનો વરખ ચડાવવામાં આવતા પ્રતિમાનું તેજોમય સ્વરૂપ દર્શનાર્થીઓ માટે પરમ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.બપોરે બરાબર ૧૨થ૩૯ કલાકે પરંપરાગત મહાહવનનો શુભારંભ થયો હતો. 'ૐ શ્રી ઘંટાકર્ણ મહાવીરાય નમઃ'ના દિવ્ય નાદ સાથે હવનકુંડમાં પવિત્ર આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી. હવન દરમિયાન શ્રદ્ધાળુઓએ હાથમાં રાખેલી લાલ નાડાછડીમાં મંત્રજાપ સાથે ૧૦૮ ગાંઠો વાળી હતી. ધા મક માન્યતા અનુસાર આ વિધિથી સર્વ મનોકામના પૂર્ણ થતી હોવાથી ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.આ અલૌકિક ધા મક મહોત્સવમાં જૈન સમાજના શ્રે ીઓ, દાતાઓ, ટ્રસ્ટી મંડળના સભ્યો તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિક્રમ સંવત ૧૯૭૫થી ચાલી આવતી શ્રદ્ધાની અમર ધરોહર

અંધકારના વધતા જતા વ્યાપની અસરમાંથી લોકોની મુક્તિ માટે શ્રીમદ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે ગાંધીનગર નજીક મહુડી ખાતે દિવ્ય ઘંટાકર્ણ મહાવીર દેવની સ્થાપના કરી હતી.વિક્રમ સંવત ૧૯૭૫ના માગશર સુદ છઠ્ઠના રોજ પરમ પૂજ્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ દ્વારા મહુડી તીર્થમાં ભગવાન શ્રી ઘંટાકર્ણ મહાવીરની પ્રતિ ા કરવામાં આવી હતી. તે વખતે કેટલાક અદભુત અને અકલ્પનીય નિયમો બનાવવામાં આવ્યા હતા. જે મુજબ શ્રી ઘંટાકર્ણ વીરની રોજે રોજ પૂજા કરવાના બદલે ૧૨ મહિનામાં એકવાર કાળી ચૌદશના દિવસે કેસરની પૂજા કરવાની પરંપરા ચાલી આવે છે.

વાર્ષિક કેસર પૂજન માટે લાખો રૂપિયાનો ચઢાવો

વર્ષ દરમિયાન નિયમિત પૂજા-અર્ચના થતી હોવા છતાં, પરંપરા મુજબ વર્ષમાં માત્ર કાળી ચૌદશના દિવસે જ આ દિવ્ય મૂર્તિનું વિશેષ કેસર પૂજન અને મહાહવન યોજાય છે. અહીં કેસર પૂજન માટે દર વર્ષે લાખો રૂપિયાનો ચઢાવો ચઢાવવામાં આવે છે.

'ૐ શ્રી ઘંટાકર્ણ મહાવીરાય નમઃ' ચમત્કારિક મહામંત્રના ૧૦૮ જાપ સાથે દોઢ લાખથી વધુ ભક્તોએ 'શ્રદ્ધાની અતૂટ ગાંઠ' વાળી

બાળકો, દર્દીઓ, વડીલોને બહાર ન નીકળવા સલાહ

અમદાવાદમાં હવાની ગુણવત્તા ગંભીર અને જોખમી સ્તરે, AQI ૩૫૦ને પાર

અમદાવાદ, રવિવાર

અમદાવાદ શહેરમાં હવાનું પ્રદૂષણ ચિંતાજનક હદે વધી રહ્યું છે. મ્યુનિ. કોર્પોરેશન, જીપીસીબી અને પોલીસ વિભાગ હવાના પ્રદૂષણને કાબૂમાં રાખવામાં નિષ્ફળ નિવડ્યાં છે. પરિણામે અમદાવાદમાં હવાની ગુણવત્તા ગંભીર અને જોખમી સ્તરે પહોંચી ગઈ છે. શહેરનો એક્યુઆઈ એક સમયે વધીને ૩૫૦ને પાર થઈ રહ્યો છે. જેના પગલે બાળકો, દર્દીઓ અને વડીલોને કામ સિવાય ઘરની બહાર ન નિકળવાની સલાહ આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાંતોએ આપી છે.

શહેરમાં રાત્રિના સમયે તો ઠીક, રવિવારે બપોરે પણ સરેરાશ એક્યુઆઈ ૧૯૫ સુધી પહોંચી ગયો

અમદાવાદમાં સતત વધતુ હવાનું પ્રદૂષણ ગંભીર ચિંતાનો વિષય બન્યું છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પ્રદૂષણ કાબૂમાં રાખવાના નામે માત્ર વાતોના વડા થઈ રહ્યા છે. કાગળ પર બતાવવા માટે ફક્ત બાંધકામ સાઈટો સામે પગલાં લેવાઈ રહ્યા છે. પરંતુ નિયમ વિરૂદ્ધ ચાલતા ઔદ્યોગિક એકમો અને પ્રદૂષણ ઓકતા વાહનો અંગે કોઈ કાર્યવાહી કરાતી નથી. આ સિવાય મ્યુનિ. તંત્ર એક



સરકારના ચાલતા બાંધકામ પ્રોજેક્ટના કારણે પણ આસપાસમાં વ્યાપકપણે પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે. સાથે સાથે હજી નવા વિકસેલા વિસ્તારોમાં કાચા અને વોલ ટુ વોલ પેવર કે આરસીસી ન હોય તેવા માર્ગો પણ પ્રદૂષણનું કારણ બન્યા છે. દિવાળીના તહેવારો સમયે જ અમદાવાદ શહેરની હવા અતિશય જોખમી બની છે. સરકારની મિનિસ્ટ્રી ઓફ અર્થ

(અનુસંધાન ૪થે પાને)

શનિવારે રાત્રે એક્યુઆઈ ૩૮૩ સુધી પહોંચ્યો

૧૦.૦૦ વાગ્યે	૨૨૮
૧૦.૩૦ વાગ્યે	૨૬૮
૧૧.૦૦	૨૯૦
૧૧.૩૦	૩૫૯
૧૨.૦૦	૩૭૩
૧૨.૩૦	૩૮૩
૦૧.૦૦	૩૪૫
૦૧.૩૧	૨૬૮
૨.૦૦	૨૪૦

અમદાવાદનો રવિવારે બપોરનો એક્યુઆઈ

એરપોર્ટ	૨૯૫
રખિયાલ	૨૭૫
રાયખડ	૨૫૫
ચાંદખેડા	૨૩૩
મણિનગર	૧૭૨
ઈસરો-સેટેલાઈટ	૧૪૨
ગ્યાસપુર	૧૧૧
ઈસરો-બોપલ	૭૪
ગાંધીનગર, સેક્ટર-૧૦	૨૧૪

(નોંધ : સરકારના અર્થ સાયન્સ વિભાગમાં નોંધાયેલા આંકડા)

દિવાળીની ઉમંગભેર ઉજવણી આજે પડતર દિવસ, કાલે નવું વર્ષ

અમદાવાદ,રવિવાર

અમદાવાદ સહિત રાજ્યભરમાં દિવાળીના પર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મુહૂર્તના સમયે ચોપડા પૂજન કર્યા બાદ લોકોએ મોડી રાત સુધી ફટાકડા ફોડ્યા હતા. આવતીકાલે પડતર દિવસ છે, મંગળવારથી વિક્રમ સંવંત ૨૦૮૧નું આશાભર્યું આગમન થશે જ્યારે બુધવારે ભાઈ બીજનું પર્વ ઉજવાશે.

બિઝનેસ હાઉસથી માંડીને નાની દૂકાનોમાં ચોપડા પૂજન કરાયું : ફૂડ કોર્ટ અને રેસ્ટોરન્ટમાં ભારે ભીડ

શહેરના નવા હોટ સ્પોટ સિંધુ ભવન, એસજી હાઈવે, રિવરફ્રન્ટ ખાતે ફટાકડા ફોડવા મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. આ ઉપરાંત આજે બિઝનેસ હાઉસથી માંડીને નાની દુકાનમાં પણ ચોપડા પૂજન કરવામાં આવ્યું હતું. બીએપીએસ સ્વામિનારાયણ મંદિર શાહીબાગ ખાતે વિદ્વાન પંડિતો દ્વારા વૈદિક મહાપૂજા અને ચોપડાપૂજન વિધિ કરાવવામાં આવી હતી.અનેક લોકોએ પરિવાર સાથે તો યુવાઓએ ફ્રેન્ડ્સ સાથે દિવાળીની દમદાર ઉજવણી કરી હતી. જેને પગલે શહેરના કેફે, ફૂડ કોર્ટ અને રેસ્ટોરન્ટમાં લોકોની ભારે ભીડ છવાઈ હતી. મોડી રાત સુધી ફટાકડા ફોડી દિવાળીની ઉજવણીનો આનંદ લૂંટવામાં આવ્યો હતો. દિવાળીના મુખ્ય પર્વ બાદ સોમવારે 'પડતર દિવસમાં પણ પરંપરાગત ઉજવણીના આયોજનો ઘડી કાઢ્યા છે.

સોમવારે હિસાબ-કિતાબ અને વ્યાપારિક કામોને વિરામ આપીને પરિવાર

(અનુસંધાન ૪થે પાને)

બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી
અશોક કાંતિલાલ પરીખ
તા. ૭-૧૧-૨૦૨૬ ને શનિવાર
ના સ્વર્ગવાસ થયેલ છે.
સદ્‌ગતનું બેસણું તા. ૯-૧૧-૨૦૨૬ ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
શ્રી સોરઠીયા બ્રહ્મક્ષત્રિય પંચની વાડી,
પુષ્પકુંજ રોડ, પ્રાણશંકરભાઈ હોલની બાજુમાં, કાંકરીયા, મણિનગર, અમદાવાદ.

તેજશ્રી અનલકુમાર પરીખ | ટ્વિંકલ વિમલકુમાર પટેલ
કાનન કૌશીકકુમાર બોસમિયા | જલ્પા ભાવિકકુમાર દેસાઈ

બેસણું

હમારે પિતાશ્રી
શા. પ્રતાપચંદજી હજારીમલજી ગાંધી
(ઉમ્ર 77 વર્ષ - પેશુઆ નિવાસી, હાલ સાબરમતી)
का निधन दि.05-11-2026 को हुआ है।
सद्‌गतके आत्म श्रेयार्थ श्री शत्रुंजय भाव यात्रा
दि.09-11-2026 सोमवार को सुबह 9 से 11 बजे रखी गई है।
स्थल : कम्युनिटी हॉल, स्मृति मंदिर के पास, साबरमती, अहमढ़ाबाद।
: शोकाकुल परिवार :
कुसुमबेन प्रतापचंदजी गांधी (धर्म पत्नी)
विपुल – वैभव (पुत्र) | पिंकी दिनेशकुमारजी जैन (पुत्री-जमाई)
आकांक्षा – तेजल (पुत्रवधु) | नीतू शशिकांतजी जैन (पुत्री-जमाई)
शुभम – आश्वी – श्वेनी – आन्या (पौत्र – पौत्री)
फर्म : श्री नाकोडा कोटन मील्स
ससुराल पक्ष : जसराजजी ताराचंदजी कोठारी (पेशुआ)

બેસના

विनोदकुमार स्व. छगनलालजी बागरेचा
का स्वर्गवास दि. 6-11-2026 शुक्रवार को हो गया है ! सद्‌गत की प्रार्थनासभा दि. 12-11-2026 गुरुवार प्रातः 9 से 11 तक रखी गई है !
स्थल : सरदार पटेल स्मारक भवन, शाहीबाग, अहमदाबाद. मो. 9825338065, 9374533488
शोकाकुल : लालचंद, कमलकुमार, ललितकुमार, राजेंद्रकुमार, विक्रमकुमार, अनिलकुमार, सुनिलकुमार, प्रदिप, तनुज, दीक्षित, करन, रेयांश - एवं समस्त बागरेचा परिवार
: ससुराल पक्ष : राजेन्द्रकुमारजी, पारसमलजी, मनोहरजी, नरेन्द्रजी, विजेंद्रजी - लुंकड परिवार
फर्म : आस्था एलईडी लाइट्स, गांधीरोड, अहमदाबाद.

બેસણું



અમારા પિતાશ્રી **સ્વ. જીતેન્દ્ર ગોવિંદલાલ મોદી**
તા. ૭-૧૧-૨૦૨૬, શનિવારના રોજ અક્ષરનિવાસી થયા છે.
સદ્‌ગતનું બેસણું તા. ૯-૧૧-૨૦૨૬, સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : ડી.કે. પટેલ હોલ, સરદાર પટેલ કોલોની, સુંદરનગર, નારણપુરા, અમદાવાદ.
રશ્મિકા જીતેન્દ્ર મોદી
પુલિન જીતેન્દ્ર મોદી | પલક ભાવિન મહેતા
દેવાંગી પુલિન મોદી | ભાવિન મહેતા
વિવાન | કલગી
ફર્મ : દલાલ કેશવલાલ સોમચંદ પરિવાર

બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી
સુશીલાબેન રમેશભાઈ મહેતા
(સ્વ.રમેશભાઈ રમણલાલ મહેતાના ધર્મપત્ની)
તા.૦૫-૧૧-૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.
સદ્‌ગતનું બેસણું તા.૦૯-૧૧-૨૦૨૬, સોમવારે સાંજે ૪-૩૦ થી ૬-૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : શ્રીમાળી બ્રાહ્મણ સુવર્ણ જયંતી હોલ, ઉન્નતિ વિદ્યાલય પાસે, I.O.C. પેટ્રોલ પંપની સામે, મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ.
નિલેશ મહેતા | શ્વેતા શાહ | નૃપેશ મહેતા
રૂપા મહેતા | ઉપેન્દ્ર શાહ | મહિમા
ધૈર્ય-ભૂમિ | વિશાલ – સેમી | આશના
કરણ | મીરા – મેથ્યુ
Firm : Specific Corporation